પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ

RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT

RAJKOT/639/2025-2027 RMS-RJT

POST AT RAJKOT-RMS DAILY

# અબતક®

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

ગ્રામ્ય આવૃત્તિ પાના: ૧૨


તા. ૩૦-૩-૨૦૨૬, સોમવાર

વર્ષ: ૧૫, અંક : ૧૯

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia


**સુવિચાર**

જીવનમાં તમને કોઈ રોકવા ટોકવાવાળું હોય તો.. આભાર માનજો કારણ કે... જે બગીચામાં માળી નથી હોતા તે બગીચા વહેલા ઉજ્જડ થઈ જાય છે...



# યુધ્ધ ઘેરૂ બનતા શેરબજારમાં કડાકો: સેન્સેક્સ ૮૫૦ પોઈન્ટ તુટ્યો

## માર્કેટની શરૂઆતમાં જ સેન્સેક્સ ૧૦૦૦ અને નિફ્ટી ૨૭૦ પોઈન્ટ ઘટયા, થોડી રિકવરી બાદ ફરી માર્કેટ નીચે જતા રોકાણકારોમાં ચિંતા

**અબતક, નવી દિલ્હી**

વૈશ્વિક બજારોમાં મચેલા હાહાકારની સીધી અસર આજે ભારતીય શેરબજાર પર જોવા મળી છે. અઠવાડિયાના પ્રથમ દિવસે જ ભારતીય શેરબજારમાં મોટી સુનામી જોવા મળી છે. વૈશ્વિક સ્તરે વધી રહેલા તણાવ અને એશિયન બજારોમાં આવેલા કડાકાને કારણે આજે શેરબજાર ખૂલતાની સાથે જ ધડાધડ નીચે પટકાયું હતું. સવારે ૧૦:૧૫ વાગ્યાની સ્થિતિએ સેન્સેક્સમાં ૮૫૦ પોઈન્ટ તો નિફ્ટીમાં ૨૪૦ પોઈન્ટ ઘટાડો જોવા મળી રહ્યો છે.



માર્કેટ ખુલતા સેન્સેક્સ ૧,૦૧૮.૦૦ પોઈન્ટ (-૧.૩૮%) ના તોતિંગ ઘટાડા સાથે ૭૨,૫૬૫.૨૨ પર ટ્રેડ કરી રહ્યો હતો. સેન્સેક્સનો અગાઉનો બંધ ૭૩,૫૮૩.૨૨ હતો, જેની સામે આજે તે ખૂબ જ નીચે ખૂલ્યો છે. નિફ્ટીમાં પણ ૨૬૯.૯૫ પોઈન્ટ (-૧.૧૮%) નો ઘટાડો જોવા મળ્યો હતો. નિફ્ટી ત્યારે ૨૨,૫૪૯.૬૫ ના સ્તર પર હતો. નિફ્ટીનો અગાઉનો બંધ ૨૨,૮૧૯.૬૦ હતો.

મિડલ ઈસ્ટમાં ઈરાન અને અમેરિકા વચ્ચે વધતા સૈન્ય સંઘર્ષને કારણે વૈશ્વિક રોકાણકારો સુરક્ષિત રોકાણ તરફ વળ્યા છે અને શેરબજારમાંથી નાણાં ખેંચી રહ્યા છે. કાચા તેલના ભાવ ૧૧૭ ડોલર પ્રતિ બેરલને પાર કરી ગયા છે. ભારત તેની જરૂરિયાતનું મોટું નિકાસ

(અનુ. આઠમા પાને)

## કુવૈતમાં પાવર અને વોટર ડિસેલિનેશન પ્લાન્ટ પર ઈરાનનો મિસાઈલ હુમલો, ભારતીય શ્રમિકનું મોત

અમેરિકા અને ઈઝરાયલ દ્વારા ઈરાન આડેધડ હુમલાઓ કરવામાં આવી રહ્યા છે. ત્યારે ઈરાન દ્વારા પણ વળતો પ્રહાર કરવામાં કોઈ કસર બાકી રાખવામાં આવી રહી નથી. ત્રણેય દેશો વચ્ચે ચાલી રહેલા યુદ્ધને એક મહિનાથી વધુ સમય થઈ ચૂક્યો છે. ત્યારે દુનિયાભરમાં અનિશ્ચિતતા ફેલાઈ ગઈ છે.પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે અમેરિકન સેન્ટ્રલ કમાન્ડ ના પ્રમુખ એડમિરલ બ્રેડ કૂપર અને ઈઝરાયેલના આઈડીએફ ચીફ એયાલ અમીર વચ્ચે એક અત્યંત મહત્ત્વની બેઠક યોજાઈ છે, જેમાં ઈરાન વિરુદ્ધ આગામી સૈન્ય વ્યૂહરચના અને તેના હથિયાર કાર્યક્રમને રોકવા પર ગંભીર ચર્ચા કરવામાં આવી હતી. અત્યાર સુધી આ યુદ્ધ માત્ર હવાઈ હુમલાઓ સુધી સીમિત હતું, પરંતુ હવે પેન્ટાગન દ્વારા ઈરાન પર કેટલાક અઠવાડિયા સુધી ચાલી શકે તેવા મોટા 'ગ્રાઉન્ડ ઓપરેશન' માટેની યોજનાઓ તૈયાર કરવામાં આવી રહી છે.

(અનુ. આઠમા પાને)

## ઈસ્લામાબાદમાં યોજાશે શાંતિ મંત્રણા, પાકિસ્તાનનો દાવો

પાકિસ્તાનના વિદેશ મંત્રી ઈશાક ડારે દાવો કર્યો હતો કે ઈસ્લામાબાદમાં અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ મંત્રણાનું આયોજન થશે. તેમાં મધ્યસ્થી કરનારા દેશો પણ હાજર રહેશે. આ યુદ્ધને કારણે લોકોના રોજગાર અને સામાન્ય જનજીવન પર ગંભીર અસર થઈ છે.

## યુધ્ધના કારણે ક્રુડ ભડકે બળ્યું, ભાવ ૧૧૭ ડોલરે પહોંચ્યાં

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલી કટોકટી વધુ ઘેરી બની છે. ઈરાન યુદ્ધમાં હવે યમનના હૂતી વિદ્રોહીઓ પણ કૂદી પડ્યા છે અને તેમણે ઈઝરાયેલના વ્યૂહાત્મક સ્થળો પર મિસાઈલો તથા ડ્રોનથી હુમલા કર્યા છે. આ સંઘર્ષ લાલ સમુદ્ર સુધી ફેલાવાની અને અમેરિકા દ્વારા ગ્રાઉન્ડ ટ્રુપ્સ મોકલવાની ભીતિ વચ્ચે ક્રૂડ ઓઈલના ભાવમાં મોટો ઉછાળો આવ્યો છે. બ્રેન્ટ ક્રૂડ ૩ ટકાથી વધુ ઉછળીને ૧૧૭ ડોલર પ્રતિ બેરલની નજીક પહોંચી ગયું છે. સાઉદી અરેબિયાએ પણ સાવચેતીના પગલારૂપે હોર્મુઝની સામુદ્રધુની ટાળીને પોતાના ઓઈલ નિકાસનો રૂટ બદલ્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પે પણ એક ઈન્ટરવ્યુમાં ઈરાનના મહત્વના ઓઈલ ટર્મિનલ 'ખાર્ગ આઈલેન્ડ' પર કબજો કરવાની વાત કરતા વૈશ્વિક સ્તરે માહોલ વધુ તંગ બન્યો છે. યુદ્ધ વકરવા અને ક્રૂડના ભાવ આસમાને પહોંચવાના કારણે વૈશ્વિક અર્થતંત્ર પર મોંઘવારીનું જોખમ તોળાઈ રહ્યું છે, જેના પગલે દુનિયાભરના શેરબજારોમાં ભારે ગભરાટ જોવા મળી રહ્યો છે. અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાનના ન્યુક્લિયર સ્થળો પર કરાયેલા હુમલા બાદ વોલ સ્ટ્રીટમાં મોટો કડાકો બોલ્યો હતો,

(અનુ. આઠમા પાને)

## ઈઝરાયેલના કેમિકલ પ્લાન્ટ ઉપર હુમલો: ઝેરી ગેસ લિકેજનું જોખમ

ઈરાને દક્ષિણ ઈઝરાયલમાં એક કેમિકલ પ્લાન્ટ પર મિસાઈલ હુમલો કર્યો હતો, જેના કારણે પ્લાન્ટમાં ભારે આગ લાગી હતી. આ વિસ્તારમાં ઝેરી ગેસ લીકેજ થવાનું જોખમ ઊભું થયું છે. એક વ્યક્તિ ઘાયલ પણ થયો હતો. આ હુમલો બીર શેવા શહેરથી લગભગ ૯ કિલોમીટર દૂર આવેલા નિયોટ હોવાવ ઔદ્યોગિક ક્ષેત્રમાં થયો હતો. આ હુમલા બાદ, અધિકારીઓએ આસપાસના રહેવાસીઓને ઘરની અંદર રહેવા અને પ્લાન્ટમાં જોખમી રસાયણો હોવાને કારણે બારીઓ બંધ રાખવાની સલાહ આપી હતી.



## ૬ એપ્રિલ સુધીમાં ઈરાન શરતો નહિ માને તો તેનું ક્રુડનો વ્યવસાય છીનવી લેશું: ટ્રમ્પ

ટ્રમ્પે સંકેત આપ્યો છે કે અમેરિકા ઈરાનના સૌથી મહત્વપૂર્ણ તેલ નિકાસ કેન્દ્ર, ખાર્ગ ટાપુ પર કબજો કરી શકે છે. ઈરાનનું લગભગ તમામ ક્રૂડ તેલ આ ટાપુ દ્વારા વિશ્વમાં વહે છે. એક મુલાકાતમાં, યુએસ રાષ્ટ્રપતિએ કહ્યું, "ઈરાન પાસે આ ટાપુ પર કોઈ સંરક્ષણ નથી; આપણે તેને ખૂબ જ સરળતાથી લઈ શકીએ છીએ." ટ્રમ્પે માત્ર ધમકીઓ જ આપી નહીં પણ એક સમયમર્યાદા પણ નક્કી કરી. તેમણે ઈરાનને ૬ એપ્રિલ સુધીનો સમય આપ્યો. તેમણે કહ્યું, "જો ઈરાન આ તારીખ સુધીમાં કરારની શરતોનું પાલન નહીં કરે, તો અમેરિકા તેના ઉર્જા માળખા (તેલ સ્થાપનો) પર સીધો હુમલો કરશે." ટ્રમ્પે દાવો કર્યો કે અમેરિકાએ અત્યાર સુધીમાં ૧૩,૦૦૦ ઈરાની લક્ષ્યો પર બોમ્બમારો

(અનુ. આઠમા પાને)

# તૈયાર રહેજો... મોબાઈલ, ટીવી, એસી સહિતના ઉપકરણો મોંઘા થશે

## યુધ્ધને લીધે વધેલા ખર્ચ અને નબળા રૂપિયાના કારણે આગામી મહિને ફરી આવી રહ્યો છે ભાવ વધારો



**અબતક, નવી દિલ્હી**

એન્ટ્રી-લેવલના ટેલિવિઝન અને સ્માર્ટફોનની કિંમતો વધીને ૬ થી ૮ વર્ષ જૂના સ્તરે પહોંચી ગઈ છે, જેનાથી ટેકનોલોજીની કિંમતોમાં થતા ઘટાડાનો ઐતિહાસિક ટ્રેન્ડ બદલાઈ ગયો છે. મેન્યુફેક્ચરિંગ કંપનીઓનું કહેવું છે કે કાચા માલના વધતા ભાવ અને નબળા રૂપિયાના કારણે તેઓ હવે ગ્રાહકો માટે ભાવવધારો રોકી શકે તેમ નથી. આગામી મહિનાથી એન્ટ્રી-લેવલના એસી, ફ્રીજ અને વોશિંગ મશીનના ભાવ પણ નવી ટોચ પર પહોંચવાની શક્યતા છે, જેનાથી માંગ પર અસર પડી શકે છે.

ગોદરેજ એન્ટરપ્રાઈઝના એપ્લાયન્સીસ બિઝનેસ હેડ કમલ નંદીએ જણાવ્યું હતું કે, "કિંમતો રેકોર્ડ હાઈ પર પહોંચી રહી છે. એવી ચિંતા છે કે જો આકરો ઉનાળો વેચાણમાં વધારો નહીં કરે, તો એન્ટ્રી-લેવલ સેગમેન્ટમાં માંગ નબળી પડી શકે છે." ઈન્ડસ્ટ્રીના અધિકારીઓના જણાવ્યા અનુસાર, દિવાળી આસપાસ રૂ. ૧૦,૦૦૦ થી ઓછામાં મળતા એન્ટ્રી-લેવલ ૫જી સ્માર્ટફોન હવે રૂ. ૧૩,૦૦૦ થી ૧૪,૦૦૦ના થઈ ગયા છે અને આગામી ક્વાર્ટરમાં તે રૂ. ૧૭,૦૦૦ થી ૧૮,૦૦૦ને પાર કરી જવાની ધારણા છે, જે નાણાકીય વર્ષ ૨૦૨૧ના સ્તર પર પાછા ફર્યા સમાન છે. કેટલીક બ્રાન્ડ્સે તો વેપારીઓને એવો પણ સંકેત આપ્યો છે કે આગામી ૨-૩ મહિનામાં કિંમતો રૂ. ૨૦,૦૦૦ ની આસપાસ પહોંચી શકે છે.

ટીવી અને એસીની વાત કરીએ તો, ગયા વર્ષે રૂ. ૬,૫૦૦ માં મળતું ૩૨-ઈંચનું સ્માર્ટ ટીવી હવે રૂ. ૮,૫૦૦ માં વેચાય છે અને મે મહિના સુધીમાં તે રૂ. ૧૦,૦૦૦ ને આંબી શકે છે. તેવી જ રીતે ગત ઉનાળામાં રૂ. ૩૨,૦૦૦ થી ૩૪,૦૦૦ માં મળતું ૩-સ્ટાર ૧.૫-ટન એસી એપ્રિલથી રૂ. ૩૭,૦૦૦ થી ૪૦,૦૦૦ માં મળશે.

સામાન્ય રીતે, ઉત્પાદન વધતા અને ખર્ચ ઘટતા એન્ટ્રી-લેવલના ઈલેક્ટ્રોનિક્સના ભાવમાં ઘટાડો થતો હોય છે. પરંતુ છેલ્લા ૫-૬ મહિનામાં મેમરી ચિપના ભાવમાં સતત વધારો, અખાતી દેશોના યુદ્ધને કારણે વધેલો ખર્ચ અને નબળા રૂપિયાએ આ ટ્રેન્ડને ઉલટાવી દીધો છે. નવેમ્બર-ડિસેમ્બર મહિનાથી સ્માર્ટફોન અને ટેલિવિઝનના ભાવ દર ૩૦-૬૦ દિવસે વધી રહ્યા છે.

૧,૫૦,૦૦૦ થી વધુ રિટેલર્સનું પ્રતિનિધિત્વ કરતા ઓલ ઈન્ડિયા મોબાઈલ રિટેલર્સ એસોસિએશનના ફાઉન્ડર ચેરમેન કૈલાશ લાખ્યાનીએ જણાવ્યું હતું કે વીવો, ઓપ્પો, સેમસંગ અને શાઓમી જેવી બ્રાન્ડ્સે




પસંદગીના સ્માર્ટફોન પર ૧૦% સુધીના નવા ભાવ વધારાનો સંકેત આપ્યો છે. વીવો અને સેમસંગના કેટલાક નવા મોડલ જૂના મોડલ જેવા જ ફિચર્સ ધરાવતા હોવા છતાં તેની કિંમત ૩૬% સુધી વધુ છે. સામાન્ય રીતે જોવા મળતા ક્વાર્ટરલી પ્રાઈસ કટ, ડિસ્કાઉન્ટ અને કેશબેક ઓફર્સ પણ હવે ગાયબ છે, જેનાથી ગ્રાહકોનો ખર્ચ વધુ ૧૦% વધ્યો છે.

આ ભાવવધારાને કારણે ગ્રાહકો હવે સેકન્ડ-હેન્ડ કે રિફર્બિશ્ડ ફોન ખરીદવા તરફ વળી રહ્યા છે અથવા તો નવી ખરીદી ટાળી રહ્યા છે. માંગને ટેકો આપવા માટે રિટેલર્સ એસોસિએશન રૂ. ૨૦,૦૦૦ સુધીના સ્માર્ટફોન પરનો જીએસટી ૧૮% થી ઘટાડીને ૫% કરવા માટે સરકાર સમક્ષ ફરીથી રજૂઆત કરવાનું આયોજન કરી રહ્યું છે.

# વિશ્વભરમાં પેટ્રોલ-ડીઝલનું સંકટ, ભારત મજબૂત સ્થિતિમાં: વડાપ્રધાન

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના મન કી બાત રેડિયો એપિસોડમાં મધ્ય પૂર્વના સંઘર્ષ અંગે ચિંતા વ્યક્ત કરી



**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના મન કી બાત રેડિયો એપિસોડમાં મધ્ય પૂર્વના સંઘર્ષ અંગે ચિંતા વ્યક્ત કરી જણાવ્યું હતું કે એનર્જીનો સપ્લાય કરતાં પ્રદેશોમાં સંઘર્ષને કારણે વિશ્વભરમાં પેટ્રોલ અને ડીઝલનું સંકટ ઊભું થઈ રહ્યું છે. જોકે ભારત તેના વૈશ્વિક સંબંધો, વિવિધ દેશો તરફથી મળેલી સહાય અને છેલ્લા દાયકામાં દેશે બનાવેલી ક્ષમતાને કારણે આ પડકારોનો દ્રઢતાથી સામનો કરી રહ્યું છે. મોદીએ જણાવ્યું હતું કે આ માર્ચ મહિનો વૈશ્વિક સ્તરે ઘટનાઓથી પ્રચૂર રહ્યો છે. ભૂતકાળમાં કોવિડને કારણે સમગ્ર વિશ્વે લાંબા સમય સુધી અસંખ્ય સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો. આપણને આશા હતી કે કોવિડ કટોકટીમાંથી બહાર આવ્યા પછી વિશ્વ નવી શરૂઆત સાથે પ્રગતિના માર્ગ પર આગળ વધશે, પરંતુ વિશ્વના વિવિધ પ્રદેશોમાં, યુદ્ધ અને સંઘર્ષની પરિસ્થિતિઓ ઉભરી રહી છે.અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું હતું કે હાલમાં આપણા પડોશમાં છેલ્લા એક મહિનાથી ભયંકર યુદ્ધ ચાલી રહ્યું છે. લાખો પરિવારોના સંબંધીઓ આ દેશોમાં રહે છે, ખાસ કરીને ગલ્ફ પ્રદેશોમાં કામ કરે છે. હું ગલ્ફ દેશોનો ખૂબ આભારી છું કે તેમણે ત્યાં રહેતા ૧ કરોડથી વધુ ભારતીયોને દરેક પ્રકારની સહાય પૂરી પાડી છે. જે પ્રદેશમાં યુદ્ધ ચાલી રહ્યું છે તે આપણી ઉર્જા જરૂરિયાતોનું

(અનુ. આઠમા પાને)

# ચાઈનીઝ સીસીટીવી કેમેરાના વેચાણ પર પ્રતિબંધ

## ૧ એપ્રિલથી નિયમ લાગુ: અનેક ખ્યાતનામ ચીની બ્રાન્ડસ ભારતીય માર્કેટમાંથી બહાર ફેંકાશે

**અબતક, નવી દિલ્હી**

ભારતમાં ૧ એપ્રિલથી નવા સર્ટિફિકેશન નિયમો લાગુ થવા જઈ રહ્યા છે, જેના કારણે ચીની વિડીયો સર્વેલન્સ કંપનીઓ ભારતમાં ઈન્ટરનેટ કનેક્ટેડ સીસીટીવી કેમેરા અને અન્ય પ્રોડક્ટ્સ વેચી શકશે નહીં. ઈન્ડસ્ટ્રીના એક્ઝિક્યુટિવ્સના જણાવ્યા અનુસાર, સરકાર આ ચીની કંપનીઓ અને ચીની ચિપસેટનો ઉપયોગ કરતા ઉત્પાદનોને સર્ટિફિકેટ આપવાનો સ્પષ્ટ ઈનકાર કરી રહી છે, જેનાથી તેમના માટે ભારતીય માર્કેટના દરવાજા બંધ થઈ ગયા છે.



ગયા વર્ષ સુધી ભારતમાં કુલ સીસીટીવી વેચાણમાં ચીની બ્રાન્ડ્સનો હિસ્સો ત્રીજા ભાગનો હતો. પરંતુ હવે આ માર્કેટમાં સીપી પ્લસ, ક્યૂબો, પ્રામા, મેટ્રિક્સ અને સ્પર્શ જેવી સ્વદેશી બ્રાન્ડ્સનો દબદબો જોવા મળી રહ્યો છે. આ ભારતીય કંપનીઓએ તેમની સપ્લાય ચેનમાં ફેરફાર કરીને તાઈવાની ચિપસેટ અને લોકલાઈઝ્ડ ફર્મવેરનો ઉપયોગ શરૂ કર્યો છે. કાઉન્ટરપોઈન્ટ રિસર્ચ

(અનુ. આઠમા પાને)

# ઉર્જા સંકટ વચ્ચે હવે પેટ્રોલ પંપ પરથી પણ કેરોસીન મળશે

## લોકોને રસોઈ અને ઉજાસ માટે અગવડતા ન રહે તે માટે નિર્ણય

**અબતક, રાજકોટ**

હોર્મુઝ સંકટ અને વૈશ્વિક ઊર્જા પુરવઠામાં આવેલા અવરોધો વચ્ચે ભારત સરકારે એક મહત્વનો નિર્ણય લીધો છે. સરકારે કેરોસીન એટલે કે ઘાસલેટનો સપ્લાય સરળ બનાવવા માટે નિયમોમાં છૂટછાટ આપી છે. આનો હેતુ એ છે કે જે વિસ્તારોમાં ગેસ કે વીજળીની અછત છે, ત્યાં લોકોને રસોઈ બનાવવા અને પ્રકાશ માટે તાત્કાલિક કેરોસીન મળી રહે.સરકારે જણાવ્યું કે પેટ્રોલિયમ સુરક્ષા અને લાયસન્સ સંબંધિત નિયમોમાં કામચલાઉ ધોરણે છૂટછાટ આપવામાં આવી છે. આનાથી ૨૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં જરૂરિયાત મુજબ કેરોસીનનો પુરવઠો પૂરો પાડવામાં આવશે. ઈરાન યુદ્ધના કારણે વિશ્વભરમાં ઊર્જા પુરવઠો પ્રભાવિત

(અનુ. આઠમા પાને)





### એમએસએમઈ ક્ષેત્ર માટે લાભ જાહેર કરાશે વિશેષ લાભ

# યુદ્ધની અસર ખાળવા ઉદ્યોગો માટે સરકાર રાહત પેકેજ જાહેર કરે તેવી શકયતા

## ક્રૂડના વધતા ભાવ અને નિકાસકારોની મુશ્કેલીઓ વચ્ચે અર્થતંત્રને ટેકો આપવા સરકારની તૈયારી

**અબતક, નવી દિલ્હી**

પશ્ચિમ એશિયામાં અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધની સ્થિતિ વધુ લંબાય તો સરકાર અર્થતંત્રના નબળા ક્ષેત્રો, ખાસ કરીને એમએસએમઈ સેક્ટર માટે વધુ રાહત પેકેજની જાહેરાત કરી શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સ્થાનિક બજારમાં મોંઘવારી નિયંત્રણમાં રાખવા અને ઉદ્યોગોને ટકાવી રાખવા માટે સરકાર આ પગલું ભરવા વિચારી રહી છે. અર્થતંત્રને આ કટોકટીની નકારાત્મક અસરોથી બચાવવા માટે સરકાર જરૂર પડ્યે વધુ કડક અને રાહતરૂપ નિર્ણયો લેતા જરા પણ અચકાશે નહીં.



વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલના ભાવમાં થયેલા તોતિંગ વધારાની અસર સામાન્ય ગ્રાહકો પર ન પડે તે માટે સરકારે તાજેતરમાં પેટ્રોલ પરની એક્સાઈઝ ડ્યુટી ઘટાડીને ૩ રૂપિયા પ્રતિ લિટર કરી દીધી છે અને ડીઝલને ડ્યુટી મુક્ત કર્યું છે. ૨૮ ફેબ્રુઆરીના રોજ યુદ્ધ શરૂ થયા બાદ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડના ભાવ ૫૦ ટકા જેટલા વધી ગયા હતા અને એક સમયે તે ૧૧૯ ડોલર પ્રતિ બેરલને પાર કરી ગયા હતા, જે હાલ ૧૦૦ ડોલર આસપાસ છે. સ્થાનિક બજારમાં ઈંધણની ઉપલબ્ધતા જળવાઈ રહે તે માટે સરકારે ડીઝલ અને એટીએફની નિકાસ પર ફરીથી ડ્યુટી લાદી દીધી છે.

યુદ્ધના કારણે દરિયાઈ માર્ગે થતા વેપારમાં ભારે મુશ્કેલીઓ પડી રહી હોવાથી સરકારે નિકાસકારોને પણ મોટી રાહત આપી છે. માલભાડામાં થયેલો વધારો અને

(અનુ. આઠમા પાને)

પૃથ્વીના 'નેનો' રાષ્ટ્રો

# સીમાઓ નાની, પણ સપનાઓ મોટા: પૃથ્વીના 'પોકેટ સાઈઝ' દેશોની સફર

## વિશ્વના સૌથી નાના દેશોની ટોપ ફાઈવની યાદીમાં વેટિકન સિટી, મોનાકો, નૌરૂ, તુવાલું અને સાનમેરિનો સામેલ છે: સાનમેરિનો દેશ વિશ્વનો સૌથી જુનો દેશ પણ ગણાય છે: વિશ્વનો સૌથી ટચુકડો દેશ વેટિકન સિટી છે, જેની વસ્તી માત્ર ૮૨૫ છે

નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

તમને જાણીને નવાઈ લાગશે કે વિશ્વનો સૌથી ટચુકડો દેશ જેની વસ્તી માત્ર ૮૨૫ છે. જેમ વસ્તી ઓછી તેમ પ્રજા સુખી ગણાય, યોજનાઓ પણ સારી રીતે અમલ થઈ શકે. આપણો દેશ વિશ્વનો સૌથી વધુ વસતી ધરાવતો મોટો દેશ છે. વિશ્વમાં કેટલાક દેશો એવા છે જે વિસ્તાર અને વસ્તી બંનેમાં ખૂબ નાનકડા છે, પરંતુ તેમની ઓળખ અને મહત્વ ખૂબ વિશાળ છે. અહીં એવા થોડા સૌથી નાનકડા દેશોની ટૂંકમાં માહિતી આપવામાં આવી છે. દુનિયાનો સૌથી ટચુકડો દેશ વેટિકન સિટી છે, જેની વસ્તી માત્ર ૮૦૦ જેટલી છે, જેનો વિસ્તાર માત્ર ૦.૪૪ ચોરસ કિમી છે. વિશ્વના આ નાનકડા દેશો કદમાં ભલે નાના હોય, પરંતુ તેમની સંસ્કૃતિ, ઈતિહાસ અને વૈશ્વિક મહત્વ ખૂબ જ વિશાળ છે. વિશ્વમાં કેટલાક ખૂબ નાના ટાપુઓ અથવા સંશોધન કેન્દ્રો જેમ કે એન્ટાર્કટિકા વિસ્તારમાં એવા હોય છે, જ્યાં સમય પ્રમાણે ૧૦૦થી ઓછા લોકો રહેતા હોય છે, પરંતુ તેઓ સ્વતંત્ર દેશ ગણાતા નથી. વેટિકન સિટીથી મોનાકો દેશ દુનિયાના લઘુતમ ભૌગોલિક એકમો છે.વિશ્વના અણમોલ રત્નો જેવા દેશ પૂરો થતા માત્ર થોડી મિનિટો જ લાગે છે. નકશામાં ટપકાં જેવડા દેખાતા આ દેશો સંસ્કૃતિના દરિયા જેવા છે. ટાપુઓ પર વસેલા નાનકડા દેશો અને તેમનું આર્થિક મહત્વ પણ રોચક છે. આજના લેખમાં વિશ્વના સૌથી નાના ટચુકડા દેશોની વાત કરવી છે. પૃથ્વીના ગોળામાં સાવ નાના બિંદુ જેવા દેશોએ તમામ મૂશ્કેલીઓ વચ્ચે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખ્યું છે. આપણે મોટાભાગે દેશને એક વિશાળ વિસ્તાર તરીકે જોતા હોય છે, પણ દુનિયામાં એવા ઘણા દેશો છે, જેનો વિસ્તાર ઘણો મોટો છે, પણ વસતી માત્ર ત્રણ-ચાર આંકડામાં જોવા મળે છે.આપણે વિશ્વના સૌથી વધુ વસ્તી ધરાવતા ચીન પાસેથી નંબર વનનો ખિતાબ છીનવી લઈને આપણે નંબર વન વસ્તી વિસ્ફોટનો દેશ બની ગયા છીએ.વસ્તી વધારાને કારણે ઘણી સમસ્યાઓ સાથે માનવ સંશાધનનો યોગ્ય ઉપયોગ લાભકારી પરિણામો પણ લાવે છે. શિક્ષણ અને આરોગ્ય કોઈપણ દેશ માટે પાયાની જરૂરીયાત હોવાથી આ પરત્વેની સફળતા દેશને કંઈક વિશિષ્ટતા જોવા મળે છે. વિશ્વના સૌથી નાના દેશોમાં પ્રથમ ક્રમે વેટિકન સીટી આવે છે, જેની વસ્તી માત્ર ૮૨૫ છે. ટોપ ફાઈવની યાદીમાં મોનાકો, નૌરૂ, તુવાલું અને સાન મેરીનોનો સમાવેશ થાય છે. પાંચમાં સ્થાને આવે સાન મેરીનો વિશ્વનો સૌથી જુનો ગણતંત્ર દેશ પણ ગણાય છે. આની સામે વિશ્વના સૌથી મોટા દેશો તેના વિસ્તારની દ્રષ્ટિએ પણ જોવા મળે છે. જેમાં રશિયા, કેનેડા, ચીન, યુ.એસ, બ્રાઝિલ,ઓસ્ટ્રેલિયા, ભારત, આર્જેન્ટિના, કઝાકિસ્તાન અને અલ્જેરિયા જેવા દેશો ટોપ ૧૦ માં સ્થાન ધરાવે છે. વિશ્વના અમુક દેશોમાં વસતી વધારવા પ્રોત્સાહન અપાય છે. નાના-મોટાદેશોની વાતમાં નાના દેશોનાં ટોપ ૧૦૦ નાં લિસ્ટમાં કેટલાક જાણીતા દેશોના નામ છે, જે પૈકી માલદિવ, માલ્ટા, બાર્બાડોઝ, સિંગાપુર, બહેરીન, મોરેશિયસ, સાયપ્રસ, જમૈકા, કુવૈત, ફીજી, ઈઝરાયેલ, હૈતી, બેલ્જિયમ, ભુતાન, સ્વિટઝર્લેન્ડ,



નેધરલેન્ડ, ડેનમાર્ક, શ્રીલંકા, આયર્લેન્ડ, પનામા સંયુકત આરબ અમિરાત, જોર્ડન, પોર્ટુગલ, હંગેરી, દક્ષિણ કોરીયા, ક્યુબા, ગ્રીસ, ઉત્તર કોરીયા અને બલ્ગેરીયા જેવા જાણીતા નામ વાળા દેશોનો સમાવેશ થાય છે. જેમ વસ્તી ઓછી તેમ ત્યાંની પ્રજા સુખી હોય તે સ્વાભાવિક વાત છે. વિશ્વનો સૌથી નાના દેશની વસ્તી માત્ર ૨૭ લોકોની છે, સિલેન્ડ દેશનું ક્ષેત્રફળ દૂરથી ટેનીસ કોર્ટ જેવું લાગે છે. સરફેશ ચેરીયા માત્ર છ હજાર ફૂટ છે. બીજા વિશ્વ યુધ્ધ દરમ્યાન ૧૯૬૭માં રોય બેટસે જગ્યા પર કબજો મેળવી પોતાના માણસો સાથે રહેવા આવેલ હતો. આ દેશની ટપાલ ટીકીટ, પાસપોર્ટ અને કરન્સી પણ બહાર પાડેલ છે. આ દેશની આજીવિકાના સાધનો ન હોવાથી બ્રિટન જેવા દેશોની મદદથી જીવે છે.

**વેટિકન સિટી:** દુનિયાનો સૌથી નાનો દેશ છે,જેનું ક્ષેત્રફળ ૦.૪૪ ચોર કિ.મી. છે. અહીની વસ્તી માત્ર ૮૨૫ છે જોકે દિવસ દરમ્યાન કામ કરવા આવતા એક હજાર લોકો છે. શાનદાર ઈમારતોથી સજજ અહિં ખ્રીસ્તી પાદરીઓ વધુ રહે છે.

**મોનાકો:** દુનિયાનું બીજા નંબરનું સૌથી નાનુ રાષ્ટ્ર છે. છેલ્લા બે દશકાથી સતત સમુદ્ર લહેરોને કારણે તેનું ક્ષેત્રફળ સતત ઘટતા હવે માત્ર ૨.૦૨ ચો.કિ.મી. રહ્યું છે. આ દેશ પર્યટનની દ્રષ્ટિએ સર્વશ્રેષ્ઠ મનાય છે. આ દેશની સ્થાપના ૧૨૯૭માં કરવામાં આવી હતી. અહિં આવાસનીય ઉચ્ચ માંગને કારણે વિશ્વનો સૌથી મોંઘા દેશોમાં ગણના થાય છે.

**નૌરૂ:** અગાઉ પ્લેજન્ટ આઈલેન્ડ તરીકે આ જાણીતો દેશ સૌથી નાના ટાપુ રાષ્ટ્ર તરીકે જાણીતો છે. આખા દેશમાં માત્ર બે જ હોટલ છે.અહિં બહુ ઓછા લોકો આવતા હોય છે. ૧૯૭૦-૮૦ના દાયકામાં તેની ફોરેસ્ટ ખાણોને કારણે વિશ્વના બીજા ક્રમની જી.ડી.પી. ધરાવતો હતો. ૧૯૬૮માં સ્થાપાયેલ આ દેશ કોમનવેલ્થમાં આવતો હોવાથી રાણી એલિઝાબેથે ૧૯૮૨ના પ્રવાસ દરમ્યાન મુલાકાત લીધી હતી.

**તુવાલું:** અગાઉ એલિસ ટાપુથી ઓળખાતો આદેશની સ્થાપના ૧૯૭૮માં થઈ હતી, હવાઈ અને ઓસ્ટ્રેલિયા વચ્ચે આવલો આ દેશમા નવ ટાપુ છે. દર વર્ષે બે હજાર લોકો મુલાકાતે આવે છે.ગ્લોબલ વોર્મિંગને કારણે દરિયાઈ સપાટી વધવાથી આ દેશ ઉપર ડુબી જવાનું જોખમ છે. બાજુમાં આવેલા ફિજી અને ન્યુઝિલેન્ડમાં વસ્તીને લઈ જવાની વાટાઘાટો ચાલે છે.

**સાનમેરિનો:** આ એક માઈક્રોસ્ટેટ છે, જે ઈટાલીમાં બંધાયેલું છે. ૩૦૧ સી.ઈ.માં સ્થાપાયેલ આ દેશ વિશ્વના સૌથી નાના દેશ સાથે વિશ્વનો સૌથી જુના દેશ પણ છે. વિશ્વના ત્રણ દેશો પૈકી એક આ દેશ છે, જે બીજા દેશો દ્વારા બંધાયેલ છે. નાનકડો દેશ હોવા છતાં જીવનની ઉચ્ચ કવોલીટી વાળી લાઈફ ધરાવે છે.

### દુનિયાનો સૌથી નાનો પ્રદેશ, જયાં રહે છે માત્ર ૨૭ લોકો !!

ગુજરાતના નાનકડા ગામડા કરતા પણ નાના વિશ્વનાં દેશોમાં એક સીલેન્ડ દેશ છે, જેની વસ્તી માત્ર ૨૭ લોકોની છે. ઈગ્લેન્ડના સફોલ્ક દરિયા કિનારાથી ૧૦ કિ.મી. દૂર આ દેશ ખંઢેર થઈ ગયેલા સમુદ્રી કિલ્લા પર વસેલો છે. આ દેશને બીજા વિશ્વ યુધ્ધ દરમ્યાન બ્રિટેને બનાવેલ હતો.૧૯૬૭માં રોય બેટ્સ નામના મેજરે કબજો મેળવીને પોતાના માણસો સાથે રહેવા આવ્યો હતો. ૨૦૧૨માં તેણે ખુદ દેશના પ્રિન્સ જાહેર કર્યા હતા. આ દેશની ઈકોનોમી ડોનેશન પર નિર્ભર છે. ટેનીસ કોર્ટ જેવડો વિસ્તાર ધરાવતો દેશ ઈન્ટરનેટના માધ્યમથી વૈશ્વિક સ્તરે જાણીતો થયો અને અહિંના લોકોને આર્થિક મદદ મળવા લાગી હતી.

**વિશ્વના આ નાનકડા દેશો કદમાં ભલે નાના હોય, પરંતુ તેમની સંસ્કૃતિ, ઈતિહાસ અને વૈશ્વિક મહત્વ ખૂબ જ વિશાળ છે: દુનિયામાં એવા ઘણા દેશો છે જેનો વિસ્તાર ઘણો મોટો છે, પણ વસતી માત્ર ત્રણ-ચાર આંકડામાં જોવા મળે છે**

# અમરેલીની વિદ્યાસભા સંકુલમાં વિદ્યાર્થીઓની ટેકનોલોજીમાં રૂચિ વધારવા નવતર પ્રયોગ

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**



અમરેલીમાં આવેલી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ-વિદ્યાસભા સ્કૂલ ખાતે વિદ્યાર્થીઓમાં નવી ટેક્નોલોજી પ્રત્યે જાગૃતિ વધે અને અભ્યાસ પ્રત્યે રસ ઉભો થાય તે હેતુસર આધુનિક વીઆર થ્રીડી શોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓમાં નવીન ટેક્નોલોજી પ્રત્યે વિશેષ ઉત્સાહ અને ઉત્સુકતા જોવા મળી હતી.

વિદ્યાર્થીઓએ વૈજ્ઞાનિક પ્રયોગો, અવકાશયાત્રા, જળચર પ્રાણીઓની દુનિયા, પ્રાચીન ઈતિહાસ તેમજ પ્રકૃતિના અદભૂત દ્રશ્યોનો સજીવ અનુભવ કર્યો હતો. આ પ્રસંગે કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ જણાવ્યું હતું કે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા દ્વારા કલ્પાયેલ સર્વાંગી શિક્ષણના સ્વપનને સાકાર કરવા માટે આવા આધુનિક અને ટેક્નોલોજી આધારિત કાર્યક્રમો મહત્વપૂર્ણ સાબિત થાય છે. વિદ્યાર્થીઓમાં નવીનતા, સર્જનાત્મકતા અને શીખવાની ઉત્સુકતા વધારવામાં આવા પ્રયાસો મહત્વની ભૂમિકા ભજવે છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સ્કૂલ મેનેજમેન્ટ અને સ્ટાફે મહત્વપૂર્ણ જવાબદારી ઉઠાવી હતી. સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મેનેજિંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ તમામ લોકોની કામગીરીને બિરદાવી હતી.

# વડિયાના ખડખડ ગામે ભાજપની ટિફીન બેઠક યોજાઈ

**અબતક, માહિર સુમરા, વડિયા**



અમરેલી જિલ્લાના વડીયા તાલુકાના ખડખડ ગામે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો 'મનકી બાત' કાર્યક્રમ સાંભળવાનો તથા ટિફિન મિટીંગનો કાર્યક્રમ રાખેલ કાર્યકર્તાઓ, હોદ્દેદારો, ચુંટાયેલા સભ્યો બધા પોતાના ટીફિન સાથે જોડાયા હતા. વડીયા મંડળના ભારતીય જનતા પાર્ટીના પ્રભારી ધર્મેશ વિસાવલીયા અમરેલી ભાજપ અગ્રણી મુકુન્દ મહેતા તાલુકા ભાજપ પ્રમુખ વિપુલ વસાણી તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષ ઠુંમર માર્કેટિંગ યાર્ડ ચેરમેન ગોપાલ અંટાળા યુવા ભાજપ અનિરૂદ્ધ બોરીચા માર્ગદર્શન અપાયું હતું.

ઐતિહાસિક ધરોહર દરબારગઢ ખાતે...

# રાજકોટ જિલ્લા રાજપૂત સમાજની બેઠક યોજાઈ

## વર્તમાન અને ભવિષ્યના પ્રશ્નોનો મજબૂત સંકલ્પ સાથે ઉત્તરદાયિત્વ નિભાવાશે

**અબતક, રાજકોટ**



રાજકોટ શહેરની ઐતિહાસિક ધરોહર સમા જુના દરબારગઢ ખાતે રાજકોટ જિલ્લા રાજપૂત સમાજના ટ્રસ્ટીઓની પારિવારિક અને ભાવનાત્મક માહોલમાં બેઠક યોજાઈ ગઈ જેમાં વર્તમાન અને ભવિષ્યના મુદ્દાને ધ્યાને લઈ વિવિધ પ્રશ્નોની છણાવટ કરી સકારાત્મક અને હકારાત્મક અભિગમ સાથે સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવવાની રૂપરેખા ઘડી કાઢવામાં આવશે વધુ વિગત મુજબ રાજકોટ જિલ્લા રાજપૂત સમાજ ના ટ્રસ્ટીઓની અગત્યની મીટીંગ રાજકોટના જુના દરબારગઢ ખાતે મળી હતી. જેમાં, સંસ્થાના મહામંત્રી હરદેવસિંહ જાડેજાએ મીટીંગના એજન્ડા રજૂ કર્યો હતા. સર્વપ્રથમ અવસાન પામેલા બે ટ્રસ્ટીઓ માટે બે મિનિટ નું મૌન પાડવામાં આવ્યું હતું. ત્યારબાદ આવનારા વર્ષમાં સંસ્થા દ્વારા સમાજ સેવાના કયા કયા કાર્યો થઈ શકે તેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી આ બાબત ઉપસ્થિત સર્વે ટ્રસ્ટીઓએ પોતાના વિચારો રજૂ કર્યા હતા. આ બેઠકમાં સંસ્થાના માર્ગદર્શક શકિતસિંહ જાડેજા (કોટડા નાયાણી)એ સમાજ સેવાના અનુભવ ના આધારે કયા કયા સેવા કાર્યો સંસ્થા દ્વારા કરી શકાય તેવા ઉમદા વિચારો રજૂ કર્યા હતા. રાજકોટ જિલ્લા રાજપૂત સમાજ રાજકોટ અને ગુજરાત ભરમાં ક્ષત્રિય સમાજ માટે કામ કરતી અન્ય સંસ્થાઓ સાથે સંકલન કરી સમાજ સેવાના કામોને વધારે માં વધારે મજબૂત કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે. આ બેઠકમાં સંસ્થાના ટ્રસ્ટી અને રાજકોટના યુવરાજ સાહેબ જયદીપસિંહજી જાડેજા (રામરાજા)ના આતિથ્ય સત્કાર ભાવનો સર્વે ટ્રસ્ટીઓને વિશેષ લાભ પ્રાપ્ત થયો હતો. બેઠકના અંતમાં ચંદ્રસિંહ જાડેજા (રોજીયા) દ્વારા ગીતાજીના અઢારમા અધ્યાય ના ૪૩ માં શ્લોકમા ક્ષત્રિયોના સાત સ્વભાવિક ગુણ ધરાવતા શ્લોકનુ પઠન કરાવવામાં આવ્યું હતું. આ બેઠકમાં સંસ્થાના ટ્રસ્ટીઓ એન. ડી. જાડેજા (રાજપરાગઢ), હરદેવસિંહ પી. જાડેજા (નાના મવા), ડો. સહદેવસિંહ જે. ઝાલા (કમાલપર), ચંદ્રસિંહ મનુભા જાડેજા (રોજીયા), દિવ્યરાજસિંહ જે. ગોહિલ-કુકડ (ભગતભાઈ) યુવરાજ સાહેબ જયદીપસિંહજી જાડેજા, દેવેન્દ્રસિંહ બી. ગોહિલ (કુકડ), દેવેન્દ્રસિંહ આર. જાડેજા (ટીકુભાઈ) કોઠારીયા, પ્રતિપાલસિંહ એચ. જાડેજા (સોડવદર) અને મહિપાલસિંહ જે. વાળા (સાતવડી) ઉપસ્થિત રહ્યા હતા.

# સોમનાથના ટ્રસ્ટી પી.કે. લહેરીનો જન્મદિવસ સોમનાથ દાદાના સાનિધ્યમાં ઉજવાયો

**અબતક અતુલ કોટેચા, વેરાવળ**

વિશ્વપ્રસિદ્ધ સોમનાથ મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી અને રાજ્યના પૂર્વ સેક્રેટરી પીકે લહેરી નો ૮૨મો જન્મદિવસ સોમનાથ મંદિર ખાતે ઉજવવામાં આવ્યો હતો.

સોમનાથના ટ્રસ્ટી પ્રવીણભાઈ લહેરી ના જન્મદિવસે સોમનાથ મહાદેવને વિશેષ મહાપુજા, આયુષ્ય મંત્ર જાપ અને ઓનલાઈન મહાપૂજામાં પી,કે લહેરીની વર્ચ્યુઅલી ઉપસ્થિતિ રહી હતી આજે સાંજે ભગવાન સોમનાથ મહાદેવને સાંઈ વિશેષ શૃંગાર સાથે દીપમાલા કરવામાં આવશે, પ્રવીણભાઈ લહેરીને



જન્મદિવસે નિરામય દીર્ધાયુમાટે સોમનાથ પરિવાર ટ્રસ્ટ દ્વારા સોમનાથ મહાદેવને પ્રાર્થના કરવામાં આવી હતી.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૩૦-૦૩-૨૦૨૬ સોમવાર**
૧૨:૦૦ થી ૦૨:૩૦ ગુજરાતી મુવી (વિકીડા નો વરઘોડો)
૦૨:૩૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (શીખ કબાબ)+(તવા પુલાવ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.દેવાંગી ઓઝા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (ગુજ્જુભાઈ બન્યા દબંગ)
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૩૧-૦૩-૨૦૨૬ મંગળવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ.મોરારિબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૩૧-૩ -૨૦૨૬ મંગળવાર**

| | | | |
|---|---|---|---|
| **વિક્રમ સંવત** | ૨૦૮૨ | **શાલીવાહન શકિ:** | ૧૯૪૭ |
| **ખ્રિસ્તી સંવત** | ૨૦૨૬ | | |
| **તિથી** | ચૈત્ર શુદ તેરશ | | |
| **નક્ષત્ર** | પૂવાફાલ્ગુની | | |
| **યોગ** | ગંડ | **કરણ:** | ગર |
| **સુર્યોદય** | ૬.૪૨ | **સુર્યાસ્ત:** | ૭.૦૧ |
| **ચંદ્ર રાશી** | સિંહ રાત્રે ૯.૩૪થી કન્યા | | |
| **રાશિ અક્ષર** | મ.ટ/પ.ઠ.ણ | | |
| **દિશાશૂળ** | ઉત્તર દિશા તરફ | | |
| **રાહુકાળ** | બપોરે ૩ થી ૪.૩૦ | | |
| **દિવસનાચોઘડીયા** | રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ | | |
| **રાત્રીનાચોઘડીયા** | કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ | | |
| **અભિજીત મુહૂર્ત** | બપોરે ૧૨.૨૭ થી ૧.૧૬ | | |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૯૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૫ | | | | | |
| ૫ | | | | | ૭ | | ૯ | ૧ |
| | | | | | | | | ૬ |
| | | | | | | | | |
| | ૯ | | | ૨ | | | ૬ | |
| | | ૧ | | | ૪ | ૭ | | |
| ૮ | | | | | | | | |
| | | | ૧ | ૮ | ૫ | ૩ | | ૨ |
| | ૩ | | | | | | ૪ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૯૨ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૬ | ૫ | ૮ | ૧ | ૩ | ૭ | ૨ | ૪ |
| ૨ | ૮ | ૪ | ૬ | ૫ | ૭ | ૯ | ૧ | ૩ |
| ૧ | ૭ | ૩ | ૨ | ૪ | ૯ | ૬ | ૫ | ૮ |
| ૮ | ૫ | ૧ | ૪ | ૯ | ૬ | ૨ | ૩ | ૭ |
| ૩ | ૨ | ૯ | ૫ | ૭ | ૮ | ૪ | ૬ | ૧ |
| ૬ | ૪ | ૭ | ૩ | ૨ | ૧ | ૫ | ૮ | ૯ |
| ૪ | ૯ | ૨ | ૧ | ૮ | ૫ | ૩ | ૭ | ૬ |
| ૫ | ૧ | ૬ | ૭ | ૩ | ૪ | ૮ | ૯ | ૨ |
| ૭ | ૩ | ૮ | ૯ | ૬ | ૨ | ૧ | ૪ | ૫ |

## આવતીકાલનું રાશિફળ

**તા.૩૧.૩.૨૦૨૬ મંગળવાર, સંવંત ૨૦૮૨, ચૈત્ર સુદ તેરસ, પૂર્વાફાલ્ગુની નક્ષત્ર ગર કરણ આજે રાત્રે ૯.૩૩ સુધી જન્મેલાંની ચંદ્ર રાશિ સિંહ ત્યારબાદ કન્યા (પ,ઠ,ણ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** સીધી સરળ વાતથી કાર્ય નહિ બને એ માટે કુટનિતિજ્ઞ રસ્તાઓ અપનાવવા પડે,બુદ્ધિપૂર્વક નિર્ણય લેવા.

**વૃષભ (બ,વ,ઉ) :** પ્રણયમાર્ગે આગળ વધી શકો, મનની વાત વ્યક્ત કરી શકો, લાગણીના સંબંધોમાં સારું રહે.

**મિથુન (ક,છ,ઘ) :** તમારા અંતરંગ શોખ માટે સમય કાઢી શકો, જમીન મકાન વાહન સુખ સારું રહે, દિવસ પ્રગતિકારક રહે.

**કર્ક (ડ,હ) :** ગણતરીપૂર્વકના સાહસથી લાભ થશે, નવા કાર્યમાં આગળ વધી શકો, રચનાત્મક કામગીરી કરી શકો.

**સિંહ (મ,ટ) :** બેન્ક વીમા વિગેરે કાર્ય કરીશ શકો, આર્થિક બાબતો માં મધ્યમ રહે, આવકના નવા સ્ત્રોત્ર વિચારી શકો.

**કન્યા (પ,ઠ,ણ) :** તમારા વ્યકિતત્વનો વિકાસ થાય, નવા વિચારોથી લાભ થાય, યશ-પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.

**તુલા (ર,ત) :** દૂર દેશથી સારા સમાચાર મળે, નવા સંપર્કો સાથે વાત થાય. અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો.

**વૃશ્ચિક (ન,ય) :** જીવનમાં પરિવર્તનનો પવન ફૂકાતો જોવા મળે, નવા વિચારથી મન સારું રહે, પરિવાર સાથે આનંદ માણીશકો.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** વેપારી વર્ગને મધ્યમ રહે, નોકરિયાતવર્ગે ઉપરી અધિકારીઓ સાથે મતભેદ નિવારવા સલાહ છે.

**મકર (ખ,જ) :** ગુરુકૃપાથી કાર્ય સિદ્ધ થાય, ધ્યાન-યોગ-મૌનથી લાભ થાય, આધ્યાત્મિક ચિંતન થાય,શુભ દિન.

**કુંભ (ગ,સ,શ) :** બધું મનનું ધાર્યું ના થાય, મિશ્ર અનુભવ આપતો દિવસ, નેગેટિવ વિચારો ટાળવા સલાહ છે.

**મીન (દ,ચ,ઝ,થ) :** પ્રણયમાર્ગે ચાલનારા માટે મધ્યમ કહી શકાય, વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે છે, સુંદર દિવસ.

# રાજકોટથી દેશના ૫૭ એરપોર્ટ પર જનસુવિધાઓનું ડિજિટલ લોકાર્પણ કરતા કેન્દ્રીય મંત્રી રામમોહન નાયડુ




## હવે સામાન્ય માનવી પણ એરપોર્ટ પર માત્ર રૂ.૧૦માં ચા અને રૂ.૨૦માં નાસ્તો કરી શકશે



તસવીરઃ શૈલેષ વાડોલિયા

### મંત્રીએ ઉડાન યાત્રી કેફેમાં ગાંઠિયા-ગુલાબજાંબુની લિજ્જત



તસવીરઃ જયમીન માવાણી

**અબતક, રાજકોટ**

રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતેથી કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામમોહન નાયડુ કિન્જરાપુએ આજે દેશના ૫૭ એરપોર્ટ માટે વિવિધ અત્યાધુનિક સુવિધાઓનું ડિજિટલ લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે મંત્રીએ મુસાફરો માટે ખાસ 'ઉડાન યાત્રી કેફે'નું ઉદ્દઘાટન કર્યું હતું, જ્યાં મુસાફરોને અત્યંત રાહત દરે એટલે કે માત્ર ૧૦ રૂપિયામાં ચા અને ૨૦ રૂપિયામાં સમોસા-કચોરી જેવો નાસ્તો મળી રહેશે. ઉદ્દઘાટન બાદ મંત્રીએ સ્વયં આ કેફેમાં રાજકોટી ગાંઠિયા અને ગુલાબજાંબુનો આનંદ માણ્યો હતો.

આ પ્રસંગે સંબોધન કરતા મંત્રીએ જણાવ્યું હતું કે, છેલ્લા ૧૨ વર્ષમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતીય સિવિલ એવિએશનનો નકશો બદલાઈ ગયો છે. વર્ષ ૨૦૧૪માં દેશમાં માત્ર ૭૪ એરપોર્ટ હતા, જે આજે વધીને ૧૬૫થી વધુ થઈ ગયા છે. 'ઉડાન' યોજનાને કારણે આજે હવાઈ ચપ્પલ પહેરનારો સામાન્ય માણસ પણ વિમાનમાં મુસાફરી કરી રહ્યો છે. સરકારનું લક્ષ્ય આગામી સમયમાં એરપોર્ટની સંખ્યા ૩૫૦ સુધી લઈ જવાનું છે, જેના માટે ૨૯,૦૦૦ કરોડ રૂપિયાનું ઐતિહાસિક ભંડોળ મંજૂર કરવામાં આવ્યું છે.

આ લોકાર્પણ અંતર્ગત ૦૮ એરપોર્ટ પર પેપરલેસ એન્ટ્રી માટે 'ડીજી યાત્રા', ૫૦ ફ્રી વાઈ-ફાઈ ઝોન, ૧૬ ફ્લાયબ્રેરીઝ અને બાળકો માટે ૧૦ કિડ્સ ઝોન જેવી સુવિધાઓ ખુલ્લી મૂકવામાં આવી હતી. કાર્યક્રમમાં સાંસદ શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા, રામભાઈ મોકરીયા અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે એરપોર્ટ ડિરેક્ટર દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

### માધવપુરનો માંડવો ને જાદવ કુળની જાન પ્રભુ પરણવા પધારશે મધુવનમાં

# માધવપુરમાં આજે રુક્મિણીજીનું મામેરું ભરાશેઃ ભગવાન રથમાં સવાર થઈ ચોરીએ ચડશે

### કુતિયાણાના ધારાસભ્ય કાંધલભાઈ જાડેજા અને કડછ ગામના મહેર ભાઈઓ ધામધૂમથી મામેરું પૂરશેઃ સાંજે મધુવનમાં યોજાશે ભવ્ય લગ્નોત્સવ







**અબતક, આશિષ પોપટ, માધવપુર**

માધવપુરનો માંડવો ને જાદવ કુળની જાન, પરણે રાણી રુક્ષ્મણી જ્યાં વરસે હરિનું વાન... આ પંક્તિઓ આજે માધવપુર ઘેડની પવિત્ર ધરતી પર સાક્ષાત સાબિત થઈ રહી છે. ઐતિહાસિક અને પૌરાણિક મહત્વ ધરાવતા માધવપુરના મેળામાં ભગવાન શ્રીકૃષ્ણનું ત્રીજું ફૂલેકું ગઈકાલે રાત્રે હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયા બાદ, આજે તારીખ ૩૦ માર્ચ, સોમવારના રોજ ઉત્સવ તેના ચરમસીમાએ પહોંચ્યો છે. આજે જગતના નાથના વિવાહનો રૂડો અવસર છે, જેમાં રુક્ષ્મણીજીના મામેરાનો પ્રસંગ અને ત્યારબાદ ભવ્ય લગ્નોત્સવ યોજાશે.આવતીકાલે તારીખ ૩૧ માર્ચને તેરસના દિવસે સવારથી જ ભાવિક ભક્તોને મધુવનમાં ભગવાનના ચરણસ્પર્શ કરવાનો અને 'હાથોહાથનું વધાવું' કરવાનો લ્હાવો મળશે. આ તક ભક્તો માટે અમૂલ્ય માનવામાં આવે છે. હાલમાં માધવપુરનો મેળો તેના પૂર્ણ વૈભવ સાથે ઉજવાઈ રહ્યો છે, જ્યાં સાંસ્કૃતિક કાર્યક્રમો અને ભક્તિના સંગમમાં લાખો લોકો ડૂબકી લગાવી રહ્યા છે.

આજના દિવસની વિશેષતા રુક્ષ્મણીજીનું મામેરું છે. પરંપરા મુજબ રુક્ષ્મણીજીના મોસાળ પક્ષ તરીકે ઓળખાતા કડછ ગામના મહેર ભાઈઓ, કુતિયાણાના ધારાસભ્ય કાંધલભાઈ જાડેજાની આગેવાનીમાં આજે સવારે મામેરું લઈને ઉમટી પડશે. સવારે ૧૧ વાગ્યાની આસપાસ ઢોલ-શરણાઈના ગુંજારવ, ડીજેના તાલે અને શણગારેલા ઘોડા, ઊંટ તથા બળદગાડા સાથે આ ભવ્ય

(અનુ. આઠમા પાને)



# ચોટીલાના ડે. કલેકટરે ગુગલિયાણા ગામે કેશવ કોલ ઈન્ડસ્ટ્રીઝમાંથી ખનીજ ચોરી પકડી

## રૂ.૭૮.૮૦ લાખનો મુદ્દામાલ કબ્જે, મૃત વ્યકિતના નામે રોયલ્ટી પાસનો ઉપયોગ કરી ખનીજ ચોરી થતી હતી



**અબતક, રણજીતસિંહ ધાંધલ, ચોટીલા**

થાન તાલુકામાં છેલ્લા ઘણા સમયથી ચાલતા ગેરકાયદેસર કોલસાના કાળા કારોબાર પર વહીવટી તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવી છે. જેમાં ચોટીલા ડેપ્યુટી કલેકટર અને થાન મામલતદારની સંયુક્ત ટીમ દ્વારા થાન તાલુકાના ગુગલિયાણા ગામમાં આવેલ 'કેશવ કોલ ઈન્ડસ્ટ્રીઝ' પર સરપ્રાઈઝ રેઈડ કરી મોટા કૌભાંડનો પર્દાફાશ કર્યો છે.

હસમુખભાઈ કલ્યાણભાઈ સચદેવના નામે ઈસ્યુ થયેલા ૭૭૪ રોયલ્ટી પાસનો ઉપયોગ કરીને ગેરકાયદેસર કોલસાને કાયદેસર તરીકે બનાવવામાં આવતો હોવાનું અને હસમુખભાઈનું મૃત્યુ વર્ષ ૨૦૧૨માં થયું હોવા છતાં તેમના નામે હજુ પણ પાસ ઈસ્યુ થતા હોવાનું સામે આવ્યું હતું. આ રેઈડ દરમિયાન તંત્ર દ્વારા અંદાજે રૂ.૭૮.૮૦ લાખની કિંમતનો મુદામાલ કબજે કર્યો હતો. જેમાં સાધનોમાં લોડર, જેસીબી, ડમ્પર, કાર્બોસેલ, ક્રશર પ્લાન્ટ અને કાર્બોસેલનો જથ્થો સામેલ હતો. કેશવ કોલ ઈન્ડસ્ટ્રીના માલિકો કૌશિકભાઈ ઘનશ્યામભાઈ જાદવ અને રાકેશભાઈ ઘનશ્યામભાઈ જાદવ સામે પણ ખાણ-ખનીજ ધારા હેઠળ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જ્યારે ચોટીલા ડેપ્યુટી કલેકટર એચ.ટી. મકવાણાના જણાવ્યા મુજબ સાયલા તાલુકાના ચોરવીરા, ઈશ્વરિયા અને ચિત્રલાખા જેવા વિસ્તારોમાંથી ગેરકાયદેસર રીતે કોલસો કાઢી આ પ્લાન્ટ દ્વારા તેને કાયદેસર સ્વરૂપ આપી વેચવામાં આવતો હતો.

# પડધરીના રામપર ગામે નદીમાં નાહવા પડેલા યુવાનનું ડૂબી જવાથી મોત

## રવિવારની રજામાં પિતા અને પડોશીઓ સાથે રિક્ષા લઈને ફરવા ગયા હતા, પરિવારમાં શોક છવાયો

**અબતક, રાજકોટ**

પડધરી તાલુકાના રામપર ગામની નદીમાં પરિવાર સાથે નાહવા ૨૦ વર્ષીય યુવાનનું ડૂબી જવાથી ચકચાર મચી જવા પાણી છે, જેને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવતા તેનું મોત નીપજ્યું છે. આ ઘટનાને પગલે કોળી પરિવારમાં માતમ છવાઈ ગયો છે.



પ્રાપ્ત વિગતો મુજબ, પડધરીના વિવેકાનંદ નગરમાં રહેતા લાલજીભાઈ ભોજવિયા (ઉં ૨૦) રવિવારની રજા હોવાથી પોતાના પિતા, ભાઈઓ અને પડોશીઓ સાથે રિક્ષા લઈને રામપર ગામે નદી કિનારે ફરવા અને નાહવા ગયા હતા. બપોરે ૩૩૦ વાગ્યાની આસપાસ જ્યારે તેઓ નદીમાં નાહી રહ્યા હતા, ત્યારે અચાનક લાલજીભાઈ ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. પરિવારજનોએ ભારે જહેમત બાદ લાલજીભાઈને બેભાન અવસ્થામાં પાણીમાંથી બહાર કાઢ્યા હતા. તેમને તાત્કાલિક સારવાર માટે રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે, ત્યાં હાજર તબીબોએ તેમને તપાસીને મૃત જાહેર કર્યા હતા.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક લાલજીભાઈ પોતાના પિતા સાથે સેન્ટિંગ કામમાં મદદ કરતા હતા. તેઓ બે ભાઈ અને એક બહેનમાં સૌથી મોટા હતા. વિશેષમાં, હાલમાં જ તેમની સગાઈ માટેની વાતચીત ચાલી રહી હતી, તેવામાં જ કાળનો પંજો ફરી વળતા પરિવાર પર આભ તૂટી પડ્યું છે. હાલમાં પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. યુવાનના અકાળે મોતથી સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

# હિંમતનગરના આગીયોલમાં જૂની અદાવતમાં વૃદ્ધની હત્યા

## પી.એમ રિપોર્ટ આવ્યા બાદ મોતનું કારણ બહાર આવશેઃ પાડોશીએ મોતને ઘાટ ઉતાર્યાની આશંકા !

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

હિંમતનગર તાલુકાના આગીયોલ ગામે જૂના ઝઘડાની અદાવતમાં એક વૃદ્ધની હત્યા કરવામાં આવી હતી આ ઘટના બાદ હત્યા કરનાર આરોપીનો મૃતદેહ ગામડી ગામ પાસેથી મળી આવ્યો હતો.

આ અંગે સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આગીયોલ ગામના રાવળવાસમાં રહેતા ૭૦ વર્ષીય મોહનભાઈ વિહાભાઈ રાવળની તેમના ઘર નજીક રહેતા ૪૨ વર્ષીય કાનાજી ભીખાભાઈ મકવાણા (ઠાકોર) દ્વારા તીક્ષ્ણ હથિયાર વડે ગળાના ભાગે હુમલો કરીને હત્યા કરવામાં આવી હતી હત્યા બાદ આરોપી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.

જો કે, પ્રાથમિક માહિતી મુજબ આગીયોલ ગામના રાવળવાસમાં રહેતા મૃતક મોહનભાઈ વિહાભાઈ રાવળને તેમના ઘરની સામે રહેતા આરોપી કાનાજી મકવાણા સાથે અવારનવાર ઝઘડા થતાં હતા આ ઝઘડાનું મુખ્ય કારણ કાનાજી મકવાણાની દારૂ પીવાની ટેવ હતી. જ્યારે રવિવારે સવારે હત્યા કરીને ફરાર થયેલા આરોપી કાનાજી ભીખાભાઈ મકવાણાનો મૃતદેહ ગામડી ગામ નજીક રોડની બાજુમાંથી મળી આવ્યો હતો આ અંગેની જાણ થતાં ગાંભોઈ પોલીસ ફરીથી ઘટના સ્થળે પહોંચી મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે ગાંભોઈ આરોગ્ય કેન્દ્ર ખાતે મોકલી આપ્યો હતો.મામલે ગાંભોઈ પોલીસ સ્ટેશનના પી.આઈ એસ.જે. ગોસ્વામીએ જણાવ્યું હતું કે મૃતદેહ ગામડી નજીક રોડ સાઈડથી મળી આવ્યો હતો. જેને પી.એમ માટે ખસેડવામાં આવ્યો હતો પ્રાથમિક દ્રષ્ટિએ મૃત્યુ કુદરતી લાગી રહ્યું છે. જો કે, પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ મૃત્યુનું સાચું કારણ જાણી શકાશે.

# લખતરઃ બોલેરોમાંથી રૂ.૨ લાખના દારૂ સાથે ચાલક ઝડપાયો

## એલ.સી.બી.એ. દરોડો પાડી દારૂ, કાર, મોબાઈલ સહિત કુલ રૂ.૭.૧૩ લાખનો મુદ્દામાલ કબજે કર્યોઃ વિજય પટેલની શોધખોળ

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

લખતર તાલુકાના ભાસ્કરપરા ગામના પાટિયા પાસે કારના ચોરખાનામાં સંતાડી ઇંગ્લિશ દારૂની હેરાફેરી કરતા શખ્સને મુદ્દામાલ સાથે ઝડપી લીધો હતો.

આ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ એલસીબી પોલીસે લખતર તાલુકામાં પેટ્રોલિંગ હાથ ધર્યું હતુ. જે દરમિયાન બાતમીના આધારે ભાસ્કરપરા ગામના પાટિયા પાસે હાઈવે પર બોલેરો કારના ચોરખાનામાં સંતાડેલ ઈંગ્લીશ દારૂની નાની બોટલો નંગ ૭૪૦ કિંમત રૂ.૨,૦૩,૫૦૦, કાર કિંમત રૂ.૦૫ લાખ, મોબાઈલ ફોન કિંમત રૂ.૧૦,૦૦૦ સહિત ફૂલ રૂ.૭,૧૩,૫૦૦ ના મુદ્દામાલ સાથે કાર ચાલક વિલાલખાન અરબાબખાન રાહુમા, રહે. રાજસ્થાન વાળાને ઝડપી લીધો હતો. જેની પુછપરછ કરતા વિજયભાઈ જયંતિભાઈ પટેલ, રહે.જુના દેવળીયા અને દારૂનો જથ્થો મંગાવનાર સહિત વધુ બે શખ્સોની સંડોવણી બહાર આવી હતી. આથી ઝડપાયેલ શખ્સ સહિત ફૂલ ત્રણ શખ્સો સામે લખતર પોલીસ મથકે પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ધ્રાંગધ્રાના ગોપાલગઢ ગામેથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

## તાલુકા પોલીસે રૂ. ૧.૫૭ લાખનો મુદામાલ કબ્જે કર્યોઃ બુટલેગર રાજેશની શોધખોળ

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા તાલુકાના ગોપાલ ગઢ ગામે રાજેશભાઈ પ્રેમજીભાઈ રાણીવાડીયા વાડી સામે ખરાબામાં પરપ્રાંતિય વિદેશી દારૂ વેચતો હોવાની બાતમી ના આધારે પોલીસે વિદેશી દારૂ નંગ ૧૪૩ બોટલ મળી આવેલ હતી જેની કિંમત રૂપિયા ૧, ૫૭,૩૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો જેમાં બુટલેગર ફરાર થતા એની સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી છે.

ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સતત પેટ્રોલિંગ અને બાતમીદારો નું નેટવર્ક દોડાવી દારૂની બદી જડમૂળ થી કાઢવા કાર્યશીલ છે ત્યારે તાલુકા પોલીસના હેડ કોસ્ટેબલ વિક્રમભાઈ રબારી, યુવરાજસિંહ સોલંકી અને નરેશભાઈ ભોજીયા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાઁ હતો તેં દરમિયાન કોન્સ્ટેબલ વિક્રમભાઈ રબારી નાઓને ધ્રાંગધ્રા તાલુકાના ગોપાલ ગઢ ગામનો રાજેશભાઈ પ્રેમજીભાઈ રાણીવાડીયા વાડી સામે ખરાબામાં વિદેશી દારૂ હોવાની બાતમી મળી હતી. ટિમ ગોપાલગઢ ગામના રાજેશભાઈ પ્રેમજીભાઈ રાણીવાડીયા વાડી સામે ખરાબામાં પહોંચતા કોઈ મળી આવેલ નહોતું પણ પરપ્રાંતિય વિદેશી દારૂ ૧૪૩ નંગ બોટલ મળી આવેલ હતી જેની કિંમત ૧,૫૭,૩૦૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી બુટલેગર રાજેશભાઈ પ્રેમજીભાઈ રાણીવાડીયા હાજર નહીં મળી આવતા તેની સામે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# લાઠીના હીરાણા ગામે પતિને બચાવવા વચ્ચે પડેલી મહિલાની આંગળી કાપી નાખતો પુત્ર

## અગાઉ પિતાએ ભાઈ બાદ જનેતાને બચકું ભરતો કળીયુગી શ્રવણ





**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

લાઠીના હિરાણા ગામે પારિવારિક ઝગડો ઉગ્ર બનતા પિતા પુત્ર વચ્ચે ઝપાઝપી થઈ હતી. જેમાં માતા વચ્ચે પડતા તેઓને કળયુગી પુત્રએ આંગળીમાં બટકું ભરતા મામલો પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો.

લાઠીના હીરાણા ગામે રહેતા ગૌરીબેન ઉર્ફે ગવુબેન વાલજીભાઈ કુકવાવા (ઉં.વ.૫૦) પોતાના પતિ વાલજી ભાઈ, અને પ્રકાશ અને પ્રદિપ એમ બે દીકરા અને તેઓના પરિવાર સાથે સંયુક્ત રહે છે. જેમાં મોટો દીકરો પ્રકાશ વાલજીભાઈ કુકવાવા કોઈ કામ કરતો નથી, પત્ની અને બે સંતાનો સાથે સંયુક્ત પરિવારમાં રહે છે. અવાર નવાર ઘરમાં માથાકૂટ કરી પરિવારને માર મારવાના બનાવો બનતા રહે છે, એટલુંજ નહીં તેઓને મારી નાખવાની ધમકીઓ પણ આપતો રહે છે. અગાઉ વાડીએ તેમના પિતાને બટકું ભર્યું હતું અને સારવાર લેવાની ફરજ પડી હતી, તેમના ભાઈને પણ બટકું ભર્યાનું જાણવા મળ્યું છે. પોલીસમાં ફરિયાદ પણ કરાય હતી. છતાં ગઈ કાલે ઘરે આવી ઝગડો શરૂ કર્યો હતો ત્યારે પિતા વાલજીભાઈ કુકવાવા સાથે ઝપાઝપી પણ થઈ હતી તે દરમિયાન પતિને બચાવવા તેમના પત્ની ગૌરીબેન વચ્ચે પડતા તેઓની આંગળીમાં બટકું ભરી આંગળીનું ટેરવું કાપી નાખ્યું હતું, બાદ પરિવાર દ્વારા તાત્કાલિક પહેલા લાઠી અને બાદમાં ભાવનગર હોસ્પિટલ ખસેડયા હતા. જે અંગે ગૌરીબેન વાલજીભાઈ કુકવાવાએ લાઠી પોલીસને ફરિયાદ આપતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. અવાર નવાર ઝગડો કરતા પોલીસ દ્વારા યોગ્ય પગલા લેવાય તેવી પરિવારની માંગ.

# સુરેન્દ્રનગરમાં સો. મીડિયામાં હથિયાર સાથે ફોટો અપલોડ કરનાર મોહન વણોલ ઝડપાયો



**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર એસઓજી પોલીસ દ્વારા હથિયાર સાથે સોશિયલ મીડિયામાં ફોટો તેમજ વીડિયો અપલોડ કરનાર શખ્સો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે ત્યારે દસાડા તાલુકાના કઠાડા ગામના શખ્સ હિમાલયભાઈ ભરતભાઈ વણોલ, ઉં.વર્ષ ૨૫ ને ઝડપી લીધો હતો અને તેની પૂરછપરછ કરતા અંદાજે ૦૭ વર્ષ પહેલા હથિયાર સાથે સોશિયલ મીડિયામાં ફોટો અપલોડ કર્યો હોવાની કબુલાત કરી હતી તેમજ હથિયાર બાબતે પુછપરછ કરતા મોહનભાઈ ભવાનભાઈ વણોલ, રહે.કઠાડા વાળાનું હથિયાર હોવાનું જણાવ્યું હતું.

# અમરેલી શહેર વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખનો આપઘાત

## ધંધામાં ખોટ જતા પાણીના બોટલીંગ પ્લાન્ટ ખાતે ફાંસો ખાઈ જીવન ટુકાવ્યાનું સ્યુસાઈડ નોટમાં ઉલ્લેખ



**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

અમરેલી વિશ્વ હિંદુ પરિષદના શહેર પ્રમુખે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરતા સન્નાટો પથરાયો છે.

અમરેલી શહેરમાં શોકની લાગણી ફેલાવતો એક દુઃખદ બનાવ સામે આવ્યો છે. અમરેલીના લીલીયા રોડ રેલવે ફાટક પાસે આવેલા ખોડિયારનગર વિસ્તારમાં રહેતા અને વિશ્વ હિન્દુ પરિષદના અમરેલી શહેર પ્રમુખ ભાવેશભાઈ દુલાભાઈ કાબરીયા (ઉ.વ. ૪૩)એ ઈશ્વરીયા ગામે આવેલ તેમના પાણીના બોટલિંગ પ્લાન્ટ ખાતે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. બનાવની જાણ થતાં આસપાસના લોકોમાં ચકચાર મચી ગઈ હતી. ત્યારબાદ તેમના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. પ્રાથમિક માહિતી મુજબ ભાવેશભાઈએ સ્યુસાઈડ નોટ પણ લખી હતી જેમાં ધંધામાં ખોટ જતાં આ પગલું ભર્યાનો ઉલ્લેખ કરાયો હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાને લઈને પોલીસ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ભાવેશભાઈ કાબરીયા વિશ્વ હિન્દુ પરિષદમાં અગ્રીમ ભૂમિકા ભજવતા હતા અને શહેરની અનેક ધાર્મિક તથા સામાજિક પ્રવૃત્તિઓમાં સક્રિય રહેતા હતા. બે દિવસ પહેલાં યોજાયેલી ભવ્ય રામનવમી શોભાયાત્રાનું આયોજન પણ તેમની આગેવાનીમાં કરવામાં આવ્યું હતું. રામનવમી નિમિત્તે શહેરના સિનિયર સિટીઝન પાર્ક ખાતે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ૧૨ દિવસ સુધી ધાર્મિક કાર્યક્રમો અને ફ્લોટ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. શોભાયાત્રા દરમિયાન ભાવેશભાઈએ મિત્રોને આ શોભાયાત્રા ભવ્ય બનાવવી છે, એવું કહ્યું હોવાનું પણ નજીકના વર્તુળોમાંથી જાણવા મળ્યું છે.

આ દુઃખદ ઘટનાને પગલે અમરેલી શહેરમાં શોકની લાગણી છવાઈ ગઈ છે.

# અમરેલીઃ નારાયણ મીલની કોલોનીમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો

## કોલોનીમાં રહેતો શખ્સ હાથ ફેરો કર્યાની કબુલાતઃ રૂ.૧.૫૧ લાખનો મુદામાલ કબ્જે

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

અમરેલીના કુકાવાવ રોડ પર આવેલી નારાયણ મીલની કોલોનીમાં થયેલી ઘરફોડ ચોરીના ગુનાનો અમરેલી તાલુકા પોલીસે ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલી આરોપીને ચોરીના રૂ.૧.૫૧ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

નારાયણ મીલ ક્વાર્ટર, કુકાવાવ રોડ પર રહેતા રાહુલભાઈ ઈશ્વરપ્રસાદી કુસ્વાહા પોતાના ઘરને તાળું મારી વતન ગયા હતા. તે દરમિયાન અજાણ્યા શખ્સે તેમના ઘરના તાળાં તોડી અંદર પ્રવેશ કરી રૂમમાંથી સોના અને ચાંદીના અલગ-અલગ દાગીના ચોરી કરી લીધા હતા. આ અંગે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. ઘટનાની ગંભીરતા ધ્યાનમાં રાખી પોલીસ ઈન્સ્પેક્ટર ઓ.કે. જાડેજાના માર્ગદર્શન હેઠળ અલગ-અલગ ટીમો બનાવી શંકાસ્પદ ઈસમોની પૂછપરછ શરૂ કરવામાં આવી હતી. પોલીસની સઘન તપાસ દરમિયાન નારાયણ મિલના ક્વાટરમાં રહેતો અભિષેક ભરતસિંહ કુસ્વાહાને ઝડપી પાડી તેની પાસેથી ચોરીમાં ગયેલા દાગીના કબજે કરવામાં આવ્યા હતા. પોલીસે તેની ધરપકડ કરી આગળની તપાસ હાથ ધરી છે.

**નામ બદલાવેલ છે**

આથી હું જાહેર કરું છું કે મેં મારું નામ રવિ રજનીકાંતભાઇ હળવદીયા બદલીને રવિભાઇ રજનીભાઇ હળદવીયા કરેલ છે. અને હવે પછી હું રવિભાઇ રજનીભાઇ હળવદીયા તરીકે ઓળખાઇશ. જેની સૌ કોઈએ નોંધ લેવી. સરનામું : ન્યુ આદર્શ સોસાયટી, સરદારબાગ પાસે, શનાળા રોડ, મોરબી પિન : 363 641ગુજરાત (ભારત)

**શ્રદ્ધાંજલિ**



રડી પડે છે આંખો અમારી જોઇ મીઠી તસ્વીર તમારી
મન હજુ માનતુ નથી કે ઉપસ્થિતિ નથી તમારી
પળે પળે યાદ આવે છે આપનો પ્રેમ અને મૈત્રીભાવ
અંજલી આપતા હ્યુ તુટે છે
પરંમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને
શાંતિ અર્પે એજ પ્રાર્થના...

**સ્વ.દિપકભાઇ ટપુભાઇ વાઘેલા**
સ્વ.તા.૨૫/૩/૨૦૨૬ બુધવાર

લી.
ટપુભાઇ નાથાભાઇ વાઘેલા
રાજેશભાઇ ટપુભાઇ વાઘેલા
ગં.સ. વિભુતિબેન દિપકભાઇ વાઘેલા

**રાજકોટ મહાનગરપાલિકા**
**વેરા વસુલાત શાખા**
**"વ્યાજ માફી યોજના"**
**"છેલ્લા - ૦૨ દિવસ"**

રાજકોટ મહાનગરપાલિકા ખાતે નોંધાયેલ મિલકતો પૈકી જે મિલકતોનો મિલકતવેરો તથા પાણીવેરો ભરપાઇ કરવાનો બાકી હોય તેવા બાકીદારો માટે નીચે મુજબ "વ્યાજ માફી યોજના" અમલમાં છે:

- મિલકતવેરા પર ચડત વ્યાજમાં રૂ.૫,૦૦૦/- સુધી માફી
- પાણીવેરા પર ચડત વ્યાજમાં રૂ.૫,૦૦૦/- સુધી માફી
- મિલકતધારકને કુલ રૂ.૧૦,૦૦૦/- સુધી વ્યાજ માફી
- "વ્યાજ માફી યોજના" ની છેલ્લી તારીખ : ૩૧/૦૩/૨૦૨૬
- તા.૩૦/૦૩/૨૦૨૬,સોમવાર તથા તા.૩૧/૦૩/૨૦૨૬,મંગળવારના રોજ સવારે ૯:૩૦ કલાક થી સાંજે ૬:૧૦ કલાક સુધી વેરાની વસુલાત ચાલુ રહેશે.

"વ્યાજ માફી યોજના" નો અવશ્ય લાભ લો.

બાકી વેરો ઓનલાઇન ભરવા માટે માટે નીચેનો QR CODE સ્કેન કરો

બાકી વેરો રૂબરૂ ભરવા નજીકની વોર્ડ ઓફિસ/ સિવિક સેન્ટરનો સંપર્ક કરો.

# ઓરકેસ્ટ્રા કલાકાર સહિત બે યુવાન વ્યાજની ચુંગાલમાં ફસાયા

## રૂા.૨.૪૦ લાખના રૂા.૭.૬૭ લાખ ચુકવ્યા છતા સોનુ અને ચેક પરત ન આપનાર દંપતી સામે ફરિયાદ

**અબતક, ઋષિ મહેતા**

મોરબીમાં વ્યાજખોરીનો વધુ એક ગંભીર મામલો સામે આવ્યો છે, જેમાં ઓરકેસ્ટ્રા કલાકારે વ્યાજખોર પાસેથી ઉંચા વ્યાજે લીધેલ રકમના બદલામાં મુદલ અને વ્યાજ મળીને લાખો રૂપિયા ચૂકવ્યા હોવા છતાં ગીરવે રાખેલ સોનાના દાગીના, સહી કરેલ કોરા ચેક અને બેન્જો પરત ન આપતા તેમજ અન્ય મહિલાને વ્યાજે રૂપિયા આપ્યા તેની ચુકવણી કરી આપેલ હોવા છતાં ગીરવે રાખેલ મોટર સાયકલ પરત ન આપનાર તથા ધમકીઓ અને બળજબરીપૂર્વક ઉઘરાણી કરનાર વ્યાજખોર દંપતી વિરુદ્ધ પોલીસ ફરિયાદ કરવામાં આવી છે.

મોરબી શહેરના જેલ રોડ વિસ્તારમાં અનુજાતીવાસ શેરી નં.૬ માં રહેતા મહેશભાઈ ભીખાભાઈ પઠાણ ઉવ.૪૦ દ્વારા એ ડિવિઝન પોલીસ મથકમાં આરોપી ભાવિનભાઈ નરેન્દ્રભાઈ ત્રિવેદી અને તેમના પત્ની રહે. બંને રહે. મોરબી-૨ ત્રાજપર ટી.કે.હોટલ સામે લક્ષ્મી એપાર્ટમેન્ટ-૨ વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, વર્ષ ૨૦૨૧માં લાતીપ્લોટ વિસ્તારમાં આવેલી ફાઈનાન્સની ઓફિસેથી આરોપી ભાવિનભાઈ નરેન્દ્રભાઈ

### વ્યાજ અને મુદ્લ ચુકવી દીધા બાદ આઈફોન, કાર પડાવી વ્યાજખોરે ચેક રિટર્નનો કેસ કર્યો

ત્રિવેદી પાસેથી રૂ. ૨.૪૦ લાખ વ્યાજે લીધા હતા. સમયાંતરે વ્યાજ અને મુદલ મળીને રૂ. ૭.૬૭ લાખથી વધુ રકમ ચૂકવી હોવા છતાં આરોપીએ સોનાના દાગીના અને સહી કરેલા કોરા ચેક પરત આપ્યા નથી. આ સિવાય એક મહિને વ્યાજ ચૂકવેલ ન હોય ત્યારે ઉઓરોકટ ઓફિસમાં ફરિયાદીને ગોંધી રાખ્યા અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. આ સિવાય ફરિયાદીએ પોતાનો બેન્જો પણ ગીરવે આપ્યો હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ કર્યો છે, જે પણ હજુ સુધી પરત આપ્યો નથી.

આ ઉપરાંત ફરિયાદીના કૌટુંબિક બહેનને પણ આવી જ રીતે ઉંચા વ્યાજે રકમ આપી તેમની પાસેથી વધુ રકમનું લખાણ કરાવી ચેકો અને મોટરસાયકલ બળજબરીપૂર્વક લઈ લેવામાં આવ્યા હતા. આ સમગ્ર મામલે પોલીસે આરોપી ભાવિનભાઈ ત્રિવેદી અને તેમના પત્ની સામે આઈપીસી કલમ તથા નાણા ધીરધાર અધિનિયમની કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મોરબીના ઉમા ટાઉનશીપમાં ૩૦૪ મંગલ જ્યોતિ હોમ્સ-૧ ખાતે રહેતા વેપારી અનિલભાઈ ચંદુભાઈ જાકાસણીયાએ આરોપી ચીરાગ સંધાણી રહે. ગોલ્ડન માર્કેટ રવાપર રોડ અને આરોપી સુરેશભાઈ કાથાલાલ રાયકા રહે. મોરબી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ધંધામાં જરૂરિયાતને માટે તેમણે આરોપીઓ પાસેથી માસિક ૧૦ ટકા વ્યાજે રૂપિયા લીધા હતા. જેમાં આરોપી સુરેશભાઈ પાસેથી લીધેલા રૂ. ૧ લાખ સામે કુલ રૂ. ૨.૫૦ લાખ ચુકવી દીધા હોવા છતાં તેમના વિરુદ્ધ ચેક રિટર્નનો કેસ કર્યો હતો, જ્યારે આરોપી ચીરાગ સંધાણી પાસેથી લીધેલા રૂ. ૪ લાખ સામે રૂ. ૫.૪૦ લાખ ચુકવ્યા છતાં વધુ રકમની ઉઘરાણી કરી ધમકીઓ આપવામાં આપી ગત તા. ૦૫ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ આરોપી ચીરાગે ફરીયાદીને બોલાવી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી અને બળજબરીપૂર્વક આઈફોન તથા હોન્ડા જાઝ કાર ગીરવે રખાવી દીધી હતી.

હાલ આ સમગ્ર મામલે પોલીસે બન્ને આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા તેમજ નાણા ધીરધાર અધિનિયમની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગજાનન એપાર્ટમેન્ટના ફ્લેટમાંથી જુગારધામ પકડાયું

## પાંચ શખ્સોની ધરપકડ કરી રૂા.૨.૬૨ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો




**અબતક, ઋષિ મહેતા**

મોરબીના મહેન્દ્રનગર વિસ્તારમાં રહેણાક ફ્લેટમાં ચાલતી જુગારની મીની ક્લબ ઉપર ક્રાઈમ બ્રાંચ અને પેરોલ ફર્લો સ્કવોડ પોલીસ ટીમે દરોડો પાડી ૫ આરોપીઓને રોકડા રૂ.૨.૬૨ સહિત રૂ.૨.૮૭ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં આવ્યા છે.

મોરબી ક્રાઈમ બ્રાંચ અને પેરોલ ફર્લો સ્કવોડને મળેલી ચોક્કસ બાતમીના આધારે મહેન્દ્રનગર સ્થિત સિદ્ધિ વિનાયક સોસાયટીના ગજાનન એપાર્ટમેન્ટમાં રાજેશભાઈ જીવરાજભાઈ સરડવાના ફ્લેટમાં દરોડો પાડવામાં આવ્યો હતો. જ્યાં ફ્લેટ ધારક બહારથી માણસો બોલાવી ગેરકાયદેસર રીતે તીનપત્તીનો જુગાર રમતો રમાડતો હોવાની માહિતી મળતા પોલીસે રેઈડ કરતા જ્યાં જુગાર રમતા (૧)રાજેશભાઈ જીવરાજભાઈ સરડવા રહે.મહેન્દ્રનગર ગજાનન એપાર્ટમેન્ટ મુળ સરવડ તા.માળીયા(મી), (૨)વિવેકભાઈ વિનોદભાઈ ગોસાઈ રહે.મોટાદહિસરા તા.માળીયા(મી), (૩)ભાવેશભાઈ બાલુભાઈ સીતાપરા રહે.મહેન્દ્રનગર પ્રભુકૃપા રેસીડેન્સી મુળ માનસર તા.જી.મોરબી, (૪)જયેશભાઈ રાઘવજીભાઈ બોપલીયા રહે.મહેન્દ્રનગર મુળ રહે. મોટા ભેલા તા.માળીયા(મી) તથા (૫)સાગરભાઈ રમેશભાઈ સરડવા રહે.મહેન્દ્રનગર પ્રભુકૃપા ટાઉનશીપ મુળ સરવડ તા.માળીયા(મી) વાળાને રોકડા રૂ.૨,૬૨,૫૦૦/- તેમજ ૪ મોબાઈલ ફોન મળીને કુલ રૂ.૨,૮૭,૫૦૦/-નો મુદામાલ સાથે રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા. હાલ પકડાયેલ તમામ આરોપીઓ વિરુદ્ધ સીટી બી ડિવિઝન પોલીસ મથકમાં જુગારધારા હેઠળ ગુનો નોંધાવી એલસીબી/પેરોલ સ્કવોડ ટીમે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# આયુષ હોસ્પિટલમાં ૧૦૦ વર્ષના વૃધ્ધાને નવજીવન મળ્યું

## વૃધ્ધાનું ઓક્સિજન લેવલ ઘટી ગયું હતું, ૬ દિવસ સુધી સારવાર ચાલી



**અબતક, ઋષિ મહેતા**

મોરબીની આયુષ હોસ્પિટલમાં ૧૦૦ વર્ષીય મહિલા ગંભીર હાલતમાં દાખલ થતાં તેમની સ્થિતિ અત્યંત નાજુક હતી, જેમાં ઓક્સિજન લેવલ ઘટેલું, હૃદય અને ફેફસાં નબળા તથા શરીરમાં ઈંધરનું પ્રમાણ વધારે હતું. ત્યારે ડો.સત્યજીતસિંહ જાડેજા દ્વારા તાત્કાલિક વેન્ટિલેટર પર રાખી સારવાર શરૂ કરાતા માત્ર ૬ દિવસમાં દર્દી સંપૂર્ણ સ્વસ્થ થઈ પોતાના પગે ચાલીને હોસ્પિટલમાંથી રજા આપી હતી. આ ઘટનાને દર્દીના પરિવારજનો તબીબી ચમત્કાર ગણાવ્યો હતો.

મોરબી સ્થિત આયુષ હોસ્પિટલમાં તા. ૨૩ માર્ચના રોજ ૧૦૦ વર્ષીય મહિલા દર્દીને અર્ધ બેભાન હાલતમાં ઈમરજન્સી વિભાગમાં લાવવામાં આવ્યા હતા. દર્દીની સ્થિતિ અત્યંત ગંભીર હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે તેમનું ઓક્સિજન લેવલ માત્ર ૬૦ ટકા હતું, હૃદયના ધબકારા અનિયમિત અને અત્યંત ઝડપી હતા તેમજ હૃદય અને ફેફસાં બન્ને નબળા પડી ગયા હતા. વધુમાં, ફેફસામાં ચેપ ફેલાયો હતો, બ્લડ પ્રેશર ખૂબ ઓછું હતું અને શરીરમાં ઈંધરનું પ્રમાણ પણ વધેલું હતું.

આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ડો. સત્યજીતસિંહ જાડેજા અને તેમની ટીમે દર્દીને તાત્કાલિક વેન્ટિલેટર પર લઈ આઈસીયુમાં દાખલ કર્યા હતા. સતત મોનીટરીંગ અને યોગ્ય સારવારના પગલે દર્દીની સ્થિતિમાં ધીમે ધીમે સુધારો જોવા મળ્યો હતો. માત્ર ૬ દિવસની સારવાર બાદ આ ૧૦૦ વર્ષીય મહિલા દર્દીની તબિયત સારી થઈ હતી અને તેઓને રજા આપવામાં આવી હતી. દર્દીના પરિવારજનોએ દર્દીના જીવવાની આશા ન હોવા છતાં, ડોક્ટરની મહેનત અને યોગ્ય સારવારને કારણે આ ચમત્કાર સર્જાયો થયો હોવાનું દર્દીઅના સગાઓએ કહ્યું હતું. રજા વેળાએ લાગણી સભર દ્રશ્યો સર્જાયા હતા.

# જાંબુડીયા ગામે સામસામુ સગપણ તોડવાનો ખાર રાખી પરિવાર ઉપર હુમલો

## ઘરમાં ઘુસી ધોકા અને પથ્થરથી માર માર્યો, ત્રણ લોકોને ગંભીર ઈજા, એકની આંખ ઉપર સર્જરી

**અબતક, ઋષિ મહેતા**

મોરબી તાલુકાના નવા જાંબુડીયા ગામમાં રહેતા અબ્દુલભાઈ કાળુભાઈ ભરવાડીયા ઉવ.૪૦એ તાલુકા પોલીસ સમક્ષ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના દીકરા-દીકરીનું સામસાટુ સગપણ રફાળેશ્વર-પાનેલી રોડ વિસ્તારમાં રહેતા મહમદભાઈ બાબુભાઈ સલાટના પરિવાર સાથે ચાર વર્ષ પહેલા કરવામાં આવ્યું હતું, પરંતુ તાજેતરમાં આ સગાઈ તોડી નાખવામાં આવી હતી. જેમાં ગત તા. ૨૭ માર્ચના બપોરે ફરિયાદીની દીકરી પાણી ભરવા ગઈ ત્યારે આરોપી નવઘણ ઉર્ફે કાળુ અને અન્ય એક વ્યક્તિ તેના પાછળ આવતા હોવાથી તે ડરીને ઘરે પરત આવી હતી. આ બાબતે ફરિયાદીએ વેવાઈને ફોન કરી તેમના દીકરાને સમજાવવા વાત કરી હતી. જે બાદ તે જ રાત્રે આશરે પોણા બાર વાગ્યે આરોપીઓ ભોલાભાઈ બાબુભાઈ સલાટ, મહમદભાઈ બાબુભાઈ સલાટ, કિશન અજીતભાઈ સલાટ અને નવઘણ ઉર્ફે કાળુ સલાટે ફરિયાદીના ઘરે ઘુસી હુમલો કર્યો હતો. આરોપીઓએ પહેલા ફરિયાદીના દીકરા રાહુલને બહાર ખેંચી લાકડાના ધોકા વડે માર માર્યો હતો. બચાવવા જતા ફરિયાદીને પથ્થર મારી ડાબી આંખ પર ગંભીર ઈજા પહોંચાડી હતી. આ દરમિયાન ફરિયાદીના ભાઈ સંજયને પણ આરોપીઓએ ધોકા વડે માથા અને મોઢા પર માર મારતા તેને ફ્રેક્ચર જેવી ગંભીર ઈજા પહોંચાડી ચારેય આરોપીઓ નાસી ગયા હતા.

આ બનાવ અંગે મોરબી પોલીસે ચારેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# જિલ્લા કોંગ્રેસમાંથી સસ્પેન્ડ કરાયેલા મહામંત્રીએ પ્રમુખ સામે આક્ષેપો કરતા રાજકીય ગરમાવો

## આંતરિક વિખવાદ ચરમસીમાએ, રાજકીય માહોલ ગરમાયો

**અબતક, ઋષી મહેતા**

મોરબી જીલ્લા કોંગ્રેસમાં આંતરિક વિખવાદ ચરમસીમાએ પહોંચ્યો છે. પક્ષ વિરોધી પ્રવૃત્તિઓ કરતા હોવાના આક્ષેપો સાથે રમેશભાઈ રબારીને ૫ મહામંત્રી તરીકે ક્ષમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. ત્યારે રમેશભાઈ રબારી દ્વારા કોંગ્રેસ જીલ્લા પ્રમુખ કિશોરભાઈ ચીખલીયા સામે પરિવારવાદ, ભાજપ સાથે સાંઠગાંઠ અને શિસ્તભંગ જેવા ગંભીર આક્ષેપો સાથે અહેવાલ આપવામાં આવતા રાજકીય ગરમાવો વધ્યો છે.



મોરબી જીલ્લા કોંગ્રેસ સંગઠનમાં હાલ આંતરિક અસંતોષ અને ગેરસમજનો માહોલ સર્જાયો છે. હાલ કોંગ્રેસ પક્ષમાંથી સસ્પેન્ડ થયેલ રમેશભાઈ રબારી દ્વારા પક્ષ વિરોધી પ્રવૃત્તિઓ અને સંગઠનની વર્તમાન સ્થિતિ અંગે સોશ્યલ મીડિયામાં અહેવાલ રજૂ કરવામાં આવ્યો છે. જે મુજબ, જીલ્લા કોંગ્રેસ પ્રમુખ કિશોરભાઈ ચીખલીયા સામે અનેક ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. જેમાં સૌથી મોટો મુદ્દો પરિવારવાદ અને ભાજપ સાથે સાંઠગાંઠનો ઉઠાવવામાં આવ્યો છે. આક્ષેપ મુજબ, તેમના ધર્મપત્ની હાલમાં મોરબી જીલ્લા પંચાયતમાં ભાજપના સભ્ય તરીકે કાર્યરત છે. વધુમાં, કિશોરભાઈ ખુદ ભાજપના પ્રતીકો લગાવેલી ગાડીમાં જાહેર કાર્યક્રમોમાં હાજરી આપતા હોવાના દાવાઓથી કાર્યકરોમાં અસંતોષ વ્યાપ્યો છે. આ ઉપરાંત, પક્ષના સત્તાવાર ઉમેદવારોનો વિરોધ કરીને શિસ્તભંગ કર્યાનો પણ આરોપ છે. પક્ષના વફાદાર નેતા જયંતીભાઈ જયરાજ સામે બળવો કરી પક્ષના નિર્ણયની અવગણના કર્યા હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેનાથી સંગઠનની એકતા પર અસર પડી છે. હાલ તો આ સમગ્ર મામલો રાજકીય વર્તુળોમાં ચર્ચાનો વિષય બન્યો છે.

# માળીયા(મી): મોટા દહીસરામાં હુમલાના કેસમાં ફરાર આરોપી ઝડપાયો

**અબતક, ઋષી મહેતા**

માળીયા(મી) પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ હત્યાના પ્રયાસના કેસની વિગતો મુજબ, મોટા દહીસરા ગામે બનેલા હત્યાના પ્રયાસના બનાવમાં આરોપી કીશોરભાઈ દેવદાનભાઈ લોખીલ ઉવ.૩૭ વાળો ગુનો આચરીને ફરાર થઈ ગયો હતો. આ બનાવને ગંભીરતાથી લઈ માળીયા(મી) પોલીસ મથકના પીઆઈએ આરોપીને ઝડપવા માટે અલગ-અલગ ટીમો રચી હતી. પોલીસ દ્વારા ટેકનિકલ સર્વેલન્સ તેમજ હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે આરોપીની ચોક્કસ બાતમી મળી કે, ફરાર આરોપી મોટા દહીસરાથી નાનાભેલા જવાના માર્ગ પર આવેલા વાળામા છુપાયો છે. આ માહિતીના આધારે પોલીસની સર્વેલન્સ ટીમે સ્થળને કોર્ડન કરીને આરોપીને ઝડપી પાડ્યો હતો. આ સાથે પોલીસ દ્વારા આરોપીની ધરપકડ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# વાંકાનેરમાં ગેરકાયદે ખનીજચોરી ઝડપાઇ રૂ.૪.૧૦ કરોડનો મુદ્દામાલ કબ્જે

**અબતક, ઋષિ મહેતા**

વાંકાનેર તાલુકાના ઓળ ગામની હળદર ધાર વિસ્તારમાં ગેરકાયદે ખનીજ ખનન કરતા ખનીજ માફિયાઓ સામે પોલીસ અને ખાણ-ખનીજ વિભાગે સંયુક્ત રેઈડ કરીને ખનીજ સાથે ત્રણ ડમ્પર અને એક એક્સકવેટર સહિત કુલ રૂ.૪.૧૦ કરોડનો મુદામાલ કબ્જે કર્યો છે.



વાંકાનેર તાલુકા પોલીસ મથકના ઈન્ચાર્જ પીઆઈ એચ.એ. જાડેજાની આગેવાનીમાં પોલીસ ટીમને ચોક્કસ બાતમી મળી કે, તાલુકાના ઓળ ગામની હળદર ધાર વિસ્તારમાં ગેરકાયદેસર ખનન થાય છે.

જેથી વાંકાનેર તાલુકા પોલીસ અને ખાણ-ખનીજ વિભાગે સંયુક્ત કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં સંયુક્ત ટીમે સ્થળ પર દરોડો કરતા, ખનીજ ભરેલા ટાટા કંપનીના ત્રણ ડમ્પર રજી.નં. જીજે-૩૬-એક્સ-૯૧૫૩, જીજે-૩૬-એક્સ-૮૮૦૪, જીજે-૩૬-વી-૯૯૪૯ તેમજ સાની કંપનીનું એક એક્સકવેટર સહિત કુલ રૂ. ૪ કરોડ ૧૦ લાખનો મુદામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન વાંકાનેર તાલુકા પોલીસ સ્ટાફ તથા મોરબી ખાણ-ખનીજ વિભાગની ટીમ જોડાઈ હતી. હાલ પોલીસે વધુ તપાસ હાથ ધરી ખનીજ માફિયાઓ સામે કડક કાર્યવાહી કરવાની દિશામાં ચક્રો ગતિમાન કર્યા છે.

# વાંકાનેર નર્સરી ચોકડી નજીક અકસ્માતમાં વૃદ્ધનું મોત, પત્ની ઈજાગ્રસ્ત

## મોટર સાયકલ ઉપર દર્શન કરવા જતા દંપતીને પાછળથી કારની ટક્કર

**અબતક, ઋષિ મહેતા**

વાંકાનેરમાં રહેતા વૃદ્ધ દંપતી પોતાના મોટરસાયકલમાં વરડૂસર ગામે દર્શન કરવા જતાં હોય તે દરમિયાન અકસ્માતમાં મોટર સાયકલ ચાલક ૭૦ વર્ષીય વૃદ્ધનું માથા અને પગમાં ગંભીર ઈજાઓ થવાથી મોત નીપજ્યું હતું, જ્યારે તેમની પત્નીને શરીરે સામાન્ય મૂંઢ ઈજાઓ પહોંચી હતી.

મળતી વિગતો મુજબ, વાંકાનેરના પંચશીલ સોસાયટીમાં રહેતા પિતા જેહાભાઈ નાજાભાઈ લામકા ઉવ.૭૦ અને રખુબેન વરડુસર ગામે માતાજીના દર્શન કરવા માટે મોટરસાયકલ રજી.નં. જીજે-૦૩-બીજે-૮૩૨૫ લઈને નીકળ્યા હતા.

ત્યારે વાંકાનેર-મોરબી નેશનલ હાઈવે પર નર્સરી ચોકડી નજીક પાછળથી પુરઝડપે આવી રહેલી કાર રજી. નં. જીજે-૦૩-એમઆર-૪૮૨૭ના ચાલકે મોટરસાયકલને જોરદાર ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતના કારણે જેહાભાઈને માથા તેમજ બન્ને પગમાં ગંભીર ઈજાઓ પહોચતા સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજ્યું હતુ. જ્યારે ફરિયાદીની માતા રખુબેનને મૂંઢ ઈજાઓ પહોંચી હતી.

અકસ્માત સર્જી કાર ચાલક તેનું વાહન મૂકીને નાસી ગયો હતો. હાલ વાંકાનેર સીટી પોલીસે આરોપી કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સર્વાઈકલ કેન્સરથી રક્ષણ આપતી એચપીવી વેકિસન આરોગ્ય કેન્દ્રોમાં ઉપલબ્ધ



**અબતક, ઋષી મહેતા**

મોરબી શહેરમાં ગર્ભાશયના મુખના કેન્સરથી બચાવ માટે મહત્વપૂર્ણ પગલા રૂપે એચપીવી વેક્સિનેશન શરૂ કરવામાં આવ્યું છે. દેશના વડાપ્રધાનના માર્ગદર્શન હેઠળ દેશવ્યાપી અભિયાન અંતર્ગત તા. ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬થી આ અભિયાન અમલમાં હોય ત્યારે મોરબી મહાનગરપાલિકા હેઠળના શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો જેમાં ગોકુલનગર (શનાળા બાયપાસ પાસે), વીસીપરા (ફૂલછાબ કોલોની), લીલાપર રોડ (પરષોતમ ચોક), સો ઓરડી (જીલ્લા પંચાયત સામે) અને વાવડી રોડ (આશાપુરા પાર્ક) ખાતે દરરોજ સવારે ૯ થી ૧૨ વાગ્યા દરમિયાન એચપીવી વેક્સિન વિનામૂલ્યે આપવામાં આવે છે.

આ વેક્સિન માત્ર ૧૪ વર્ષ પૂર્ણ કરી ૧૫મું વર્ષ ચાલું હોય તેવી કિશોરીઓ માટે ઉપલબ્ધ છે. વેક્સિન લેવા માટે જન્મતારીખ દર્શાવતું ઓળખપત્ર અને માતા-પિતા અથવા વાલીનું સંમતિપત્ર ફરજિયાત રહેશે. આ સાથે આરોગ્ય વિભાગ દ્વારા તમામ પાત્ર કિશોરીઓને આ વેક્સિનનો લાભ લેવા અને કોઈપણ અફવાઓથી દૂર રહી જાગૃતિ દાખવવા અપીલ કરવામાં આવી છે.

# મનપા દ્વારા રૂ.૧૦૬.૬૫ કરોડના વિકાસ કાર્યોનું ખાતમુહર્ત કરાયું



**અબતક, ઋષિ મહેતા**

મોરબી મહાનગરપાલિકા દ્વારા પંચમુખી હનુમાનજી મંદિરના હોલ ખાતે રૂ.૧૦૬.૬૫ કરોડના ખર્ચે થનારા ૧૪ જેટલા વિવિધ વિકાસ કામોનું ખાતમુર્હૂત રાજ્યકક્ષાના શ્રમ અને રોજગાર મંત્રી કાંતિભાઈ અમૃતિયાના હસ્તે અને સાંસદ વિનોદભાઈ ચાવડા તથા મહાનગરપાલિકાના કમિશનર સ્વપિનલ ખરેની વિશેષ ઉપસ્થિતીમાં થયું હતું.

આ તકે મંત્રી કાંતિભાઈ અમૃતિયાનાએ જણાવ્યું હતું કે આપણા મોરબી શહેરને અનેકવિધ વિકાસ કામોની ભેટ મળવા જઈ રહી છે, ત્યારે કોઈપણ કામ નબળું ચલાવવામાં આવશે નહીં અને કામની ગુણવત્તા જાળવવામાં આવશે. આ પ્રસંગે સાંસદ વિનોદભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે મોરબીની નોંધ આખા વિશ્વમાં સિરામિક ઉદ્યોગ તરીકે લેવામાં આવી રહી છે.આ તકે મહાનુભાવોએ દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મૂક્યો હતો. મ્યુ.કમિશનર સ્વપ્નિલ ખરેએ પ્રાસંગીક પ્રવચન કર્યુ હતું. નાયબ મ્યુ. કમિશનર સંજય સોનીએ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. આ તકે મહાનુભાવો, મહાનગરપાલિકાના અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### સુરતના વરાછા સ્થિત ભરતજી સેવા ટ્રસ્ટ દ્વારા

# માધવાનંદ ફાર્મ ખાતે ત્રિ-દિવસીય હનુમાન ચાલીસા કથાનું દિવ્ય આયોજન

## મોરબીના શાસ્ત્રીજી નિખીલભાઈ જોશી પ્રભાવશાળી વાણીથી કથાનું રસપાન કરાવશે

**અબતક,રાજકોટ**

સુરત શહેરના મોટા વરાછા ખાતે ભરતજી સેવા ટ્રસ્ટ દ્વારા આયોજિત હનુમાન ચાલીસા કથાનું વિદ્વાન શાસ્ત્રીજી નિખીલભાઈ જોશીના વ્યાસાસને ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. વધુ વિગત મુજબ 'સૂર્યપુત્રી' તાપી નદીના કિનારે વસેલું ઐતિહાસિક સુરત શહેરના મોટા વરાછા ખાતે વેદાંત બંગલો પાસે માધવાનંદ ફાર્મ દુખિયાનો દરબાર રોડ ખાતે ભરતજી સેવા ટ્રસ્ટ દ્વારા



તા. ૭ ને મંગળવાર થી ૯ એપ્રિલ દરમિયાન રાત્રે ૮/૩૦ થી ૧૨ કલાક દરમિયાન હનુમાન ચાલીસા કથાનું ભવ્ય અને દિવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ કથાના પ્રખર વકતા શાસ્ત્રી નિખીલભાઈ જોશી (મોરબી વાળા ) પોતાની પ્રભાવશાળી વાણીથી ભગવાન પ્રત્યેના પ્રેમને સુંદર રીતે રસપાન કરાવી શ્રોતાઓને તરબોતર કરશે આ ધર્મઉત્સવમા ધર્મપ્રિય જનતાએ લાભ લેવા પ્રમોદ મિશ્રાજી કુલ વૃક્ષ વંશાવલી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે

# પડધરીના ખોડાપીપર ગામે સસરા-સાળા આણી ટોળકીએ જમાઈનું ઢીમ ઢાળી દીધું

## પત્ની સાથે સતત બોલાચાલી કરતા પતિને પુત્રીની નજર સામે જ ધોકાના ઘા ઝીંકી પતાવી દેવાયોઃ લાશ દૂર વાડીમાં ફેંકી દીધી

**અબતક, રાજકોટ**

પડધરીના ખોડાપીપર ગામે સસરા અને સાળા આણી ટોળકીએ જ જમાઈને મોતને ઘાટ ઉતારી દીધો હતો. બાદમાં લાશને ત્રણ શખ્સોની ટોળકી દૂર વાડીમાં ફેંકી આવી હતી. પુત્રીની નજર સામે જ જમાઈની હત્યાને અંજામ આપી પુત્રીને પણ ખૂનની ધમકી અપાઈ હતી. જે મામલે પડધરી પોલિસની ટીમે હત્યાની કલમો હેઠળ ગુનો નોંધી ત્રણ શખ્સોને રાઉન્ડ અપ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. હત્યાના બનાવમાં મધ્યપ્રદેશના અલીરાજપુરના ૬૫ વર્ષીય વૃદ્ધ શેકડીયાભાઈ નાન્સિયાભાઈ દેહદીયાએ આરોપી તરીકે વેરસિંહ કોન્યાભાઈ બુડેળીયા, રમેશ વેરસિંહ બુડેળીયા અને ધર્મેશ પધમભાઈ ચીકલકુરિયાનું નામ આપતાં પડધરી પોલિસેં બીએનએસની કલમ ૧૦૩(૧), ૨૩૮(એ), ૩૫૧ (૩) હેઠળ ગુનો નોંધી ત્રણેય આરોપીઓને રાઉન્ડ અપ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. વૃદ્ધે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, મારે સંતાનમા ત્રણ દીકરી અને એક દીકરો છે. જેમા સૌથી મોટી બુધીબેન, બાદ દીકરો માનસિંહ (ઉવ ૩૫) જેના લગ્ન છોટીશી ગામે કરમાબેન સાથે થયેલ છે, તેનાથી નાની ભુરીબેન તેના પતિ સાથે વાંકાનેર ગૌશાળામા કામ કરે છે અને તેનાથી નાની ચંગુબેન હાલ તેના પતિ સાથે અમરેલી જીલ્લામાં ખેતમજુરી કામ કરે છે. મારી પત્નીનુ નામ દયાબેન છે. જે મારા વતનમાં આંબવા ગામમાં રહે છે.

વૃદ્ધએ જણાવ્યુ હતું કે, ગઈ તા. ૨૮/૦૩/૨૦૨૬ ના રોજ બપોરના બે વાગ્યે કોડબા ગામે રહેતા મારા મોટા જમાઈ કૈલાશભાઈ ચમસીહ ભંયડીયાનો મારી પત્ની દયાબેનના મોબાઈલમા ફોન આવેલ કે, માનસીંહ રાજકોટના ખોડાપીપર ગામે વાડીમા મરણ ગયેલ છે તેમ વાત કરેલ હતી. થોડીવાર બાદ મારો જમાઈ કૈલાશભાઈ તેના ગામથી અમારા આબુવા ગામમા આવેલ અને ત્યાં અમારા ઘરે આવીને માનસિંહના મોત અંગે વાત કરેલ હતી. ત્યારબાદ હું તથા મારો જમાઈ કૈલાશભાઈ, દીકરી બુધીબેન વાહન બંધાવીને રાતના નવેક વાગ્યે આંબવા ગામથી અહીં રાજકોટ આવવા નીકળેલ હતા. બાદ બીજા દિવસે સવારના અગયાર વાગ્યે અમે રાજકોટ સરકારી દવાખાને પહોચેલ હતા. ત્યાં મારા દીકરા માનસીહની લાશને પી.એમ. રૂમમા રખાવેલ હતી.

### તારા પતિને અમે મારી નાખ્યો છે તેવી વાત કોઈને કરીશ તો તને પણ પતાવી દેશુંઃ પુત્રીને પણ ધમકાવી

પુત્રીની નજર સામે જ પિતા સહીતની ટોળકીએ ૩૫ વર્ષીય જમાઈને ધોકાના ઘા ઝીંકી પતાવી દીધો હતો. બાદમાં ત્રણેયએ પુત્રીને ધમકાવતા કહ્યું હતું કે, તુ અહીંથી વાડીએ ચાલી જા અને આ તારા પતિને અમે મારેલ તેની કોઈ ને વાત કરતી નહીં, નહીંતર તને પણ મારી નાખીશું તેવી ધમકી આપી હતી.

બાદ લાશનુ ફોરેન્સીક પી.એમ. કરાવેલ હતુ. પી.એમ. થઈ જતા હુ મારા દિકરાની લાશ જોવા ગયેલ ત્યારે મારા દિકારાનુ મોઢુ કોહવાઈ ગયેલ હાલતમાં હતુ અને શરીર પરની ચામડી ઉખડી ગયેલ હતી. બાદ મારા દિકરાના સસરા, તેના ભાઈ અને તેના બીજા સંબંધીઓ બધા ત્યા હોસ્પિટલમા હતા પરંતુ તેમને મારા દિકરાના મરણથી કોઈ ફર્ક ના પડેલ હોય તેવુ લાગેલ હતું. જેથી મને આ લોકો પર શંકા ગયેલ હતી. અહીં પુત્રવધુ એકમાત્ર રડતી હતી. બાદ પોલીસ મારા દિકરાના સસરા અને તેના સાળા રમેશને અને રમેશના મીત્ર ધર્મેશનેને પડધરી પોલીસ મથકે લઈ ગયેલ હતી. બાદ હું, મારા જમાઈ તથા દીકરી ત્રણેય પણ પોલીસ સ્ટેશને ગયેલ હતા.

## તમારો પુત્ર વતન આવવા નીકળી ગયો છે તેવો પુત્રી પાસે સાસરિયાઓને ફોન પણ કરાવી દીધો

બાદ પુત્રવધુ કરમાબેનની મારા તથા મારા જમાઈની હાજરીમા પુછપરછ કરતા તેણે જણાવેલ કે, તા. ૨૩/૦૩/૨૦૨૬ ના રોજ સવારે સોમવારી બજાર પડધરી ખાતે ખરીદી કરવા ગયેલ ત્યારે પતિએ તેને બે હજાર રૂપીયા આપેલ હતા. ખરીદી કરી સાંજે તેના પિતા વેરસિંહભાઈની વાડી ગયેલ હતી. બાદ રાત્રિના નવેક વાગ્યે તેનો પતિ માનસિંહ ત્યા વાડીની બહાર આવેલ રસ્તા પાસે આવેલ અને કહેલ કે, આજે તે કેટલા રૂપીયા વાપરી નાખ્યા? જેથી મે તેને કહેલ કે બધા રૂપીયા વાપરી નાખેલ છે. તો તેણે કહેલ કે આટલા બધા રૂપીયા શું કામ વાપરી નાખેલ તેમ કહી ઝગડો કરવા લાગેલ હતો. અમારી બન્ને વચ્ચે ખુબ બોલાચાલી થતાં ઝગડાનો અવાજ સાંભળી મારા પિતા વેરસિંહભાઈ હાથમા લાકડાનો ધોકો લઈને આવેલ અને કહેલ કે, તુ વાડીએ જતી રહે, આજે આને પુરો કરી દેવો છે તેમ કહી ધોકો પતિના માથામાં પાછળના ભાગે મારી દીધેલ હતો. પતિએ જોરથી દેકારો કરતા ત્યા મારો ભાઈ રમેશભાઈ તથા તેનો મિત્ર ધર્મેશભાઈ કે જે મારો ભાઈ રહે છે ત્યા બાજુમાં બીજી વાડીએ રહે છે તે મારી વાડીએ બેસવા આવેલ હતો તે બન્ને પણ ત્યાં ધોકો લઈને આવેલ હતા. બાદ તેં બન્નેએ મારા પતિને માથામા પાછળના ભાગે ઘા મારેલ હતો જેથી પતિ ત્યા રોડ પર પડી ગયેલ હતા. ત્યારે આ ત્રણેયે મને કહેલ કે, તુ અહીંથી વાડીએ ચાલી જા અને આ તારા પતિને અમે મારેલ તેની કોઈ ને વાત કરતી નહીં, નહીંતર તને પણ મારી નાખીશું તેવી ધમકી આપી હતી. જેથી હું ડરી ગયેલ અને મારે છોકરા નાના હોય જેથી હુ ત્યાથી વાડીએ જતી રહેલ હતી અને આ બાબતની કોઈને જાણ કરેલ નહીં.

બાદ આ લોકો મારા પતિની લાશને આગળ એક વાડીમા કપાસના ખેતરમાં વચ્ચે નાખી આવેલ હતા. બીજા દિવસે મારા ભાઈ રમેશે મને કહેલ કે, તુ તારા સસરાને જાણ કરી દે કે, તેનો દીકરો ત્યા આવવા નીકળેલ છે. જેથી મારા મમ્મીના ફોનમાથી મારા સસરાને ત્યા મારા પતિ આવવા નીકળેલ છે, તેવી જાણ કરાવેલ હતી. પુત્રવધુએ આપેલી કબૂલાતના આધારે વૃદ્ધ પિતાએ પુત્રની હત્યા મામલે પુત્રના સસરા વેરસિંહ કોન્યાભાઈ બુડેળીયા, સાળા રમેશભાઈ વેરસિંહ બુડેળીયા અને તેના મિત્ર ધર્મેશ પધમભાઈ ચીકલગુરીયા વિરુદ્ધ પડધરી પોલિસ મથકે ફરિયાદ આપતાં પીઆઈ એસ એન પરમારની ટીમે હત્યા, ધમકી સહીતની કલમો હેઠળ ગુનો નોંધી ત્રણેય હત્યારાઓને રાઉન્ડ અપ કરી કાયદેસરની કાર્યવાહી આદરી હતી.

### પડધરી પોલીસે હત્યાની કલમો હેઠળ ગુનો નોંધી ત્રિપુટીને રાઉન્ડ અપ કર્યા

# ગોંડલના ભુણાવા ગામે દોઢ કરોડની ખનીજ ચોરી ઝડપાઈ

## રોયલ્ટી ઈન્સ્પેક્ટરની ફરિયાદના આધારે પોલીસે ૬ ઈસમો સામે ગુનો દાખલ કર્યો

**અબતક જીતેન્દ્ર આચાર્ય**
**ગોંડલ**

ગોંડલના ભૂણાવા ગામે ખનીજ ચોરી ના દુષણ સામે તંત્રએ આકરી કાર્યવાહી હાથ કરી દોઢ કરોડ ની ખનીજ ચોરી ઝડપી લઇ રોયલ્ટી ઈન્સ્પેક્ટર ની ફરીયાદના આધારે પોલીસે ૬ ઈસમો સામે ગુનો દાખલ કર્યો હતો.

રાજકોટ ખનીજ ખાતામાં રોયલ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા કિશનભાઈ રાણવા એ તાલુકા પોલીસમાં ભૂણાવા ના સહદેવસિંહ રેવતુભા જાડેજા, સિધ્ધરાજસિંહ નીરૂભા જાડેજા, મજબૂત છે કીરૂભા જાડેજા, રણજીતસિંહ નટુભા જાડેજા, દિગ્વિજયસિંહ બાપાલાલ જાડેજા, ચન્નાભાઈ આંબાભાઈ સરસીયા રહેવાસી મોટામહીકા સામે ફરિયાદ નોંધાવી હતી. કલેક્ટર કચેરીમાં વિક્રમસિંહ મોંઘુભા જાડેજા એ કલેક્ટરના ધન સંપર્ક અધિકારીને ફરિયાદ કરી હતી કે ગામના ગૌચરની જમીન અને સરકારી ખરાબામાં ખનીજ ચોરી થાય છે. રાજકોટ ભૂસ્તર વિભાગેઆઠ ડિસેમ્બરે સ્થળ ઉપર જઈ તપાસ કરી હતી પરંતુ પહકોઈ પ્રવૃત્તિ મળી આવી ન હતી જોકે મોરમ મશીન દ્વારા ખોદાણ થયું હોવાનું જાણવા મળ્યું આ અંગે જયુપીટર કોલ ફ્રોમ મશીન કંપનીને ૧૮૫૮.૬૨ ટોનસંગ્રહ બાબતે કરવામાં આવી હતી તેનું સંધાને ત્રણ બે ના રોજ સમાધાન માટે રકમ ભરપાઈ કરી હતી ત્યારબાદ ફરીથી ભૂસ્તર શાસ્ત્રીને પત્ર મળ્યો હતો જેમાં ગૌચરની સરકાર હસ્તકની જમીન માં ખોદકામ અંગે અરજદારને હાજર રાખી તપાસ હાથ ધરી હતી અને ખોદાણ બહાર આવ્યું હતું. તપાસમાં સર્વે નંબર ૨૦૩ અને૧૦૬માં કોઈપણ મંજૂરી વગર ૩૮૫૧૪.૩૧ મેટ્રિક ટર્મ અને ૩૧૭૯૮.૧૦ સાદી માટીની ચોરી અને તનના ૧૭૫ લેખે ૫૫૬૬૬૮ પર્યાવરણ નુકસાન વળતર પેટે ૧૨૮૧૫૧૪ સોફ્ટ મોરમ ની ચોરી પેટે ૧૭૭૭૧૪૭ પર્યાવરણના દંડ પેટે ૧૩૬૮૬૩૦ વળી કુલ ૧૫૯૯૧૬૫૯૧,૬૫૯ ખનીજ ચોરી અંગે ગોંડલ તાલુકા પોલીસે તપાસ હાથ ધરી હતી.

# કોટડા નાયાણીની સીમમાં બાળકીનું પાણીની કુંડીમાં ડૂબી જવાથી મોત

**અબતક, રાજકોટ**

વાંકાનેર તાલુકાના કોટડા નાયાણી ગામની સીમમાં ખેતરની વાડીમાં રમતા-રમતા એક વર્ષની માસૂમ બાળકી પાણી ભરેલી સિમેન્ટની કુંડીમાં પડી જતાં તેનું મોત નીપજ્યું છે. આ બનાવને પગલે શ્રમિક પરિવારમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ, મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ કોટડા નાયાણી ગામની સીમમાં હસમુખભાઈ લીંબાસિયાની વાડીમાં ખેત મજૂરી કરતા કલમભાઈ ગુડિયાની એક વર્ષની પુત્રી નૈયા ગઈકાલે બપોરે ૧:૦૦ વાગ્યાના સુમારે વાડીમાં રમી રહી હતી. રમતા-રમતા અચાનક વાડીમાં આવેલી સિમેન્ટની પાણી ભરેલી કુંડીમાં પડી ગઈ હતી. બાળકી કુંડીમાં પડી હોવાની જાણ થતાં પરિવારજનો તુરંત ત્યાં દોડી ગયા હતા અને તેને બેભાન હાલતમાં બહાર કાઢી હતી. તેને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. જોકે, ત્યાં હાજર તબીબોએ તપાસ બાદ બાળકીને મૃત જાહેર કરી હતી.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક નૈયા તેના એક ભાઈ અને ત્રણ બહેનોમાં સૌથી નાની હતી. તેના પિતા ખેતીકામ કરીને ગુજરાન ચલાવે છે, શ્રમિક પરિવારે પોતાની વહાલી દીકરી ગુમાવતા પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ગોંડલઃ ખનીજ ચોરી પ્રકરણમાં રાજકીય છબી ખરડવાનો પ્રયાસઃ સહદેવસિંહ જાડેજા

## ભુણાવા ગામની જમીનમાંથી રૂ.૧.૫૯ કરોડની ખનીજ ચોરીનો છ સામે ફરીયાદ કરીઃ તપાસમાં સરકારની ખાતરી

**અબતક,**
**જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**

રાજકોટ જિલ્લા પંચાયતના પૂર્વ કારોબારી અધ્યક્ષ અને ભાજપના અગ્રણી સહદેવસિંહ જાડેજા સહિત ૬ વ્યક્તિઓ સામે ખનીજ ચોરીની ફરિયાદ નોંધાઈ છે. ગોંડલ તાલુકાના ભૂણાવા ગામની ગૌચર તથા સરકારી ખરાબાની જમીનમાંથી આશરે રૂ. ૧,૫૯,૯૧,૯૮૯ની કિંમતની ખનીજ ચોરીનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ખાણ-ખનીજ વિભાગ દ્વારા ગોંડલ તાલુકા પોલીસ મથકે આ ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

ખાણ-ખનીજ વિભાગની તપાસમાં સામે આવ્યું છે કે ભૂણાવા ગામની સરકારી જમીન પર મોટા પાયે ગેરકાયદેસર ખોદકામ કરીને ખનીજની ચોરી કરવામાં આવી હતી. આ મામલે વિભાગ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને ગોંડલ તાલુકા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. આ મામલે ફરિયાદ નોંધાયા બાદ સહદેવસિંહ જાડેજા મીડિયા સમક્ષ આવ્યા હતા અને તમામ આક્ષેપોને પાયાવિહોણા ગણાવ્યા હતા. તેમણે જણાવ્યું કે તેમની સામે ચૂંટણી લડેલા વિક્રમસિંહ જાડેજાના કહેવાથી આ ખોટી ફરિયાદ કરવામાં આવી છે.

જાડેજાના જણાવ્યા મુજબ, ચૂંટણીમાં મળેલી હારની અદાવત રાખીને વિક્રમસિંહ જાડેજા સતત તેમની અને ગ્રામ પંચાયત વિરુદ્ધ ૧૫૦થી વધુ ખોટી અરજીઓ કરી ચૂક્યા છે. તેમણે વધુમાં દાવો કર્યો કે ખાણ-ખનીજ વિભાગના અધિકારીઓને સ્થળ પરથી કોઈ વાહન, જેસીબી, ટ્રેક્ટર કે ડમ્પર મળ્યું નથી અને તેમની પાસે આવા કોઈ સાધનો પણ નથી. આક્ષેપિત જગ્યા તેઓ છેલ્લા ૨૦ વર્ષથી વાપરી રહ્યા છે અને વર્ષ પહેલાં રોડના કામ વખતે માટી વપરાઈ હોઈ શકે છે, જેમાં તેમનો કોઈ રોલ નથી.

સહદેવસિંહ જાડેજાએ વધુમાં જણાવ્યું કે તેમને ન્યાયતંત્ર અને પોલીસ પર પૂર્ણ ભરોસો છે. પોલીસ જ્યારે પણ બોલાવશે ત્યારે તેઓ હાજર રહેશે અને કાયદાકીય લડત લડશે. સોશિયલ મીડિયા પર તેમની છબી ખરડવાનો પ્રયાસ કરતા લોકો સામે પણ તેઓ કોર્ટમાં જવાની ચેતવણી આપી છે.

આ સમગ્ર ઘટનાથી રાજકીય વર્તુળોમાં ગરમાવો આવ્યો છે અને મામલો વધુ ચર્ચાનો વિષય બન્યો છે.

# વિરપુરમાં લગ્નપ્રસંગમાં બબાલઃ યુવાનને હથિયાર બતાવી ફડાકા ઝીંકી દેવાયા

## હવે સરપંચ બનવાનું વિચાર્યું તો ટાંટિયા ભાંગી નાખીશું કહી ધમકી અપાઈઃ ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

વિરપુરમાં લગ્નપ્રસંગમાં યુવાનને હથિયાર બતાવી હવે સરપંચ બનવાનું વિચાર્યું તો જાનથી મારી નાખીશું તેમ કહી ધમકી અપાઈ હતી. સરપંચની ચૂંટણીમાં ઉમેદવારી કર્યાનો ખાર રાખી ચાર શખ્સોએ ધમકી આપી યુવાનને ફડાકા ઝીંકી દીધા હતા. જે મામલે વિરપુર પોલિસ મથકે ગુનો નોંધાયો હતો.

મામલામાં જેતપના મોણપર ગામે રહેતા ૨૮ વર્ષીય ખેડૂત યુવાન વિજયભાઈ બાઘુભાઈ ધાધલે આરોપી તરીકે ગામમાં જ રહેતા અનક જીલુભાઈ ધાધલ, પ્રતાપ જીલુભાઈ ધાધલ, ઉમેદ જીલુભાઈ ધાધલ અને જયદીપ પ્રતાપભાઈ ધાધલનું નામ આપતાં જણાવ્યું હતું કે, એકાદ વર્ષ પહેલા ગઈ તા.૦૬/૦૨/૨૦૨૫ ના રોજ વિરપુર ગામમાં રહેતા મારા કૌટુંબીક ભત્રીજા હિતેશભાઈ ભીખુભાઈ ધાધલના લગ્ન પ્રસંગ વિરપુર ખાતે હોય જેથી ત્યાં લગ્નપ્રસંગમાં હાજરી આપવા માટે હું તથા મારો મોટોભાઈ દીલીપભાઈ ગયેલ હતા. જ્યાં હું તથા મારો કૌટુંબિક ભાઈ હાર્દિકભાઈ ભાભલુભાઈ ધાધલ ઉભા હતા. દરમિયાન અમારા મોણપર ગામના અનક જીલુભાઈ ધાધલ, પ્રતાપ જીલુભાઈ ધાધલ, ઉમેદ જીલુભાઈ ધાધલ તથા જયદીપ ધાધલ લગ્નપ્રસંગમાં હાજરી આપી બહાર નીકળતા હતા. આ લોકો સાથે અમારે અગાઉ મોણપર ગામમાં સરપંચની ચુંટણી બાબતે મનદુઃખ હોય જેથી મને જોઈને અનકભાઈ બોલેલ કે, તું અમારા વિરૂધ્ધ કેમ પોલીસ સ્ટેશનમાં અરજી કરે છે અને અમે કહીશું તે જ સરપંચ રહેશે. જેથી મે કહેલ કે આપણે અત્યારે લગ્નમાં આવેલ છીએ જેથી કોઈનો પ્રસંગ બગાડવો નથી. બાદ અનકભાઈ, પ્રતાપભાઈ, ઉમેદભાઈ તથા જયદીપ મને ગાળી આપવા લાગેલ હતા. અનકભાઈએ મારો કાઠલો પકડીને કહેલ કે, હવે અરજી કરીશ કે મોણપર ગામમાં સરપંચ બનવાનુંનું વિચારશો તો ટાટીયા ભાંગી નાખીશ કહી અનકભાઈએ મને બે લાફા મારી દીધેલ હતા. બાદ જયદીપે કમરના ભાગે લાયસન્સ વાળી રીવોલ્વર બાંધેલ હોય તે બતાવીને મને કહેલ કે, આ રીવોલ્વર તમારા માટે જ રાખેલ છે, અમેં સાત ભાઈઓ છીએ, હવે તને તો મારી જ નાખવો છે. દરમિયાન પ્રસંગમાં હાજર હાર્દિકભાઈ, શાંતુભાઈ ગોદળભાઈ ધાધલ, કરણભાઈ પ્રકાશભાઈ ધાધલએ અમને છુટા પડાવેલ હતા. ત્યારબાદ હું ત્યાંથી જતો રહેલ હતો. વધુમાં યુવાને ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, મોણપર ગામમાં સરપંચની ચુંટણીમાં પ્રતાપભાઈ જે વ્યક્તિ નુ નામ કહેતા તે જ વ્યક્તિ સરપંચ તરીકે બીનહરીફ ચુંટાઈ આવતા હોય તેમજ પ્રતાપભાઈ અને જયદીપભાઈ અગાઉ મોણપર ગામમા સરપંચ તરીકે રહી ચુકેલ હોય જેથી મે અગાઉ મોણપર ગામમાં સરપંચ તરીકે ઉભા રહેવા માટે ફોર્મ ભરવાનું કહેલ હોય જેનો ખાર રાખી મને ગાળો આપી, ખૂનની ધમકી આપી ફડાકા ઝીંકી દીધા હતા. જે મામલે યુવાનની ફરિયાદ પરથી વિરપુર પોલિસેં હુમલો, ધમકી અને આર્મ્સ એક્ટની કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. ઉલ્લેખનીય છે કે, બે દિવસ પૂર્વે જ જેતપુરના મોણપર ગામના વતની અને હાલ રાજકોટ શહેરના કાલાવડ રોડ પર સ્વામિનારાયણ મંદિરની પાછળ વૈશાલીનગર શેરી નં.-૩ માં રહેતા અને ડ્રાયવિંગનો વ્યવસાય કરતા ૪૦ વર્ષીય યુવાન ભુપેન્દ્રભાઈ ઉર્ફે રઘુભાઈ દડુભાઈ ધાધલે આરોપી તરીકે મોણપર ગામના ગટુભાઈ ઉર્ફે પુંજભાઈ જીલુભાઈ ધાધલ, અનકભાઈ જીલુભાઈ ધાધલ, પ્રતાપભાઈ જીલુભાઈ ધાધલ, બાબભાઈ જીલુભાઈ ધાધલ, ભરતભાઈ જીલુભાઈ ધાધલ અને ઉમેદભાઈ જીલુભાઈ ધાધલનું નામ આપી આરોપીઓએ યુવાનની મોણપર ગામે આવેલી જમીન પચાવી પાડવાના ઈરાદે વારંવાર ધમકીઓ આપ્યા અંગે ફરિયાદ નોંધાવી હતી.

# ધોરાજીમાં પૈસાની ઉઘરાણીમાં નિર્દોષ યુવાનની કુહાડાના ઘા ઝીંકી ક્રૂર હત્યા

## પી.આર.આંગડીયા પેઢીના ભગીરથસિંહ જેઠવા અને મહિપતસિંહ જેઠવાએ માર્કેટીંગ યાર્ડના કમિશન એજન્ટ પર કરેલા હુમલામાં વચ્ચે પડેલા ભત્રીજાને રહેંસી નાખ્યો


## એએસપી સીમરન ભારદ્વાજ સહિતનો પોલીસ કાફલો દોડી ગયો, ધોરાજી પોલીસે ગુનો નોંધી બંને હત્યારાઓની ધરપકડ કરી કાયદાનું ભાન કરાવ્યું

**અબતક, રાજકોટ**

ધોરાજીમાં પૈસાની ઉઘરાણીમાં નિર્દોષ યુવાનની કુહાડના ઘા ઝીંકી થયેલ કરપીણ હત્યાના બનાવથી પંથકમાં ચકચાર જાગી છે. પી.આર.આંગડીયા પેઢીના ભગીરથસિંહ જેઠવા અને મહિપતસિંહ જેઠવાએ માર્કેટિંગ યાર્ડના કમીશન એજન્ટના ભત્રીજાને કુહાડાનો ઘા ઝીંકી ગળું ચીરી નાંખ્યું હતું. ગંભીર બનાવથી એએસપી સીમરન ભારદ્વાજ સહિતનો પોલીસ કાફલો દોડી ગયો હતો અને ધોરાજી પોલીસે ગુનો નોંધી બંને હત્યારાઓની ધરપકડ કરી કાયદાનું ભાન કરાવ્યું હતું.

બનાવ અંગે ધોરાજીમાં જામકંડોરણા રોડ પર ગણેશનગરમાં રહેતાં પરેશભાઈ ઉર્ફે કુંદનભાઈ કનુભાઈ બારૈયા (ઉ.વ.૪૫) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે પી. આર.આંગડીયા પેઢીના માલીક ભગીરથસિંહ જેઠવા અને મહિપતસિંહ જેઠવા (રહે. બંને પોરબંદર) નું નામ આપતાં ધોરાજી તાલુકા પોલીસે હત્યાની





કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી. વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ ધોરાજીમા માર્કેટીંગ યાર્ડમાં કમીશન એજન્ટથી શાકભાજીનો ધંધો કરે છે. તેઓને સંતાનમાં બે દીકરી તથા એક દીકરો છે. જેમા સૌથી નાનો દીકરો વિવેક છે તેમજ બે ભાઈ તથા એક બહેનમાં તેઓ સૌથી મોટો અને નાનો કેશવભાઈ જે અલગ તેના પરીવાર સાથે રહે છે.

સાત-આઠ દિવસ પહેલા ધોરાજી જેતપુર રોડ ઉપર આવેલ પી.આર.આંગડીયામાં રૂ.૪,૦૮,૦૦૦ લખાવેલ હતા. આ રૂપિયા તેને દેવાના થતા હતા. તેમજ શાકભાજીના રૂપિયાની લેવડ દેવડ આંગડીયા દ્વારા કરતા હોય જેથી પી.આર.આંગડીયા થકી જ લેવડ દેવડ તેઓ કરે છે. શનિવારે સાંજના ચારેક વાગ્યે પી.આર. આંગડીયાના બાકી રકમ પૈકી રૂ.૭૦ હજાર જમા કરાવેલ હતા. ત્યાર બાદ સાંજના છએક વાગ્યાની આસપાસ તેઓ ગામમા બજારે હતો ત્યારે આ પી.આર. આંગડીયાના માલીક ભગીરથસિંહ જેઠવા માર્કેટીંગ યાર્ડમાં આવેલ પેઢી (દુકાન)એ ગયેલ જયા દીકરો વિવેક હાજર હતો, ત્યાંથી ભગીરથસિંહ જેઠવાએ ફોન કરેલ કે, બાકીના રૂપિયા આપી દો તેમ કહેતા કહેલ કે, હાલે મારી પાસે રૂપિયાની સગવડ નથી, હું તમને બાકીના રૂપિયા સોમવારે આંગડીયા પેઢીએ આવી આપી દઈશ તેમ કહેતા તેને કહેલ કે, મારે અત્યારે જ રૂપિયા જોઈએ તમે ક્યાં છો ? તેમ કહેતા તેને કહેલ કે, હું અત્યારે બજારે છું, તેમ કહેતા તે ઉશ્કેરાઈ જઈ ગાળો બોલવા લાગેલ જેથી બંન્નેને ફોનમાં બોલાચાલી થયેલ અને તેને ફોન કાપી નાખેલ હતો.

અડધી કલાક બાદ ફરીથી તેનો ફોન આવેલ અને કહેલ કે, તુ ક્યાં છો જેથી તેને કહેલ કે, તમારૂ પેમેન્ટ અત્યારે નહી આવે સોમવારે આવશે તમે મારી સાથે ખોટી માથાકુટ ન કરો તેમ કહેતા તે ફોનમાં ગાળો આપવા લાગેલ અને ફોન કાપી નાખેલ બાદ દીકરા વિવેકનો ફોન આવેલ કે, અત્યારે આપણી દુકાને ભગીરથસિંહ જેઠવા તથા મહીદીપસિંહ જેઠવા બંન્ને જણા આવેલા અને મને કહેલ કે, અમારા રૂપિયા આપી દેજો નહીતર તને અને તારા પપ્પાને જાનથી મારી નાખશું તેમ કહી જતા રહેલ છે.

### આરોપીઓનો વરઘોડો કાઢો : એએસપીને કોળી સમાજની ઉગ્ર રજુઆત

હત્યાના બનાવને પગલે કોળી સમાજ મેદાને પડ્યો છે અને મોટી રેલી સ્વરૂપે નીકળી એએસપી સીમરન ભારદ્વાજને ઉગ્ર રજુઆત કરી આરોપીઓને પકડી વરઘોડો કઢાવવાની માંગ કરી યુવકને ન્યાય અપાવવા લેખિત રજુઆત પણ કરી હતી.

ત્યારબાદ સાંજના સાતેક વાગ્યાની આસપાસ ગામમા બજારે હતો ત્યારે દીકરા વિવેકનો ફોન આવેલ કે, હું હાઈવે ઉપર વોકીંગ કરતો ત્યારે જામકંડોરણા રોડ પુલ ઉપર આઈ.ટી.આઈ.ની સામે સાંજના છ વાગ્યે આપણી દુકાને આવેલ ભગીરથસિંહ જેઠવા, મહીદીપસિંહ જેઠવા અને બીજા બે અજાણ્યા શખ્સો બ્રેઝા કાર નં.જીજે-૨૫-એએ-૯૨૫૬ લઈને આવેલા અને મને બોલાવી કહેલ કે, તારા પપ્પાને ફોન કર અને બુલેટની ચાવી, મોબાઈલ આપી દે તેમ કહેતા ચાવી તથા મોબાઈલ આપવાની ના પાડતા આરોપીઓ ઢીકા પાટુનો માર મારવા લાગેલ હતાં. જે બાદ ફરીયાદી સગા ભાઈ કેશવભાઈ તથા કુટુંબીક ભાઈ હરેશભાઈનો દીકરો હિમાલયને ફોન કરી બનાવની જાણ કરી પુલ ઉપર દીકરા પાસે જવાનુ કહી બજારેથી ત્યાં જવા નીકળેલ અને ભાઈ કેશવભાઈ તથા કુટુંબીક ભત્રીજો હિમાલય ઈક્કો વાહન લઈને ત્યાં ગયેલા હતાં. ત્યાં પહોંચતા હાઈવે ઉપર આઈ.ટી.આઈ.ની સામે આ ભગીરથસિંહ જેઠવાએ તેની બ્રેઝા કારમાંથી લોખંડનો કુહાડો કાઢી કુટુંબીક ભત્રીજા હીમાલયને ગળાને ભાગે મારી દીધેલ અને તેની સાથેના મહીદીપસિંહ જેઠવાએ લાકડી લઈને બીજા કુટુંબીજનોને મારતો હતો. તેઓ ત્યાં પહોંચતા આરોપીઓ બ્રેઝા કાર મુકીને નાસી છૂટ્યા હતાં. દરમિયાન કુટુંબીક ભાઈ હરેશભાઈના દીકરા હિમાલયને ગળાને ભાગે ચીરો પડી ગયેલ અને લોહી નીકળતુ હતુ જેથી તાત્કાલીક ધોરાજી સરકારી દવાખાને સારવારમાં લઈ ગયેલ જ્યાં પ્રાથમીક સારવાર આપી વધુ સારવાર અર્થે જુનાગઢ સરકારી દવાખાને રીફર કરતા ત્યાં તબીબે જોઈ તપાસી હીમાલયનું મોત થયેલનું જણાવેલ હતું. ધોરાજી એએસપી સિમરન ભારદ્વાજ સહિતનો મોટો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને વિસ્તાર કોર્ડન કરી તપાસનો ધમધમાટ આદર્યો હતો. જે અંગે ધોરાજી તાલુકા પોલીસ મથકમાં હત્યાની કલમ હેઠળ ગુનો નોંધાયા બાદ બંને આરોપીઓની ધરપકડ કરી કાયદાનું ભાન કરાવ્યું હતું.

# સાવરકુંડલામાં માવઠાંથી જગતાત ચિંતિત: બે દિવસ કમોસમી વરસાદની આગાહી

## સૌરાષ્ટ્ર સહીત રાજ્યભરમાં તાપમાનનો પારો ૪ ડિગ્રી સુધી ગગડ્યો: ભારે પવન ફૂંકાઈ તેવી સંભાવના

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં અત્યારે કાળઝાળ ઉનાળાની શરૂઆત થઈ ગઈ છે, પણ વાતાવરણ જાણે ચોમાસા જેવું બની ગયું છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે રાજ્યના હવામાનમાં અચાનક મોટો પલટો આવ્યો છે. અમરેલી જિલ્લામાં કાળઝાળ ગરમી અને બફારા વચ્ચે અચાનક કમોસમી વરસાદ ખાબક્યો છે, જ્યારે અરવલ્લી જિલ્લામાં વાદળછાયું વાતાવરણ સર્જાયું છે. ભર ઉનાળે આવેલા આ માવઠાના કારણે ખેડૂતોના જીવ તાળવે ચોંટી ગયા છે, કારણ કે કેરી, ઘઉં અને મકાઈ જેવા પાકોને મોટું નુકસાન થવાની ભીતિ છે. હવામાન વિભાગે પણ આગામી દિવસોમાં સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતના અનેક જિલ્લાઓમાં વરસાદ અને તેજ પવનની આગાહી કરી છે, જેના કારણે ગરમીમાંથી લોકોને થોડી રાહત મળશે પણ ખેડૂતો માટે આ આફત બની શકે છે.

અમરેલી જિલ્લાના, સાવરકુંડલા પંથકમાં અસહ્ય ગરમી અને બફારા પછી અચાનક વાતાવરણ બદલાયું હતું. સાવરકુંડલાના ગ્રામ્ય વિસ્તારો જેવા કે જાબાળ, બાઢડા, મોટા ઝીંઝુડા, ધજડી, સાકરપરા અને અભરામપરામાં અચાનક જ વરસાદી છાંટા પડ્યા હતા. ઉનાળાની આકરી ગરમી વચ્ચે આવેલા આ કમોસમી વરસાદથી સામાન્ય લોકોને ગરમીથી થોડી રાહત તો મળી છે, પણ આંબાના પાક (કેરી) ને ભારે નુકસાન જવાની પૂરેપૂરી શક્યતા હોવાથી ખેડૂતો ભારે ચિંતામાં મુકાઈ ગયા છે.

બીજી તરફ, અરવલ્લી જિલ્લામાં પણ વાતાવરણમાં આવો જ પલટો જોવા મળ્યો છે. મોડાસાના ગ્રામ્ય વિસ્તારો, ખાસ કરીને જીવણપૂર, ઉમેદપુર અને ઈસરોલ સહિતના ગામોમાં આકાશ ગોરંભાયું છે અને વાદળછાયું વાતાવરણ સર્જાયું છે. અહીં હજુ વરસાદ પડ્યો નથી, પણ જો માવઠું થશે તો ઘઉં અને મકાઈ સહિતના તૈયાર પાકોને મોટું નુકસાન થઈ શકે છે. વાતાવરણના આ પલટાને કારણે ખેડૂતોના જીવ પણ ઊંચા થઈ ગયા છે.

### સૌરાષ્ટ્ર-કચ્છમાં આજે માવઠાની આગાહી

હવામાન વિભાગની આગાહી મુજબ, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને ટર્ફની અસરના કારણે છેલ્લા ૨૪ કલાકમાં ભલે ક્યાંય નોંધપાત્ર વરસાદ ન પડ્યો હોય, પણ ગરમીમાં ચોક્કસ ઘટાડો નોંધાયો છે.આજે સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક વિસ્તારો (કચ્છ, દ્વારકા, પોરબંદર, જામનગર, મોરબી, રાજકોટ, સુરેન્દ્રનગર) તેમજ ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ, મહેસાણા અને સાબરકાંઠામાં વરસાદ પડવાની સંભાવના છે.

# ઉનાના નેસડા ગામે જમીનના વિવાદમાં બહેનની હત્યા કરનાર બે પિતરાઈની ધરપકડ

## પ્રેમલગ્ન કરનાર બહેનની જમીન પચાવી પાડવા ભાઈએ આચર્યુ કૃત્ય

**અબતક, ઉના**

ઊના થી ૧૫ કિલોમીટર દૂર આવેલ નેસડા ગામના રહેવાસી અને હાલ કાપોદ્રા રહી હીરા ઘસવાનું કામ કરતા સતુભાઈ આતુભાઈ ખસીયા ઉ.વ.30 એ ઊના પોલીસ સ્ટેશનમા નેસડા ગામમાં રહેતા વિક્રમ વીરાભાઈ ગોહિલ અને મનુભાઈ કનુભાઈ ગોહિલ સામે હત્યાની ફરિયાદ નોંધાવી છે. કે નેસડા ગામે રહેતી મંસુબેન હામાભાઈ ગોહિલનું ગત તા. ૨૦/૩/૨૬ ના રાત્રી ના મૃત્યુ થયું હતું. આ મૃત્યુ શંકાસ્પદ હોય. પોલીસેને ફરિયાદમા જણાવેલ કે પોતે સતુભાઈ અને મરણ જનાર મંસુબેન સાથે સાત વરસ પહેલાં ઓળખાણ થઈ હતી ત્યાર પછી ઓળખાણ પ્રેમ સબંધ માં ફેરવાઈ



હતી. મંસુબેનના પિતા હામાભાઈ અરજણભાઈ ગોહિલનું પંદર વર્ષ પહેલાં અવસાન થયું હતું. અને અંદાજિત એક વરસ પહેલાં માતા પુનિ બેન નું અવસાન થયું હતું. ત્યાર બાદ મોટા બાપા નો દીકરો વિક્રમ વીરાભાઈ ગોહિલ મસુના ઘરે રહેતો હતો. મંસુબેનના ભાગે આવેલ ખેતીની પૂરે પૂરી જમીન જોઈતી હોય. ધમકાવતો હતો.એ વાત મંસુબેન ઘણી વખત પ્રેમી સતુ ને ફોન માં વાત કરતી કે બે પિતરાઈ ભાઈ ઓ ઠપકો આપતા અને તું તારી બધી જમીન માર નામે કરી દે તો તારા લગ્ન કરાવી દેશું જમીન અમારા નામે નહીં કર અને સતુ સાથે સબંધ રાખીશ તો મારી નાખશું . મંસુ એ ફોન માં કહેલ કે આપણા બે ની સગાઈ બાબતે વિક્રમ તથા અમારા ઘર ના સભ્યો એ મનુભાઈ ના ઘરે મિટિંગ રાખેલ છે. તો વિક્રમ મને તેડવા આવશે હું જઈશ ત્યારે ચાલુ ફોન કહેલ કે વિક્રમ તેડવા આવતા ફોન કાપી નાખેલ હતો. સવારે ૭,૩૦ વાગે અમારા ગામ ના આતુભાઈ દોહા ભાઈ ગોહિલ નો ફોન આવેલ કે મંસુ મરી ગઈ છે. તેમને રાત્રે તબિયત બગડેલ હતી એટેક આવેલ હતો. ઘર ના સભ્યો એ ગામ માં કોઈ ને જાણ




કર્યા વગર અંતિમ સંસ્કાર કરી નાખેલ છે. અમારા સમાજ રાત્રિ ના કોઈ અંતિમ સંસ્કાર કરતા નથી. તેથી મંસુ આગલી રાત સુધી સ્વસ્થ હતી કોઈ બીમારી ન હતી.મોત શંકાસ્પદ હોય તેમને હાર્ટ એટેક નહીં પરંતુ પિતરાઈ બે ભાઈઓ એ પૂરે પૂરી જમીન પચાવી પાડવા પિતરાઈ બહેન નું કોઈ પણ રીતે મોત નિપજાવ્યા નું લાગતું હોય તટસ્થ તપાસ કરવા ફરિયાદ નોંધાવી હતી. પોલીસે બન્ને પિતરાઈ ભાઈ વિક્રમ વીરા ભાઈ ગોહિલ અને મનુભાઈ કનુભાઈ ગોહિલ રે. નેસડા તા. ઊના સામે ઈગજ કલમ ૧૦૩ (૧), ૫૪ મુજબ ગુનો નોંધી તપાસ અધિકારી પોલીસ ઈન્સ્પેકટર નિલેશ ભાઈ બી ચૌહાણ એ બન્ને આરોપીઓ ની અટક કરી તપાસ શરૂ કરી છે. નાના એવા ગામ માં જમીન બાબતે પિતરાઈ બહેન નું મોત થતા ચકચાર મચી ગઈ છે.

# જામનગર જિલ્લા જેલ ફરી ચર્ચામાં: મોબાઈલ ફોન મળી આવ્યો

## જેલના ઈન્ચાર્જ જેલર દ્વારા અજાણ્યા કેદી સામે ફરિયાદ નોંધાવી મોબાઈલને ચકાસણી માટે લેબોરેટરીમાં મોકલાવ્યો

**અબતક, જામનગર**

જામનગરની જિલ્લા જેલમાં ગઈકાલે જેલ સ્ટાફ દ્વારા સરપ્રાઈઝ ચેકિંગ કરવામાં આવ્યું હતું, જે દરમિયાન એક સ્થળે બોક્ષમાં સંતાડેલો સીમકાર્ડ વગરનો મોબાઈલ ફોન મળી આવ્યો હતો.

જામનગરની જિલ્લા જેલના અધિક્ષક પી.પી. પટેલની મૌખિક સૂચના મુજબ જેલની ઝડતી કરવામાં આવી હતી.આ દરમ્યાન ઝડતી સ્ક્વોડના અમલદાર સુબેદાર ગોવિંદભાઈ એસ. વાવરોટીયા તથા સ્ટાફ સાથે જેલના યાર્ડ નં. ૦૭ તથા તેના ખુલ્લા ભાગમાં ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. જે તપાસ દરમિયાન યાર્ડ નં. ૦૭ ના ખુલ્લા ભાગમાં આવેલા પી.સી. ઓ. ના રૂમ પાછળના ભાગે ટેલિફોન બૂથના કનેક્શન બોક્સમાં છુપાવેલ હાલતમાં લાલ રંગનો મોબાઈલ ફોન (નંગ-૦૧), સીમકાર્ડ વગર અને બેટરી સાથે ચાલુ હાલતમાં મળી આવ્યો હતો.

જે મોબાઈલ ફોન કબ્જે લઈ વધુ તપાસ અર્થે એફ.એસ.એલ.માં મોકલી તપાસ કરવામાં આવી રહી છે. સીટી એ ડિવિઝનના પોલીસ કોન્સ્ટેબલ એમ આર પરમાર વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# જામનગર: આઠ પીએસઆઈની આંતરીક બદલીના હુકમ કરતા એસ.પી.ડો. રવિ મોહન સૈની

## રાજકોટ રેન્જના વડા નિર્લિપ્ત રાયની જામનગરની મુલાકાત બાદ પોલીસ એકશન મોડમાં

**અબતક, જામનગર**

રાજકોટ રેન્જ ના આઈ.જી નિર્લિપ્ત રાયની જામનગર ની મુલાકાત બાદ પોલીસ એક્શનમાં આવી હતી. ત્યારબાદ, જામનગર જીલ્લા પોલીસ અધિક્ષક ડો.રવિ મોહન સૈની દ્વારા ૮ પો. સબ.ઈન્સ્પેક્ટર ની આંતરિક બદલી કરી છે. જેમાં રીડર-ટુ-અધિક્ષક વિભાગમાં ફરજ બજાવતા પીએસઆઈ ટી.બી.બુડાસણા ને સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે બદલી કરી દેવામાં આવી છે. એરપોર્ટ સિક્યુરિટી શાખામાં ફરજ બજાવતા પીએસઆઈ જે.બી.મોરસાણીયા ની સિટી-બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં બદલી કરી દેવામાં આવી છે.

સિટી-સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પીએસઆઈ એસ.એમ.સિસોદીયા ની લીવ રિઝર્વે શાખામાં બદલી કરી દેવામાં આવી છે. રીડર-ટુ-લાલપુર વિભાગ શાખામાં ફરજ બજાવતા પીએસઆઈ વી.આર.જોરીયા ની એરપોર્ટ સિક્યુરિટી ખાતામાં બદલી કરી દેવામાં આવી છે.

પંચકોષી-બી ડિવિઝન પોલીસ સ્ટેશન ના પીએસઆઈ એચ.ટી.મઠિયા ની લીવ રિઝર્વે શાખામાં બદલી કરી દેવામાં આવી છે. જામનગર ટ્રાફિક શાખામાં ફરજ બજાવતા પીએસઆઈ આર.એલ.કંડોરીયા ની સિટી-સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં બદલી કરવામાં આવી છે. સિટી-સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પીએસઆઈ વી.બી.બરબસીયા ની ટ્રાફિક શાખામાં બદલી કરવામાં આવી છે અને સિટી-બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પીએસઆઈ એમ.વી.મોઢવાડિયા ને લીવ રિઝર્વે શાખામાં મુકવામાં આવ્યા છે.

# ઉનાના મોટા ડેસર ગામે મકાનમાંથી દારૂ બિયર સાથે એક પકડાયો

**અબતક, ઉના**

ઊના તાલુકાના મોટા ડેસર ગામે રહેણાંક મકાન માં દારૂ નો જથ્થો છુપાવી વેચાણ કરાતો હોય તુરંત મોટા ડેસર ગામે ખરા વાડી વિસ્તારમાં ધીરુભાઈ ભીખા ભાઈ ના રહેણાંક કબ્જા ભોગવટા વાળા મકાન માં તપાસ કરતા મકાન ના એક રૂમ માં લાદી નીચે ચોર ખાનું બનાવી છુપાવેલ વિદેશી દારૂ જથ્થો શોધવા લાદી ઉપાડતા ચોર ખાનું મળી આવેલ તેમાં રાખેલ પર પ્રાંત ની ઈંગ્લીશ દારૂ ની જુદી જુદી બ્રાન્ડ ની બોટલો ૧૫૩નગ અને બિયર ટીન ૧૦મળી આવેલ હતા જેની કિંમત રૂપિયા ૨૮૭૫૦/ સાથે આરોપી અશ્વિન ધીરુભાઈ રે. મોટા ડેસર ની અટક કરી છે.

### (પહેલા પાનાનું ચાલું)

### શેરબજારમાં કડાકો...

બહારથી કરે છે, તેથી તેલના વધતા ભાવ ભારતીય અર્થતંત્ર અને રૂપિયા માટે નકારાત્મક છે. જાપાન, કોરિયા અને હોંગકોંગના બજારોમાં આજે સવારથી જ ભારે વેચવાલી જોવા મળી હતી, જેની સીધી અસર ભારતીય સેન્ટિમેન્ટ પર પડી છે. ટ્રમ્પ દ્વારા ઈરાનના તેલ ભંડાર અને ખાર્ગ આઈલેન્ડ પર કબજો કરવાની ચીમકીએ અનિશ્ચિતતામાં વધારો કર્યો છે.

બજારમાં આવેલા આ પ્રારંભિક કડાકાને કારણે રોકાણકારોના લાખો કરોડ રૂપિયા ધોવાઈ ગયા છે. આઈટી, બેંકિંગ અને ઓટો સેક્ટરના શેરોમાં સૌથી વધુ દબાણ જોવા મળી રહ્યું છે. નિષ્ણાતોના મતે, જો વૈશ્વિક તણાવ ઓછો નહીં થાય તો આગામી દિવસોમાં બજાર હજુ પણ નીચે જઈ શકે છે.

### કુવૈતમાં હુમલો...

ડોનાલ્ડ ટ્રમ્પ જો આક્રમક વલણ અપનાવવાનો નિર્ણય કરે, તો અમેરિકન સેના લાંબા સમય સુધી ટકી શકે તેવા જમીની અભિયાન માટે સજ્જ છે. અત્યાર સુધીના ઓપરેશનમાં ૯૦૦ થી વધુ હુમલાઓ અને ટોચના નેતાઓના મોતના પગલે હવે આ યુદ્ધ વધુ ખતરનાક વળાંક પર પહોંચ્યું હોય તેવું જણાય છે. અમેરિકાના સૈન્ય ઠેકાણાઓ અને અમેરિકાના અન્ય ઠેકાણાઓને નિશાન બનાવતા ઈરાની સેનાએ કુવૈતમાં મિસાઈલો ઝીંકી હતી. જેમાં પાવર પ્લાન્ટ તથા વોટર ડિસેલિનેશન પ્લાન્ટને ગંભીર નુકસાન થયું હતું. આ હુમલામાં એક ભારતીય શ્રમિકનું પણ મોત નીપજ્યું હતું.

### ક્રૂડ ભડકે બળ્યું...

જેની સીધી અસર એશિયન બજારો પર પડી છે. ટોક્યો શેરબજારમાં ૪ ટકા અને સિઓલમાં ૩ ટકાનો ઘટાડો નોંધાયો હતો, જ્યારે હોંગકોંગ, શાંઘાઈ અને સિંગાપોર સહિતના અન્ય બજારો પણ મોટા નુકસાન સાથે પટકાયા હતા. નિષ્ણાતોના મતે, સપ્લાય ચેઈનમાં વિક્ષેપ અને ક્રૂડના વધતા ભાવથી આગામી આર્થિક આંકડાઓ અને કોર્પોરેટ કમાણી પર ગંભીર અસર પડી શકે છે.

### ટ્રમ્પ...

કર્યો છે, જેમાં ૩,૦૦૦ લક્ષ્યો બાકી છે. જમીન પર કબજો મેળવવાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. પેન્ટાગોને મધ્ય પૂર્વમાં આશરે ૧૦,૦૦૦ સૈનિકો તૈનાત કરવાનો આદેશ આપ્યો છે. આમાંથી, ૩,૫૦૦ સૈનિકો અને ૨,૨૦૦ મરીન કમાન્ડો શુક્રવારે આ વિસ્તારમાં પહોંચ્યા. આ દળને ખાસ કરીને ''જમીન કબજે કરવા અને કબજે કરવા'' માટે તાલીમ આપવામાં આવી છે. ટ્રમ્પે બીજો સનસનાટીભર્યો દાવો કર્યો કે ઈરાનમાં જૂનું શાસન સમાપ્ત થઈ ગયું છે. તેમણે કહ્યું કે સુપ્રીમ લીડર આયાતુલ્લાહ ખામેનીના મૃત્યુ પછી, હવે નવા અને વ્યાવસાયિક લોકો ત્યાં સત્તામાં છે. તેમણે એમ પણ કહ્યું કે ખામેનીના પુત્ર, મોજતબા ખામેનીના મૃત્યુ થયા છે અથવા ખૂબ જ ખરાબ હાલતમાં છે, કારણ કે લાંબા સમયથી તેમના તરફથી કંઈ સાંભળવામાં આવ્યું નથી.

### પીએમ મોદી...

મુખ્ય કેન્દ્ર છે. આ કારણે વિશ્વભરમાં પેટ્રોલ અને ડીઝલનું સંકટ ઊભું થયું છે. પડકારો હોવા છતાં ભારત પરિસ્થિતિનો સામનો કરવા માટે વધુ મજબૂત સ્થિતિમાં છે. વિપક્ષની આકરી ટીકા કરતાં વડાપ્રધાને જણાવ્યું હતું કે આ મુદ્દાને રાજકીય રંગ ન આપવો જોઈએ. તે ૧૪૦ કરોડ નાગરિકોના હિત સાથે જોડાયેલો મુદ્દો છે. આમાં સ્વાર્થી રાજકારણ માટે કોઈ સ્થાન નથી. જે લોકો અફવા ફેલાવી રહ્યા છે તેઓ દેશને મોટું નુકસાન પહોંચાડી રહ્યા છે. હું દેશવાસીઓને અપીલ કરીશ કે તેઓ જાગૃત રહે અને અફવાઓથી ગેરમાર્ગે ન જાય. સરકાર સતત માહિતી પૂરી પાડી રહી છે. તેના પર વિશ્વાસ કરો.

### ચાઈનીઝ સીસીટીવી...

અનુસાર, ફેબ્રુઆરી સુધીમાં ભારતીય કંપનીઓ માર્કેટના ૮૦ ટકાથી વધુ હિસ્સા પર નિયંત્રણ ધરાવે છે, જ્યારે બાકીનો હિસ્સો ગ્લોબલ પ્લેયર્સ પાસે છે.

ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય દ્વારા એપ્રિલ ૨૦૨૪માં સીસીટીવી કેમેરા માટે આવશ્યક જરૂરિયાતોના ધોરણો રજૂ કરવામાં આવ્યા હતા. ઉદ્યોગને આ નવા સ્ટાન્ડર્ડાઈઝેશન ટેસ્ટિંગ એન્ડ ક્વોલિટી સર્ટિફિકેશન નિયમો હેઠળ પ્રમાણિત લેબમાં દરેક પ્રોડક્ટને સર્ટિફાય કરવા માટે બે વર્ષનો સમય આપવામાં આવ્યો હતો. નવા નિયમો મુજબ, કેમેરા ઉત્પાદકોએ સિસ્ટમ-ઓન-ચીપ જેવા મહત્વના પાર્ટ્સ કયા દેશમાંથી આવ્યા છે તે જાહેર કરવું પડશે અને લેબમાં સુરક્ષા ચકાસણીમાંથી પસાર થવું પડશે.

અત્યાર સુધીમાં સરકાર દ્વારા સીસીટીવી કેમેરાના ૫૦૭ મોડલને પ્રમાણિત કરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૨૪ના આંકડાઓ પર નજર કરીએ તો, કાઉન્ટરપોઈન્ટ રિસર્ચ અનુસાર ચીની કંપનીઓ માર્કેટમાં એક તૃતીયાંશ હિસ્સો ધરાવતી હતી, જ્યારે ભારતીય વિક્રેતાઓ પાસે પણ એક તૃતીયાંશ હિસ્સો હતો. મલ્ટિનેશનલ બ્રાન્ડ્સનો હિસ્સો ૧૦ ટકા હતો અને બાકીના ૨૦ ટકા બજાર પર નાના વેપારીઓનું વર્ચસ્વ હતું. પરંતુ સરકારના આ કડક પગલાં અને નવા નિયમોના કારણે ચીની કંપનીઓને કાં તો તેમની સપ્લાય ચેન બદલવાની ફરજ પડી છે અથવા તો તેમણે ભારતીય માર્કેટમાંથી બહાર નીકળવાનો વારો આવ્યો છે.

### કેરોસીન...

થઈ રહ્યો છે ત્યારે આ નિર્ણય લેવાયો છે. ભારત પણ તેની અસરોથી બચવા માટે ઉપાયો કરી રહ્યું છે.સરકારે નિયમિત ફાળવણી ઉપરાંત ૪૮,૦૦૦ કિલોલીટર કેરોસીન વધારાનું આપવાનો નિર્ણય કર્યો છે. આનાથી રાજ્યોને જરૂરિયાત મુજબ તાત્કાલિક સપ્લાય વધારવામાં મદદ મળશે. આ પગલું ખાસ કરીને એવા વિસ્તારો માટે મહત્વનું છે, જ્યાં રાંધણ ગેસની ઉપલબ્ધતા મર્યાદિત છે.સરકારે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને જણાવ્યું છે કે તેઓ જિલ્લાઓમાં એવા સ્થળોની ઓળખ કરે જ્યાં કેરોસીનની જરૂરિયાત વધુ છે. તેના આધારે વિતરણ કરવામાં આવશે, જેથી સપ્લાય યોગ્ય જગ્યાએ પહોંચે અને કોઈને મુશ્કેલી ન પડે.

### રાહત પેકેજ...

વીમા પ્રીમિયમની સમસ્યાને પહોંચી વળવા ૪૯૭ કરોડ રૂપિયાની 'રિલીફ' સ્કીમ જાહેર કરવામાં આવી છે. આ ઉપરાંત, સરકારે નિકાસકારોને પડતર ખર્ચમાં રાહત આપવા માટે રોડટેપ યોજના હેઠળના સંપૂર્ણ લાભો પણ ફરીથી લાગુ કર્યા છે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડના જાહેરનામા મુજબ, આ લાભો ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૬ થી ૩૧ માર્ચ ૨૦૨૬ સુધી તમામ પાત્ર નિકાસ ઉત્પાદનો માટે અમલમાં રહેશે.

ચીફ ઈકોનોમિક એડવાઈઝર વી. અનંત નાગેશ્વરને જણાવ્યું છે કે આ કટોકટીના કારણે સૌથી વધુ પ્રભાવિત અને નબળા ઉદ્યોગો તેમજ પરિવારોને તાત્કાલિક રાહત આપવાની જરૂર છે. તાજેતરમાં બહાર પાડવામાં આવેલા માસિક આર્થિક અહેવાલમાં તેમણે જણાવ્યું હતું કે ભવિષ્યની જરૂરિયાતોને પહોંચી વળવા માત્ર ઉર્જા જ નહીં, પરંતુ અન્ય ચીજવસ્તુઓના લાંબા ગાળાના બફર ઊભા કરવા પડશે. કાચા માલના વધેલા ખર્ચ અને સપ્લાય ચેઈનમાં વિક્ષેપના કારણે આર્થિક ગતિવિધિઓ પર દબાણ જોવા મળી રહ્યું છે, જેના કારણે આગામી સમયનું આર્થિક ચિત્ર અનિશ્ચિત દેખાઈ રહ્યું છે.

ભારત તેની જરૂરિયાતના ૮૮ ટકા ક્રૂડ ઓઈલ અને લગભગ અડધોઅડધ નેચરલ ગેસની આયાત કરે છે. આ મોટાભાગની આયાત હોર્મુઝની સામુદ્રધુની મારફતે થાય છે. યુદ્ધના કારણે આ વિસ્તારમાં સુરક્ષાની ચિંતાઓ વધતા જહાજોના રૂટ લાંબા થયા છે અને ટ્રાન્સશિપમેન્ટ હબ પર ભીડ વધી છે. જેના પરિણામે લોજિસ્ટિક્સ ખર્ચમાં તોતિંગ વધારો થયો છે અને નિકાસ માટે ભારે અનિશ્ચિતતા ઊભી થઈ છે.

### (ત્રીજા પાનાનું ચાલુ)

### માધવપુર...

મામેરું માધવ ચોકમાં પહોંચશે. રાજભોગ દર્શનના સમયે ભક્તિભાવપૂર્વક મામેરું અર્પણ કરી મંદિર પર ધજા ચડાવવામાં આવશે. આ તકે મહેર સમાજના યુવાનો દ્વારા ઊંટ-ઘોડાની દોડ અને પ્રાચીન તલવારબાજીના શૌર્યપૂર્ણ કરતબો રજૂ કરવામાં આવશે, જે જોવા માટે ઉમટેલા લાખો ભાવિકો મંત્રમુગ્ધ બની જશે. ત્યારબાદ મહેર સમાજની વંડીએ ભજન અને ભોજનના કાર્યક્રમ સાથે સૌ વિશ્રામ કરશે.

બપોરે ૪૦૦ કલાકે ઉત્સવનો સૌથી આકર્ષક ભાગ શરૂ થશે. ભગવાન શ્રીકૃષ્ણ રુક્ષ્મણીજીને પરણવા માટે નિજ મંદિરથી એન્ટિક રથમાં બિરાજમાન થઈ મધુવન જવા પ્રસ્થાન કરશે. આ સમયે પોલીસ વિભાગ દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવશે. કીર્તનકારોના મંગળ ગાન, બહેનો દ્વારા ગવાતા પરંપરાગત લગ્નગીતો અને ભાઈઓના રાસની રમઝટ વચ્ચે ભગવાનની જાન મેઈન બજારમાં થઈ મેળા ગ્રાઉન્ડમાં પહોંચશે. અહીં રથને પવનવેગે દોડાવવાની રોમાંચક પરંપરા યોજાશે, જે જોવા માટે માનવ મહેરામણ ઉમટી પડશે. પોલીસની જીપની સુરક્ષા વચ્ચે દોડતો રથ મધુવન પહોંચશે ત્યારે ભક્તિમય માહોલ સર્જાશે.

સાંજે મધુવનમાં ભગવાનની જાનનું ભવ્ય સામૈયું અને પોખણા વિધિ કરવામાં આવશે. ત્યારબાદ શાસ્ત્રોક્ત અને ગાંધર્વ વિધિથી શ્રીકૃષ્ણ અને રુક્ષ્મણીજીના લગ્ન સંપન્ન થશે. મંડપની મધ્યમાં જ્યારે પ્રભુને કંસાર જમાડવામાં આવશે, ત્યારે તે કંસાર સમગ્ર જનતામાં પ્રસાદ રૂપે વહેંચવામાં આવશે. લગ્ન બાદ નવદંપતી પ્રભુ મધુવનમાં જ રાત્રિ નિવાસ કરશે.

### (છેલ્લા પાનાનું ચાલુ)

### શ્રમિકોને પાંચ કિલોના ગેસ...

ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવ મમતા વર્મા, એમ.એસ.એમ.ઈ.ના કમિશનરશ્રી કે.સી.સંપથ, જિલ્લા કલેકટર ડો.સૌરભ પારધી તથા વિવિધ ઈન્ડસ્ટ્રીઝના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠક બાદ મીડિયા પ્રતિનિધિઓ સાથે વાર્તાલાપ કરતા નાયબ મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, અફવાઓને કારણે કારીગરોમાં ડર પેદા ન થાય તે માટે દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ મંડળો દ્વારા ઈન્ડસ્ટ્રિયલ કિચન અને ભંડારાઓ દ્વારા શ્રમિકોને ભોજન પીરસવામાં આવી રહ્યું છે જે સરાહનીય છે. પાંડેસરા, વાપી, અંકલેશ્વર અને દહેજ જેવા વિસ્તારોની ઈન્ડસ્ટ્રીઝદ દ્વારા કારીગરો માટે રહેવા-જમવાની વિવિધ વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે. સરકાર દ્વારા કારીગરો માટે પાંચ કિલોગ્રામના ગેસ સિલિન્ડરની પૂરતા પ્રમાણમાં મળી રહે તે માટેની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. સોશિયલ મીડિયા પર ફેલાતી ભ્રામક વાતો કે અફવાઓ પર વિશ્વાસ ન કરવા અને કોઈપણ માહિતી સરકારી વિભાગ જોડે ટેલી કરવા જણાવ્યું હતું. લોકોને ગેરમાર્ગે દોરે તેવી કોઈ પણ ખોટી માહિતીને સમજયા વિના ફોરવર્ડ કરનાર વિરૂધ્ધ ગુનાઓ દાખલ કરવામાં આવશે તેમ નાયબ મુખ્યમંત્રીએ કહ્યું હતું. નાયબ મુખ્યમંત્રીએ વધુમાં કહ્યું હતું કે, કાળાબજાર કરનારાઓ પર નજર રાખવા માટે દરેક જિલ્લામાં અલગ ટુકડીઓ બનાવવામાં આવી છે. જો કોઈ ગેસ બોટલ, પેટ્રોલ-ડીઝલ કે જીવન જરૂરિયાતની વસ્તુઓના કાળાબજાર કરશે, તો તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

સુરત અને તેની આસપાસના વિસ્તારોમાં ૧૧૮ જેટલા કોમ્યુનિટી કિચન (ઈન્ડસ્ટ્રિયલ કેન્ટીન) કાર્યરત કરવામાં આવ્યા છે. ગુજરાત દેશનું રોલ મોડલ છે અને તમામ વેપારીઓ તથા ઈન્ડસ્ટ્રીઝ સરકાર સાથે મળીને પરિસ્થિતિને થાળે પાડવા માટે કામ કરી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

### આખરી મતદાર યાદી...

અધિકારીઓના ધ્યાને લાવવા વિનંતી છે.

આખરી પ્રસિદ્ધિ થયેલ મતદારયાદી (પુરવણી સહિત)ની બે નકલ (એક નકલ છાપેલી અને બીજી નકલ સોફ્ટકોપીમાં પીડીએફ સ્વરૂપે - મતદારોના ફોટા વગરની) સંબંધિત નિયમોનુસાર માન્ય રાજકીય પક્ષોને પૂરી પાડવા તથા ચૂંટણી પ્રક્રિયા માટે મતદારયાદીની જરૂર પૂરતી નકલો કઢાવી રાખવા પૂર્વ આયોજન હાથ ધરવા તાકીદ કરાય છે.

મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો, તાલુકા પંચાયતોના મતદાર નોંધણી અધિકારીઓને તાત્કાલિક અવગત કરાવવાના રહેશે.

### રાજકોટના મવડી-કણકોટ રોડ...

વૃદ્ધ સંજયભાઈ સવજીભાઈ કાલરીયા સવારે આઠ વાગ્યે તેમના રહેણાંક ખાતેથી તેમનું ટુ વ્હીલર મોટરસાયકલ લઈને શાપર ખાતે આવેલી ફેક્ટરી ખાતે નોકરી પર જવા નીકળ્યા હતા. દરમિયાન મવડી-કણકોટ રોડ પર ગણેશ ચોક, કોપર એલિગન્સ એપાર્ટમેન્ટ નજીક સામેથી આવતી હ્યુન્ડાઈ વેન્યુ કાર જેના નં.-જીજે-૦૩-એલએમ-૯૨૦૧ કારએ વૃદ્ધ સંજયભાઈને ઠોકરે ચડાવ્યા હતા. જે અકસ્માતમાં કચડાઈ જતાં સંજયભાઈ કાલરીયાએ ઘટનાસ્થળે જ દમ તોડી દીધો હતો. ઘટનાને પગલે એમ્બયુલન્સ અને પોલિસની ટીમો દોડી ગઈ હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અકસ્માત સર્જી 'ચેરમેન, એપીએમસી, રાજકોટ' નું બોર્ડ લગાવેલી કારનો ચાલક કાર રેઢી મૂકી ઘટનાસ્થળેથી નાસી ગયો હતો. જે બાદ સ્થાનિકો વિફર્યા હતા અને આરોપીને તાત્કાલિક પકડી પાડવાની માંગ સાથે વાહનો આડા મૂકી રોડ બ્લોક કરી દેતાં તાલુકા પોલિસની ટીમે અહીં દોડી જઈ સ્થાનિકોની સમજાવટ કરી રસ્તો ખુલ્લો કરાવવા પ્રયત્ન હાથ ધર્યો હતો. અકસ્માતમાં મોતને ભેંટનાર વૃદ્ધની પ્રાપ્ત વિગત અનુસાર તેમને સંતાનમાં બે દીકરી અને એક દીકરો છે. જેમાંથી એક દીકરીના લગ્ન થઈ ગયા છે જયારે અન્ય એક દીકરી અને દીકરો અપરિણીત છે. પુત્ર હાલ અભ્યાસ કરે છે. ઘટનાને પગલે ત્રણ સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી છે.

### ભાજપની સૌરાષ્ટ્ર ઝોન...

સ્થાનીક સ્વરાજય સંસ્થાની ચુંટણી સંદર્ભ ભાજપ દ્વારા અલગ અલગ ઝોનમાં બેઠકો યોજવામાં આવી રહી છે. આજે રાજકોટના કાલાવડ રોડ પર બીએપીએસ સ્વામીનારાયણ મંદિર ખાતે સૌરાષ્ટ્ર ઝોનની મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા, સંગઠન મહામંત્રીરત્નાકરજી, પ્રદેશ મહામંત્રી અનિરૂધ્ધભાઈ દવે, ડો. પ્રશાંતભાઈ કોરાટ અને હિતેન્દ્રસિંહ ચૌહાણ ઉપરાંત ચુંટણી સંચાલન સમીતીના સંયોજક ગોરધનભાઈ ઝડફીયા, સૌરાષ્ટ્ર કચ્છના તમામ ધારાસભ્યો, સાંસદો, તમામ જિલ્લા અને મહાનગરોના પ્રભારીઓ પ્રમુખો, અને ચુંટણી સંચાલન સમીતીના સંયોજકો સહિત ૧૮૦૦ જેટલા નેતાઓ અને કાર્યકરો ઉપસ્થિત રહેશે આ બેઠકમાં સ્થાનીક સ્વરાજયની આગામી ચુંટણી અંગે જરુરી માર્ગદર્શન આપવામાં આવશે ચુંટણીમાં ઉમેદવારોની પસંદગી માટેની ગાઈડલાઈન પણ આજે જાહેર કરવામાં આવે તેવી શકયતા પણ જણાય રહી છે. આ બેઠકમાં ભાજપના કાર્યકરો અને આગેવાનોને સતત જનતાના સંપર્કમાં રહી પ્રજાજનનો સાથે સંવાદ કરી ભાજપ સરકાર અને સંગઠનની દેશ હિત અને જન હિતની કામગીરી ઉપરાંત ભાજપની અંત્યોદય, વિકાસ અને રાષ્ટ્રવાદની વિચાર ધારાને છેવાડાના માનવી સુધી પહોચાડવાની તાકીદ કરવામાં આવી હતી. સ્થાનીક સ્વરાજયની સંસ્થામાં સુદ્રઢ સંગઠન વ્યવસ્થા થકી માઈક્રો પ્લાનીંગ કરવા તાકીદ કરાય હતી.

## દુ:ખદ અવસાન

### સદ્‌ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટ:** દિલીપભાઈ જયવંતભાઈ વોરા (મ્યુનિ. કોર્પોરેશન જન્મ મરણ શાખા ના નિવૃત્ત કર્મચારીતે સ્વ. શારદાબેન જયવંતભાઈ વોરા ના પુત્ર, સોનલબેન વોરાના પતિ, હાર્દિકભાઈ વોરા ના પિતા, ગં. રમાબેન રમેશભાઈ ખોખાણી ના જમાઈ, રંજનબેન અગ્રવાલ, હંસાબેન વોરા, સ્વ. કોકીલાબેન શાહ ના ભાઈ નું અવસાન થયેલ છે સ્વર્ગસ્થનું ઉઠામણું તારીખ ૩૦ને સોમવાર બપોરે ૪થી૫ મણિયાર દેરાસર ના હોલમાં ચૌધરી હાઈસ્કુલની સામે રાખેલ છે.

**રાજકોટ:** સ્વ.લક્ષ્મણભાઈ ગાંડાભાઈ ભરડવા (ઉ.વ.૯૫)તે સ્વ.લાલજીભાઈ, સ્વ,બચુભાઈ, સ્વ.જીવનભાઈ, નાનજીભાઈ, સ્વ.મોહનભાઈના મોટાભાઈ, નરેન્દ્રભાઈ, મહેશભાઈના પિતા, ગોપાલ, સુમિતના દાદાનું તા.૨૮ ને શનિવારના રોજ અવસાન પામેલ છે. તેમનું બેસણું તા.૩૦ ને સોમવારે સાંજે ૫થી ૭- નાગેશ્વર મહાદેવ મંદિર, બાબરિયા કોલોની, અયોધ્યા સોસાયટીમાં રાખેલ છે.

**રાજકોટ:** દર્શનભાઈ નરેન્દ્રભાઈ આડેસરા તે નરેન્દ્રભાઈ વનમાળીદાસ આડેસરાના પુત્ર, રાજેશ્વર, દિપાલીના મોટાભાઈનું નું તા. ૨૮ ને શનિવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૩૦ ને સોમવારે બપોરે ૩.૩૦ થી ૫ સુધી કોઠારીયા નાકા સોની બજાર ખિજડાવાળી યુનિટ નં.૧, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** અરવિંદભાઈ ઓધવજીભાઈ પોપટ (ઉ.વ.૭૫) તે ચેતનભાઈ (જામનગર), હિમાંશુભાઈ (રાજકોટ)ના પિતા, નવીનભાઈના નાનાભાઈ, મહેન્દ્રભાઈ, લલીતભાઈ, નીતીનભાઈ, નીલમબેન (અમદાવાદ), સ્વ. ઉષાબેનના મોટાભાઈ, ખોડીદાસભાઈના કાકા, સ્વ. પરોત્તમભાઈ દેવજીભાઈ સેજપાલના જમાઈ( મુંબઈવાળા)નું તા. ૨૯ ના રોજ અવસાન થયેલ છે. સદગતની પ્રાર્થના સભા તથા સ્વસુરપક્ષની સાદડી તા. ૩૦ ને સોમવારે સાંજે ૫ થી ૬ દરમિયાન પંચનાથ મહાદેવ મંદિર, રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# વિકસિત ભારત
# વિકસિત ગુજરાત







## સેમિકંડક્ટર મિશન



- **ધોલેરા** અને **સાણંદ** ખાતે વિકસી રહેલા સેમિકોન હબથી **Chip** ઉત્પાદન ક્ષેત્રે **વિશ્વના નકશામાં ગુજરાત**ને મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત થયું
- ગુજરાત **સેમિકંડક્ટર પૉલિસી** હેઠળ **₹1100 કરોડ**ની જોગવાઇ
- ધોલેરા **Special Investment Region**ને પાણીનો પ્રવાહ અવિરત મળી રહે તે માટે નવીન **100 એમ.એલ.ડી બલ્ક પાઇપલાઇન નેટવર્ક** સ્થપાશે
- ધોલેરા ભવિષ્યના ઉદ્યોગ, નવીનતા અને રોજગારનું વૈશ્વિક કેન્દ્ર બને તે માટે બજેટમાં **વિકસિત ગુજરાત** ફંડ સહિત કુલ **₹610 કરોડ**ની જોગવાઇ

## શહેરી વિકાસ



- અમદાવાદ બનશે **'ઑલિમ્પિક રેડી સિટી'**
- અમદાવાદ અને સુરતના સેટેલાઇટ ટાઉનને જોડતી **રિજનલ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ** શરૂ કરાશે
- **"ગુજરાત વાયર-ફ્રી સિટી મિશન"** હેઠળ શહેરોમાં હયાત **ઓવરહેડ વીજ લાઇનોને અંડરગ્રાઉન્ડ કેબલ**માં રુપાંતરિત કરાશે
- **પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) 2.0** હેઠળ શહેરી ગરીબોને આવાસ સુવિધા પૂરી પાડવા બજેટમાં **₹1420 કરોડ**ની જોગવાઇ
- ગાંધીનગર ખાતે **નમો સેન્ટ્રલ લાઇબ્રેરી** બનશે
- દરેક મહાનગરપાલિકામાં **સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સ** અને **ફ્લાયઓવર નીચે સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર**નો વિકાસ થશે

## ગ્રામીણ વિકાસ



- **VB-G RAM G યોજના** હેઠળ **કામના દિવસો 100થી વધારી 125 કરતાં** રોજગારી વધશે
- **સ્વ-સહાય જૂથોની બહેનો**ને ઉત્પાદનોના વેચાણ માટે કાયમી સ્થળ મળી રહે માટે **ગ્રામ હાટ**ની સ્થાપના કરવામાં આવશે
- **પ્રધાનમંત્રી આવાસ યોજના** થકી ગ્રામીણ વિસ્તારમાં આશરે **1 લાખ 60 હજારથી વધુ આવાસો**નું આ વર્ષે નિર્માણ થશે

"સ્માર્ટ સિટીથી લઇને સમૃદ્ધ ગામડાઓ અને હવે વૈશ્વિક સેમિકંડક્ટર હબ સુધી, ગુજરાતનો વિકાસ અવિરત છે. શહેરી માળખાકીય સુવિધાઓ, ગ્રામીણ રોજગારી અને અત્યાધુનિકે ટકનોલૉજીના ત્રિવેણી સંગમ થકી અમે **આત્મનિર્ભર** અને **વિકસિત ગુજરાત**નું નિર્માણ કરી રહ્યા છીએ."

**- શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

### સૌરાષ્ટ્રના રેલ વિકાસને લાગશે પાંખો

# જામનગર-કાનાલુસ રેલવે લાઈનના ડબલિંગનું વડાપ્રધાનના હસ્તે કાલે વર્ચ્યુઅલી લોકાર્પણ

## રૂ.૨૫૭ કરોડના ખર્ચે તૈયાર ૨૭ કિમીનો ડબલ ટ્રેક રૂટથી મુસાફરોનો સમય બચશે અને માલ-પરિવહનને મળશે સુપરફાસ્ટ ગતિ

**અબતક, રાજકોટ**

ભારતીય રેલવેના આધુનિકીકરણ, ક્ષમતા વિસ્તરણ અને પ્રાદેશિક સંતુલિત વિકાસના વિઝનને સાકાર કરવાની દિશામાં ગુજરાત માટે એક અત્યંત મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી ૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ ગુજરાતમાં કુલ રૂ ૮૯૧ કરોડના વિવિધ રેલવે પ્રોજેક્ટ્સનું ડિજિટલ માધ્યમથી લોકાર્પણ અને રાષ્ટ્રને સમર્પણ કરશે. આ ઐતિહાસિક અવસરે ખાસ કરીને જામનગર અને સૌરાષ્ટ્રના રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નવી ઊંચાઈ મળવા જઈ રહી છે.

આ લોકાર્પણ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ કાનાલુસ - જામનગર રેલખંડનું ડબલિંગ પ્રોજેક્ટ છે. રૂ ૨૫૭ કરોડના માતબર ખર્ચે પૂર્ણ થયેલા આ ૨૭ કિલોમીટર લાંબા પ્રોજેક્ટ હેઠળ હવે આ માર્ગ પર એકને બદલે બે ટ્રેક ઉપલબ્ધ થયા છે. અત્યાર સુધી સિંગલ લાઈન હોવાને કારણે ટ્રેનોને ક્રોસિંગ માટે સ્ટેશનો પર લાંબો સમય થોભવું પડતું હતું, પરંતુ હવે ડબલ ટ્રેક થવાથી ટ્રેનોના સંચાલનમાં થતો વિલંબ નાબૂદ થશે. મુસાફરોને સમયસર ટ્રેન મળશે અને મુસાફરી વધુ આરામદાયક અને ઝડપી બનશે. આ પ્રોજેક્ટ જામનગર અને તેની આસપાસના ઔદ્યોગિક વિસ્તારોના વિકાસમાં પાયાની ભૂમિકા ભજવશે.

રેલવે દ્વારા માત્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચર જ નહીં, પરંતુ નવી સુવિધાઓ પણ આપવામાં આવી રહી છે. પ્રધાનમંત્રી દ્વારા ખેડબ્રહ્મા - હિંમતનગર - અમદાવાદ (અસારવા) વચ્ચે નવી ટ્રેન સેવાનો પ્રારંભ કરવામાં આવશે. ખેડબ્રહ્મા-હિંમતનગર રેલ લાઈનથી સાબરકાંઠાના અંતરિયાળ વિસ્તારો સીધા રેલ નેટવર્ક સાથે જોડાશે. આ નવી સેવાને કારણે વિદ્યાર્થીઓ, નોકરિયાત વર્ગ અને દર્દીઓ માટે અમદાવાદ જેવા મોટા શહેરો સુધી પહોંચવું અત્યંત સસ્તું અને સુવિધાજનક બનશે.

કચ્છ વિસ્તાર માટે પણ મોટા સમાચાર છે. રૂ૧૫૨ કરોડના ખર્ચે તૈયાર થયેલ ગાંધીધામ - આદિપુર રેલખંડનું મલ્ટી-ટ્રેકિંગ કામ પૂર્ણ થતા હવે માલગાડીઓની અવરજવર વધુ સુગમ બનશે. કંડલા પોર્ટ અને આસપાસના ઉદ્યોગોને આનાથી સીધો ફાયદો થશે. ખાસ કરીને મીઠું, કન્ટેનર, ખાતર અને પેટ્રોલિયમ ઉત્પાદનોના પરિવહનમાં ગતિ આવશે, જે ભારતની લોજિસ્ટિક્સ સિસ્ટમને વધુ મજબૂત બનાવશે.

આ પ્રોજેક્ટ્સ માત્ર લોખંડના પાટા કે સિમેન્ટના માળખા નથી, પરંતુ સમગ્ર વિસ્તારના આર્થિક પરિવર્તન માટે પ્રેરક સાબિત થશે. વધુ સારી રેલ કનેક્ટિવિટીથી સ્થાનિક સ્તરે વેપાર, પ્રવાસન અને ઉદ્યોગોને વેગ મળશે, જેનાથી હજારો યુવાનો માટે રોજગારીની નવી તકો ઉભી થશે. ખેડૂતો પણ પોતાના ઉત્પાદનો ઝડપથી બજાર સુધી પહોંચાડી શકશે, જેનાથી તેમની આવકમાં વધારો થશે.

‘‘સૌનો સાથ, સૌનો વિકાસ‘‘ ના મંત્ર સાથે ભારતીય રેલવે દ્વારા કરવામાં આવી રહેલી આ પહેલો દેશના અંતિમ છેડા સુધી કનેક્ટિવિટી સુનિશ્ચિત કરશે. પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન દ્વારા આ અંગેની તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે અને ૩૧ માર્ચના રોજ પ્રધાનમંત્રી વર્ચ્યુઅલ માધ્યમથી આ ભેટ જનતાને અર્પણ કરશે.

# કાલાવડઃ ભાજપ દ્વારા મન કી બાત ટિફિન કે સાથ કાર્યક્રમ યોજાયો



**અબતક, રાજુ રામોલિયા, કાલાવડ**

ભારતીય જનતા પાર્ટી કાલાવડ-તાલુકા દ્વારા વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદી ના હૃદયસ્પર્શી વિચારોને સાંભળવા માટે જામનગર જિલ્લા ભાજપના મહામંત્રી કુમારપાલસિંહ રાણાની ઉપસ્થિતિમાં *‘‘મન કી બાત ટિફિન કે સાથ‘‘* કાર્યક્રમનુ આયોજન સુરસાંગડા હનુમાનજી મંદિર, જસાપર(કાલાવડ) ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં જામનગર જિલ્લા ભાજપના ઉપપ્રમુખ અને કાલાવડ તાલુકાના પ્રભારી રાજેન્દ્રસિંહ જાડેજા, હિનાબેન રાખોલીયા, તાલુકા ભાજપ પ્રમુખ સંજયભાઈ ડાંગરીયા તાલુકા ભાજપ મહામંત્રી ભાવેશભાઈ વિરડીયા, અંબાલાલસિંહ જાડેજા, જિલ્લા ભાજપના મંત્રી છગનભાઈ સોરઠીયા, ભાજપ અગ્રણી ગાંડુભાઈ ડાંગરીયા, પી.ડી. જાડેજા, જગદીશભાઈ સાંગાણી, અશોકભાઈ સરધારા, અતુલભાઈ કમાણી, એમ.પી. ડાંગરિયા, લાલજીભાઈ સોજીત્રા, મગનભાઈ રાંક, બાબુભાઈ ટીંબડીયા, ભૌતિક પાનસુરીયા , પરાક્રમસિંહ જાડેજા , સતીશ સાંગાણી, ધીરુભાઈ ભંડેરી , મુકેશભાઈ ગમઢા, યુવરાજસિંહ જાડેજા, સહિતના કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. આ તકે તાલુકા પ્રભારી રાજેન્દ્રસિંહ જાડેજા તેમજ જિલ્લા ભાજપના મહામંત્રી કુમારપાલસિંહ રાણાએ આગામી કાર્યક્રમોને અનુલક્ષીને માર્ગદર્શન આપ્યું હતું તેમજ જિલ્લા મોરચાના નવા નિયુક્ત હોદ્દેદારો મોહનભાઈ જીલરીયા, નિકુંજભાઈ કોટડીયા, ચિરાગભાઈ જોશી, હસમુખભાઈ રાંક, સમજુબેન કોયાણી, નિરૂપાબેન બગથરીયા, હંસાબેન સંઘાણીનું ફૂલહાર દ્વારા સન્માન કરવામાં આવ્યું. ત્યારબાદ *‘‘અન્ન ભેગા એના મન ભેગા‘‘* ની કહેવતને સાર્થક કરતા બધા કાર્યકર્તાઓએ સાથે ભોજન કર્યું હતું.

# પેટ્રોલ-ડીઝલ અને ગેસનો પૂરતો જથ્થો ઉપલબ્ધ અફવાઓથી દૂર રહેવા કલેક્ટરની અપીલ




## બે સિલિન્ડરના બુકિંગ વચ્ચે ૨૫ દિવસનું અંતર રાખવા નિર્ણય, કાળાબજાર કરનારાઓ સામે લેવાશે કડક પગલાં

જામનગર જિલ્લામાં પેટ્રોલ, ડીઝલ અને રાંધણગેસ (કડ્ઢ) ની અવિરત ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે કલેક્ટર કેતન ઠક્કરના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઈ હતી. કલેક્ટરે સ્પષ્ટ કર્યું હતું કે જિલ્લામાં ઈંધણ અને ગેસનો જથ્થો પર્યાપ્ત માત્રામાં ઉપલબ્ધ છે, તેથી નાગરિકોએ ખોટી અફવાઓથી દોરવાઈને બિનજરૂરી સંગ્રહખોરી કરવાની જરૂર નથી.

પુરવઠાનું સંતુલન જળવાઈ રહે તે માટે એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે, જે મુજબ હવેથી એક ગ્રાહક દ્વારા બે એલપીજી સિલિન્ડરના બુકિંગ વચ્ચે ૨૫ દિવસનો સમયગાળો રાખવો પડશે. આ ઉપરાંત, હોસ્પિટલો, હોસ્ટેલો અને મધ્યાહન ભોજન કેન્દ્રો જેવી સંસ્થાઓમાં સુરક્ષા અને સરળતા ખાતર પાઈપ નેચરલ ગેસ (ઙ્ગત્ર્ઢ) કનેક્શન પર ભાર મૂકવા સૂચના અપાઈ છે.

કલેક્ટરે પુરવઠા વિભાગને દૈનિક ધોરણે સ્ટોકનું મોનીટરીંગ કરવા અને અનાવશ્યક સ્ટોકિંગ કે કાળાબજાર કરતા તત્વો સામે કડક કાર્યવાહી કરવા આદેશ આપ્યા છે. ઓઈલ અને ગેસ કંપનીના પ્રતિનિધિઓને પણ જનતામાં જાગૃતિ ફેલાવવા માર્ગદર્શન આપ્યું હતું.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નુ, જિલ્લા પોલીસ વડા ડો. રવિ મોહન સૈની અને જિલ્લા પુરવઠા અધિકારી એસ.ડી. બારડ સહિતના ઉચ્ચ અધિકારીઓ અને ગેસ એજન્સીના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. તંત્રએ ખાતરી આપી છે કે ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં જીવનજરૂરી ચીજવસ્તુઓ અને ઈંધણનો પુરવઠો સમયસર પહોંચતો રહેશે.

### મસીતીયામાં કોમી એકતાના પ્રતિક સમો હઝરત પીર કમરૂદ્દીનશાહ બાબાનો ઉર્ષ ઉજવાયો

# પરંપરાગત ઘોડા રેસમાં ‘જલાલી ૧૬૧૬’ વિજેતા



## સૌરાષ્ટ્રભરના ૩૦થી વધુ જાતવંત ઘોડાઓ વચ્ચે જામી જંગઃ વિજેતા ઘોડાસવારનું પરંપરાગત પાઘડી પહેરાવી કરાયું સન્માન

જામનગર તાલુકાના મસીતીયા ગામે કોમી એકતા અને ભાઈચારાના પ્રતિક સમાન ‘હઝરત પીર કમરૂદ્દીનશાહ બાબા’ના ઉર્ષની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ ઉર્ષ નિમિત્તે યોજાયેલી સૌરાષ્ટ્રની પ્રખ્યાત અને પરંપરાગત ઘોડા રેસમાં અદભૂત દ્રશ્યો સર્જાયા હતા, જેમાં હાજી અયુબભાઈ ખફીનો ‘જલાલી ૧૬૧૬’ નામનો ઘોડો પ્રથમ ક્રમે વિજેતા જાહેર થયો હતો.

મસીતીયાની આ રેસની વિશેષતા એ છે કે અહીં વિજેતાને કોઈ રોકડ પુરસ્કાર નહીં, પરંતુ પરંપરાગત રીતે ‘મોભાદાર પાઘડી’ પહેરાવી સન્માનિત કરવામાં આવે છે. આ વર્ષે પણ ૩૦થી વધુ ઘોડાસવારોએ આ પાઘડીના બહુમાન માટે જોશભેર ભાગ લીધો હતો. ઊંટ ગાડીની રેસમાં અશરફ અલ્તાફ ખફીનો ઊંટ પ્રથમ ક્રમે રહ્યો હતો. વિજેતાઓને ગામના સરપંચ કારાભાઈ ખફી દ્વારા પાઘડી પહેરાવી સન્માનિત કરાયા હતા. બે દિવસીય આ ઉર્ષ દરમિયાન રાત્રે શાનદાર કવાલી અને આમનિયાઝનું આયોજન કરવામાં આવ્યું હતું. મસીતીયા મુખ્યત્વે મુસ્લિમ વસ્તી ધરાવતું ગામ હોવા છતાં, અહીં ઉર્ષ પ્રસંગે મોટી સંખ્યામાં હિન્દુ સમાજના લોકો પણ ઉમટી પડે છે, જે વર્ષો જૂની ભાઈચારાની પરંપરાને જીવંત રાખે છે. પંચકોષી-બી ડિવિઝન પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે ઉર્ષ કમિટી અને ગામના આગેવાનોના સહયોગથી આ સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

# બેડી બંદર રોડ પર જૂની અદાવતમાં વૃધ્ધ પિતા-પુત્ર પર હુમલો

## બે દિવસ પહેલા થયેલી બોલાચાલીમાં સમજાવવા જતાં મારામારી કરીઃ મારામારીના આ બનાવમાં સામા પક્ષો દ્વારા પણ ત્રણ સામે વળતી પોલીસ ફરિયાદ નોંધાવાઈ

**અબતક, જામનગર**

જામનગરમાં બેડીબંદર રોડ પર રહેતા એક બુઝુર્ગ અને તેના પુત્ર ઉપર જુની અદાવત નું મનદુઃખ રાખીને ત્રણ શખ્સોએ હુમલો કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવાઈ છે. આ ઉપરાંત સામા પક્ષે પણ હુમલા અંગેની વળતી ફરિયાદ નોંધાવાઈ છે.

જામનગર શહેરના બેડી બંદર રીંગ રોડ વિસ્તારમાં જૂના વિવાદને લઈને હુમલાનો બનાવ સામે આવ્યો છે. આ મામલે સિટી-સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ, તા. ૨૭/૦૩/૨૦૨૬ના રોજ રાત્રે આશરે ૧૧.૦૦ વાગ્યાના સમયે સરકાર હોટલ પાછળ, ભકિતનગર વોરા બિલ્ડિંગ પાસે ચોક વિસ્તારમાં આ બનાવ બન્યો હતો. બે દિવસ અગાઉ થયેલી બોલાચાલીનો ખાર રાખીને આરોપીઓએ હુમલો કર્યો હતો.

ફરિયાદી અલ્લારખાભાઈ મામદભાઈ બેલીમ નામના ૬૩ વર્ષના બુઝુર્ગ ના પરિવારજનો આરોપીઓને સમજાવવા જતાં આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા. ત્યારબાદ આરોપીઓએ લોખંડના પાઈપ વડે હુમલો કરી ફરીયાદીને ડાબા પગના સાથળમાં તેમજ ગોળામાં માર મારી ફ્રેક્ચર જેવી ગંભીર ઈજા પહોંચાડી હતી.

આ ઉપરાંત ફરીયાદીના દીકરા વસીમ અને પૌત્ર મોઈનુદીનને પણ પાઈપ વડે માર મારતા તેમને ઈજાઓ પહોંચી હતી. આરોપીઓએ ગાળો આપી એકબીજાની મદદથી હુમલો કર્યો હોવાનું જાણવા મળ્યું છે.

આ બનાવમાં રેહાન હુસેન સમા, હુસેન ઈસુબ સમા અને આરીફ અબ્દુલ શેખના નામ સામે આવ્યા છે.અને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ ૧૧૭(૨), ૧૧૫(૨), ૩૫૨, ૫૪ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે આરોપીઓ વિરુદ્ધ કાર્યવાહી શરૂ કરી છે.

આ ઉપરાંત સામાપક્ષે પણ ફરિયાદ નોંધવામાં આવી છે. જેમાં ફરિયાદી અફસાનાબેનના દીકરા ફેઝાન અને આરોપીના દીકરા વચ્ચે બોલાચાલી થઈ હતી.

આ બાબતે ફરિયાદી અને તેમના પરિવારજનો આરોપીઓ સાથે વાતચીત કરવા જતા આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા. ત્યારબાદ આરોપીઓએ ફરીયાદી, તેમના પતિ અને પરિવારજનોને ગાળો આપી લાકડીઓથી માર માર્યો હતો, જેમાં તેમને ઈજાઓ પહોંચી હતી.

આ બનાવમાં આરોપી તરીકે હુશેનભાઈ અલારખા બેલીમ, અલારખાભાઈ મામદભાઈ બેલીમ અને વસીમભાઈ અલારખાભાઈ બેલીમના નામ સામે આવ્યા છે.

આ મામલે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ ૧૧૫(૨), ૩૫૨, ૫૪ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

# કાલાવડઃ પીઆઈ એ.એ.ખોખરની બદલી થતા ભાજપ દ્વારા શુભેચ્છા પાઠવી



**અબતક, રાજુ રામોલીયા, કાલાવડ**

કાલાવડ ટાઉન પોલીસ સ્ટેશન ના પી.આઈ. એ.એ. ખોખર ને પ્રમોશન સાથે એસીબીમાં બદલી થતા કાલાવડ ભાજપ પરિવાર દ્વારા સન્માન સાથે અભિવાદન કરવામાં આવ્યું. તેમની નિષ્ઠાપૂર્વકની સેવા અને કાયદો-વ્યવસ્થાના ક્ષેત્રે આપેલ યોગદાન બદલ આભાર વ્યક્ત કરી, નવી નિમણૂક માટે શુભકામનાઓ પાઠવવામાં આવી છે. આ તકે કાલાવડ શહેર ભાજપ પ્રમુખ નીરવ ભટ્ટ, પૂર્વ શહેર ભાજપ પ્રમુખ હસુભાઈ વોરા, જીલ્લા ભાજપ ઉપપ્રમુખ અભિષેક પટવા, ભાજપ અગ્રણી પ્રફુલભાઈ રાખોલિયા સહિતનાઓએ શુભકામનાઓ પાઠવી હતી.

# ધ્રોલમાં લોહાણા મહાજન આયોજીત શ્રીમદ્ ભાગવત સમાહ જ્ઞાનયજ્ઞનો લ્હાવો લેતા સાંસદ પૂનમબેન માડમ



**અબતક,સંજય ડાંગર,ધ્રોલ**

ધ્રોલ લોહાણા મહાજન દ્વારા જ્ઞાતિના સમસ્ત પિતૃઓના મોક્ષાર્થે એક અત્યંત સુંદર અને ભવ્ય શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આ આધ્યાત્મિક મહોત્સવ તા. ૨૬-૦૩-૨૦૨૬, ગુરુવારથી શરૂ થઈ તા. ૦૧-૦૪-૨૦૨૬ સુધી ભક્તિસભર વાતાવરણમાં યોજાઈ રહ્યો છે. આ જ્ઞાનયજ્ઞમાં સમાજના શ્રદ્ધાળુઓ દ્વારા કુલ ૧૯ પોથીઓ નોંધાવવામાં આવી છે, જે ભક્તિમય વાતાવરણને વધુ પ્રગાઢ બનાવી રહી છે.

કથાના પ્રથમ દિવસે માધવરાય મંદિરથી વાજતે-ગાજતે ભવ્ય પોથી યાત્રા નીકળી હતી, જે લોહાણા મહાજન વાડીએ વિરામ પામી હતી. જામનગરના સુપ્રસિદ્ધ કથાકાર શાસ્ત્રી હિતેષભાઈ (શ્રીરાધે) બાલકૃષ્ણભાઈ જોષી વ્યાસપીઠ પર બિરાજી પોતાની મધુર વાણીથી શ્રોતાઓને કથામૃતનું રસપાન કરાવી રહ્યા છે. દરરોજ સાંજે ૫ થી ૮ વાગ્યા સુધી વહેતી ભક્તિની આ સરવાણીમાં તરબોળ થવા માટે મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી રહ્યા છે. કથા વિરામ બાદ દરરોજ તમામ કથાશ્રાવકો માટે મહાપ્રસાદનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આ ધાર્મિક મહોત્સવના ચોથા દિવસે જામનગરના સાંસદ પૂનમબેન માડમે ખાસ હાજરી આપી હતી. તેમણે વ્યાસપીઠના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા અને આતકે આયોજકો સાથે મુલાકાત કરી હતી

# એરપોર્ટને મળી ‘ફ્લાયબ્રેરી’ અને ‘અવસર’ કેન્દ્રની ભેટ

## કેન્દ્રીય મંત્રી રામમોહન નાયડુના હસ્તે વર્ચ્યુઅલ લોકાર્પણઃ મુસાફરોને મળશે વાંચનનો આનંદ અને સ્થાનિક કારીગરોને મળશે વૈશ્વિક મંચ




જામનગર એરપોર્ટ પર મુસાફરોના અનુભવને વધુ સુખદ અને સાંસ્કૃતિક બનાવવા માટે બે નવી સુવિધાઓ - ‘ફ્લાયબ્રેરી’ અને ‘અવસર’ - નો શુભારંભ ૨૯ માર્ચ ૨૦૨૬ ના રોજ કરવામાં આવશે. કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામમોહન નાયડુ દ્વારા રાજકોટ આંતરરાષ્ટ્રીય વિમાનમથકથી વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા આ પ્રકલ્પોનું ઉદઘાટન કરવામાં આવશે.

આ નવી સુવિધાઓ અંતર્ગત ‘ફ્લાયબ્રેરી’ પહેલ દ્વારા મુસાફરોમાં વાંચન સંસ્કૃતિને પ્રોત્સાહન મળશે, જ્યાં પ્રવાસીઓ ઉડાનની રાહ જોતી વખતે પુસ્તકો વાંચી શકશે અથવા પ્રવાસ દરમિયાન સાથે લઈ જઈ શકશે. બીજી તરફ, ‘અવસર’ કેન્દ્ર દ્વારા જામનગરના સ્થાનિક કારીગરો દ્વારા નિર્મિત વિશ્વવિખ્યાત બાંધણી અને હસ્તકલાના નમૂનાઓનું પ્રદર્શન તથા વેચાણ કરવામાં આવશે. આ પહેલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ‘વોકલ ફોર લોકલ’ અને ‘આત્મનિર્ભર ભારત’ ના વિઝનને સાકાર કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે. સમગ્ર દેશના વિવિધ એરપોર્ટ પર ૫૭ જેટલા વિકાસલક્ષી પ્રકલ્પોના લોકાર્પણના ભાગરૂપે જામનગરને મળેલી આ ભેટથી પ્રવાસીઓની સુવિધામાં વધારો થવાની સાથે સ્થાનિક કલા-કસબીઓને પણ નવું બજાર અને આર્થિક પ્રોત્સાહન મળશે.

# ધ્રોલઃ લતીપુર ગામે સાંસદે ‘મન કી બાત’ કાર્યક્રમ નિહાળ્યો



**અબતક, સંજયડાંગર, ધ્રોલ**

ધ્રોલ તાલુકાના લતીપુર ગામે આજે રાષ્ટ્રભકિત અને સંગઠન શકિતના સંગમ સમાન વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. લતીપુર ખાતે કાર્યકર્તાઓ સાથે મળીને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી નો ૧૩૨મો ‘મન કી બાત’ કાર્યક્રમ નિહાળવામાં આવ્યો હતો. સકારાત્મક પરિવર્તન લાવતા સેવાકીય અને પ્રેરણાત્મક પ્રયાસોની આ ચર્ચાએ સૌ કાર્યકર્તાઓમાં નવી ઊર્જા, વિશ્વાસ અને રાષ્ટ્રસેવાનો પ્રેરણાદાયી સંકલ્પ જગાવ્યો હતો.

# કાલાવાડના પીપરમાં જુસબપીર ડાડાના ઉર્ષમાં સમુહ શાદીમાં ૧૩ યુગલોના થયા નિકાહ



**અબતક, રાજુ રામોલીયા, રાલાવડ**


કાલાવડ તાલુકા ના પીપર ગામે, હજરત જુસબપીર ડાડા ઉર્ષ કમિટી - પીપર દ્વારા ખુબ જ શાનો-સોખત થી હજરત જુસબપીર ડાડા નો ઉર્ષ ઉજવવામાં આવ્યો તેમજ સમૂહ શાદી નુ પણ આયોજન કરવામાં આવ્યું. જેમાં ૧૩ દીકરા - દીકરીઓ ની નિકાહ પઢાવવામાં આવી. આ સમૂહ શાદી માં સુન્ની સુમરા સમાજ ના અગ્રણીઓ, પ્રવક્તાઓ , આજુ બાજુના ઘણા ગામના સુમરા જમાત ના આગેવાનો, સુન્ની સુમરા જમાત ના અલગ અલગ કમિટી ના આગેવાનો, તેમજ મુસ્લિમ સમાજ ના ઘણા આગેવાનો પણ હાજર રહ્યા હતા. અંદાજિત ૬૦૦૦ થી ૭૦૦૦ થી પણ વધુ લોકો એ હાજરી આપી હતી. આમ ખુબ જ સરસ ઉર્ષ મુબારક તેમજ સમૂહ શાદી નુ શાનદાર આયોજન થયું હતુ.

# સૌરાષ્ટ્ર-કચ્છના ૧૨ જિલ્લામાં ૩૯૭૬ આવાસોનું કાલે વડાપ્રધાનના હસ્તે લોકાર્પણ

## રાજ્યમાં રૂ.૬૫૧ કરોડના ખર્ચ નિર્માણ પામેલા ૩૮,૯૪૯ આવાસોનું આવતીકાલે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા લોકાર્પણ કરાશે

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આવતીકાલે ગુજરાતના મહેમાન બની રહ્યા છે. તેઓના હસ્તે સૌરાષ્ટ્ર-કચ્છના ૧૨ જિલ્લાના ૩૯૭૬ આવાસ સહિત રાજ્યમાં રૂ.૬૫૧ કરોડના ખર્ચ નિર્માણ પામેલા ૩૮,૯૪૯ આવાસનું લોકાર્પણ કરવામાં આવશે.



વડાપ્રધાનના હસ્તે પંચમહાલમાં રૂ.૧૭૯.૧૮ કરોડના ખર્ચે ૧૦,૫૭૨ આવાસો, સૌરાષ્ટ્ર અને કચ્છના ૧૨ જિલ્લાઓમાં રૂ.૬૬.૫૪ કરોડના ખર્ચે ૩,૯૭૬ આવાસો, મહીસાગરમાં રૂ.૫૪.૫૭ કરોડના ખર્ચે ૩,૨૨૨ આવાસો, નર્મદામાં રૂ.૩૯.૬૯ કરોડના ખર્ચે ૨,૩૬૭ આવાસો, ખેડામાં રૂ.૩૯.૬૭ કરોડના ખર્ચે ૨,૩૪૫ આવાસો અને મહેસાણામાં રૂ.૩૮.૫૭ કરોડના ખર્ચે ૨,૨૮૧ આવાસો, દાહોદમાં રૂ.૩૦.૫૭ કરોડના ખર્ચે ૧,૮૦૪ આવાસો, સાબરકાંઠામાં રૂ.૨૮.૮૯ કરોડના ખર્ચે ૧,૭૧૭ આવાસો, છોટાઉદેપુરમાં રૂ.૨૮.૪૫ કરોડના ખર્ચે ૧,૬૯૪ આવાસો, અરવલ્લીમાં રૂ.૨૪.૩૧ કરોડના ખર્ચે ૧,૫૫૬ આવાસો, પાટણમાં રૂ.૨૦.૮૮ કરોડના ખર્ચે ૧,૨૩૭ આવાસો અને તાપીમાં રૂ.૧૫.૮૮ કરોડના ખર્ચે ૯૪૯ આવાસો, સુરતમાં રૂ૧૫૨૯ કરોડના ખર્ચે ૯૩૩ આવાસો, વલસાડમાં રૂ.૧૩.૩૭ કરોડના ખર્ચે ૮૩૪ આવાસો, બનાસકાંઠામાં રૂ.૧૧.૫૬ કરોડના ખર્ચે ૬૯૯ આવાસો, ડાંગમાં રૂ.૯.૯૫ કરોડના ખર્ચે ૬૭૮ આવાસો, નવસારીમાં રૂ.૯.૭૦ કરોડના ખર્ચે ૬૨૭ આવાસો, અમદાવાદમાં રૂ.૫.૭૬ કરોડના ખર્ચે ૩૪૫ આવાસો, વાવ-થરાદમાં રૂ.૫.૧ કરોડના ખર્ચે ૩૦૦ આવાસો, ભરૂચમાં રૂ.૪.૧૪ કરોડના ખર્ચે ૨૬૩ આવાસો, ગાંધીનગરમાં રૂ.૩.૯ કરોડના ખર્ચે ૨૩૦ આવાસો, વડોદરામાં રૂ.૨.૮૭ કરોડના ખર્ચે ૧૮૨ આવાસો અને આણંદમાં રૂ.૨.૧૭ કરોડના ખર્ચે ૧૩૮ આવાસોનું લોકાર્પણ કરાશે.

પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) એટલે ગ્રામીણ વિસ્તારોમાં રહેતા ઘરવિહોણા અને કાચા મકાનો ધરાવતા પરિવારોને સન્માનપૂર્વકનું જીવન આપવા માટેની કેન્દ્ર સરકારની મહત્વકાંક્ષી યોજના. આ યોજના માત્ર ઈંટ-પથ્થરનું મકાન નથી આપતી, પરંતુ સન્માન, સુરક્ષા અને સ્થિરતાનું ઘર આપી રહી છે. જેને પરિપૂર્ણ કરવા રાજ્ય સરકાર પણ કટિબદ્ધ છે. આગામી તા. ૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં નવનિર્મિત કુલ ૩૮,૯૪૯ આવાસોનું રાજ્યવ્યાપી લોકાર્પણ કરવામાં આવશે. અંદાજે રૂ.૬૫૧ કરોડના ખર્ચે તૈયાર થયેલા આ આવાસો ગરીબ પરિવારોના જીવનમાં સુખ અને સમૃદ્ધિનો નવો સૂરજ લાવશે. જ્યારે ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬માં સૌથી વધુ ૧,૨૦,૩૮૧ આવાસોનું નિર્માણ કરીને લાભાર્થીઓને રૂ.૧૦૩૭.૮૪ કરોડની સહાય તેમજ ૧૦૦ ટકા રાજ્ય ફાળા હેઠળ રૂ. ૪૭૦ કરોડથી વધુની સહાય આપવામાં આવી છે, જે 'અવિરત ગુજરાત, વિકસિત ગુજરાત'ના સૂત્રને ચરિતાર્થ કરે છે. પીએમજેવાય-જી હેઠળ કેન્દ્ર અને રાજ્ય સરકારના ૬૦:૪૦ના હિસ્સા સાથે લાભાર્થીને કુલ રૂ.૧.૨૦ લાખની તબક્કાવાર સહાય આપવામાં આવે છે. આ ઉપરાંત રાજ્ય સરકારે વિશેષ જોગવાઈઓ કરી છે જેમાં રૂફ-કાસ્ટ લેવલે ૧૦૦ ટકા રાજ્ય ફાળા હેઠળ રૂ. ૫૦ હજારની વધારાની સહાય આપવામાં આવે છે. વધુમાં પ્રથમ હપ્તો મળ્યાના ૬ માસમાં આવાસ પૂર્ણ કરનારને રૂ.૨૦ હજારની પ્રોત્સાહક સહાય અને મહિલા સભ્યોની સુવિધા માટે બાથરૂમ બાંધકામ માટે વધારાના રૂ.૫ હજારની સહાય આપવામાં આવે છે. વધુમાં, લાભાર્થીઓને મનરેગા હેઠળ ૯૦ દિવસની રોજગારી પેટે રૂ. ૨૫,૯૨૦ અને સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) હેઠળ શૌચાલય માટે રૂ.૧૨ હજારની સહાય પણ મળવાપાત્ર છે. રાજ્ય સરકાર દ્વારા 'આવાસ પ્લસ સર્વેક્ષણ ૨૦૨૪' દ્વારા બાકી રહી ગયેલા પાત્ર પરિવારોને પણ આવરી લેવાની કામગીરી ચાલુ છે, જેથી વિકસિત ગુજરાત૨૦૪૭ના લક્ષ્યને પ્રાપ્ત કરીને વડાપ્રધાનના વિકસિત ભારતના વિઝનને સાકાર કરી શકાય.

પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ રાજ્યમાં વર્ષ ૨૦૧૬-૧૭થી ૨૦૨૪-૨૫ સુધીમાં કેન્દ્ર સરકાર દ્વારા કુલ ૮,૩૮,૩૯૬ આવાસનો લક્ષ્યાંક ફાળવવામાં આવ્યો હતો, જે પૈકી ૮,૨૯,૨૨૧ આવાસો મંજૂર કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૬,૯૨,૫૫૪ પરિવારોએ પોતાના સપનાના ઘરનું નિર્માણ પૂર્ણ કર્યું છે અને આ યોજના પાછળ કુલ રૂ.૯,૦૮૩.૬૮ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

### સાણંદમાં સેમિકન્ડક્ટર ઓસત પ્લાન્ટનું ઉદ્ઘાટન કરશે

**કેન્સ સેમિકોન દ્વારા સાણંદમાં રૂ.3300 કરોડના ખર્ચે પ્લાન્ટનું નિર્માણ, ભારતના સેમિકન્ડક્ટર મિશનને મળશે ગતિ**

૩૧ માર્ચના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાણંદમાં કેન્સ સેમિકોનની ઓસત સુવિધાનો શુભારંભ કરાવશે. ભારતના સેમિકન્ડક્ટર મિશન અંતર્ગત આ પ્રોજેક્ટને કેન્દ્રીય કેબિનેટ દ્વારા ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૪માં મંજૂરી આપવામાં આવી હતી. રૂ.૩૩૦૦ કરોડના ખર્ચે આ પ્રોજેક્ટ શરૂ થવાથી સાણંદમાં સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમ વધુ મજબૂત બનશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જણાવ્યા અનુસાર ભારતમાં સેમિકન્ડક્ટર ક્ષેત્રના વિકાસથી આ દાયકો ટેક ફ્યુચરનો સૌથી મોટો ટર્નિંગ પોઈન્ટ સાબિત થશે. ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ માઈક્રોન સેમિકન્ડક્ટર પ્લાન્ટનો શુભારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે તેમણે પ્રોજેક્ટની ગતિશીલતા પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, જૂન-૨૦૨૩માં આ સુવિધા માટે એમઓયુ થયા, સપ્ટેમ્બરમાં ખાતમુહૂર્ત થયું અને આજે ફેબ્રુઆરી-૨૦૨૬માં કોમર્શિયલ પ્રોડક્શન પણ શરૂ થઈ ગયું છે. વિશ્વના વિકસિત દેશોમાં પણ આવી મંજૂરીઓ અને પ્રક્રિયાઓમાં વર્ષો નીકળી જતા હોય છે, પરંતુ ભારતે આ અશક્ય કામ માત્ર ૯૦૦ દિવસમાં પૂર્ણ કરીને બતાવ્યું છે. જ્યારે દાનત સાફ હોય અને નિષ્ઠા દેશના વિકાસ પ્રત્યે હોય, ત્યારે નીતિ સ્પષ્ટ બને છે અને નિર્ણયોમાં પણ ગતિ આપોઆપ આવી જતી હોય છે.


ભારત હવે આ વૈશ્વિક સેમિકન્ડક્ટર વેલ્યૂ ચેઈનનો ખૂબ જ મહત્વનો હિસ્સો બની રહ્યું છે. તેમણે ઉમેર્યું કે, કોવિડના મુશ્કેલ સમયમાં વાવેલા બીજ આજે વટવૃક્ષ બનીને ફળ આપી રહ્યા છે અને અત્યાર સુધીમાં સેમિકોન ઈન્ડિયા પ્રોગ્રામ હેઠળ ૧૦ મોટા પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી છે, જેમાંથી ચાર પ્રોજેક્ટ ગુજરાતમાં આકાર લઈ રહ્યા છે.

# શ્રમિકોને પાંચ કિલોના ગેસ સિલિન્ડર આપશે સરકાર

## નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ વિવિધ ઈન્ડસ્ટ્રીઝના પ્રતિનિધિઓ સાથે યોજી બેઠક

**અબતક, રાજકોટ**

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુધ્ધ સંઘર્ષ અને વૈશ્વિક કટોકટીની પરિસ્થિતિને ધ્યાને લઈને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના અધ્યક્ષસ્થાને સુરત ખાતે સુરત તેમજ અંકલેશ્વર, વાપી, ભરૂચ સહિતની દક્ષિણ ગુજરાતના વિવિધ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રતિનિધિઓ સાથે કામદારો, ગેસ સપ્લાયને લગતા પ્રશ્નો બાબતે ઉચ્ચતરીય સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં ઉદ્યોગ મંડળો અને રાજ્યના ઉચ્ચ અધિકારીઓ વચ્ચે ગેસ સપ્લાય અને કારીગરોની વ્યવસ્થાઓ જેવા મહત્વપૂર્ણ વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં નાયબ મુખ્યમંત્રીએ કહ્યું કે, રાજયમાં હાલમાં ગેસ, પેટ્રોલ, ડિઝલ સહિતની આવશ્યક ચીજવસ્તુઓનો પુરતો પુરવઠો ઉપલબ્ધ છે. પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા મુજબ પુરવઠાની સપ્લાય કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે, જે સ્થળોએ પી.એન.જી. કનેકશનો હોય અને લોકો એલ.પી.જીનો ઉપયોગ કરતા હોય તેઓને ઝડપથી પી.એન.જી. કનેકશનો આપવા માટે ગુજરાત ગેસ કંપનીની અધિકારીઓને જણાવ્યું હતું. આ ઉપરાંત ગેસ કંપનીની મેઈન લાઈનોની નજીકના સ્થળોને સત્વરે કનેકશનો પુરા પાડવા જણાવ્યું હતું.



બેઠકમાં જિલ્લા પુરવઠા અધિકારી દર્શન શાહે ભારત સરકારની ગાઈડલાઈન મુજબ હાલમાં એલ.પી.જી. ગેસ જથ્થાની ધરેલુ, શૈક્ષણિક, હોસ્પિટલ, ઈન્ડસ્ટ્રિઝોને કરવામાં આવતી સપ્લાયની વિગતો રજુ કરી હતી. બેઠકમાં વિવિધ ઈન્ડસ્ટ્રીઝના પ્રતિનિધિઓએ પોતાની રજુઆતો કરી હતી. બેઠકમાં

(અનુ. આઠમા પાને)

# બુધવારે આખરી મતદાર યાદી પ્રસિધ્ધ ગુરૂવારે ચૂંટણીની તારીખ જાહેર થશે?

## એપ્રિલ માસના અંતમાં મતદાનની શક્યતા

**અબતક, રાજકોટ**

રાજ્ય ચૂંટણી પંચ દ્વારા ગત ૨૩ માર્ચના રોજ પ્રાથમિક મતદાર યાદી પ્રસિધ્ધ કરવામાં આવી છે. દરમિયાન આગામી બુધવારે આખરી મતદાર યાદી પ્રસિધ્ધ કરવામાં આવશે. સંભવતઃ ગુરૂવારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની તારીખ જાહેર કરી દેવામાં આવશે.

રાજ્યની ૧૫ મહાનગરપાલિકાઓ, ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયતો, ૨૬૦ તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તથા નગરપાલિકાઓની ખાલી પડેલ બેઠકોની પેટા ચૂંટણી આગામી સમયમાં યોજવાની થાય છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી હેઠળની સંસ્થાઓની મતદારયાદી તૈયાર કરી, તેની તા.૨૩ માર્ચના રોજ પ્રાથમિક પ્રસિધ્ધિ કરવા જણાવવામાં આવી છે.

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના સંબંધિત કાયદા અને નિયમોમાં થયેલ જોગવાઈ મુજબ, ગુજરાત વિધાનસભાની તૈયાર થયેલ અદ્યતન મતદારયાદીના આધારે તૈયાર કરવામાં આવેલ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી હેઠળની સંસ્થાઓની મતદાર યાદી (પુરવણી સહિત)ની આખરી પ્રસિધ્ધિ ૧-એપ્રિલના રોજ નિયમાનુસાર નક્કી થયેલ સ્થળોએ કરવાની રહેશે અને મતદારયાદી (પુરવણી સહિત)ની આખરી પ્રસિધ્ધિ અંગેનો અહેવાલ અત્રે મોકલી આપવાનો રહેશે.

જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની મતદાર વિભાગવાર આખરી પ્રસિધ્ધ થયેલ મતદારયાદીઓમાં ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ-૨૦(૬) અનુસાર રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંકઃ રાચપ-ચટણ-પંચત-મતય-૯૫, તા.૦૩-૦૫-૧૯૯૫ મુજબ જિલ્લા/તાલુકા પંચાયતોના મતદાર વિભાગોની ચૂંટણી માટે ઉમેદવારી પત્રો રજૂ કરવાની છેલ્લી તારીખ પહેલાંની તારીખ સુધી નવીન નામો દાખલ કરી શકાશે, નામ સુધારો કરી શકશે અને નામો કમી કરી શકાશે. જે બાબત સર્વે મતદાર નોંધણી

(અનુ. આઠમા પાને)

# ભાવનગર-નવી મુંબઈ વચ્ચે ઈન્ડિગો દ્વારા નવી ફલાઈટ શરૂ કરાય

## ઈન્ડિગો એરલાઈન્સે રાજકોટ સહિતના શહેરો માટે નવા 30 રૂટ જાહેર કર્યા

**અબતક, રાજકોટ**

વર્ષે ઓકટોબર મહિનામાં ઉદઘાટન થયા બાદ નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ફ્લાઈટ ઓપરેશન સતત વધારવામાં આવી રહ્યું છે. રવિવારે ઈન્ડિગો એરલાઈન્સે નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી 30 નવા રૂટ પર ફ્લાઈટ્સ શરુ કરવાની જાહેરાત કરી છે. ઈન્ડિગો એરલાઈન્સે નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટથી આગરા, અયોધ્યા, બાગડોગરા, બેલગામ, ચંદીગઢ, દીવ, કન્નુર, કોલકાતા, પટના, રાજકોટ, શ્રીનગર, વારાણસી, વિશાખાપટ્ટનમ અને અન્ય ઘણા શહેરો માટે નવા રૂટ્સની જાહેરાત કરી છે.

ઈન્ડિગો એરલાઈન્સે જણાવ્યું કે એરલાઈન નવી મુંબઈ એરપોર્ટથી દર અઠવાડિયે ૪૦૦ થી વધુ ડિપાર્ચર ઓપરેટ કરશે, જે મુસાફરોને આરામદાયક મુસાફરી વિકલ્પો પુરા પાડશે અને દેશના વિવિધ ભાગોમાં પ્રાદેશિક કનેક્ટિવિટી વધારશે. ઈન્ડિગો એરલાઈન્સના જણાવ્યા મુજબ ૨૩ એપ્રિલ સુધી નવા રૂટનો ઉમેરો કરવામાં આવશે.

ઈન્ડિગોએ એવી પણ જાહેરાત કરી કે રવિવારથી ભાવનગર અને નવી મુંબઈ વચ્ચે દિવસમાં બે વાર સીધી ફ્લાઈટ્સ શરૂ કરવામાં આવી છે. આ રૂટ માટે ઈન્ડિગોના એટીઆર એરક્રાફ્ટનો ઉપયોગ કરવામાં આવશે. ઈન્ડિગોએ જણાવ્યું કે ઈન્ડિગો ગુજરાતના છ શહેરોથી ફ્લાઈટ ઓપરેટ કરી રહી છે, જેમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર અને જામનગરનો સમાવેશ થાય છે, ઈન્ડિગો ગુજરાતથી દર અઠવાડિયે ૧,૪૦૦ થી વધુ ફ્લાઈટ્સ ઓપરેટ કરી રહી છે.

**રાજકોટના મવડી-કણકોટ રોડ પર**

# સહકારી અગ્રણીની કારે વૃદ્ધ સંજય કાલરીયાને કચડી નાખ્યા

## સવારે આઠ વાગ્યે મોટરસાયકલ લઈને શાપર ખાતે નોકરીએ જવા નીકળેલા ૬૨ વર્ષીય વૃદ્ધને ઠોકરે લેતા ઘટનાસ્થળે જ મોત નિપજ્યુંઃ ત્રણ સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના મવડી-કણકોટ રોડ પર સહકારી અગ્રણીની કારએ ૬૨ વર્ષિય વૃદ્ધન ઠોકરે ચડાવી મોતને ઘાટ ઉતારી દીધા હતા. બનાવને પગલે સ્થાનિકોના ટોળાં એકત્રિત થઈ ગયા હતા અને અકસ્માત સર્જી કાર રેઢી મૂકી નાસી જનાર ચાલકને તાત્કાલિક ઝડપી લેવાની માંગ સાથે રસ્તો બ્લોક કરી દીધો હતો. જેને પગલે તાલુકા પોલિસની ટીમો ઘટનાસ્થળે દોડી







ગઈ હતી અને સમજાવટ કરવા પ્રયત્નો હાથ ધર્યા હતા.

સમગ્ર ઘટના અંગે પોલિસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર રાજકોટ શહેરના જીવરાજપાર્કમાં ફ્લોરા નેસ્ટ એપાર્ટમેન્ટ ખાતે રહેતા મૂળ ભાણવડ પંથકના ૬૨ વર્ષીય

(અનુ. આઠમા પાને)

**અકસ્માતને પગલે સ્થાનિકો વિફર્યા, રસ્તો બ્લોક કરી દીધો તાલુકા પોલીસની ટીમો દોડી ગઈ**

# રાજકોટમાં ભાજપની સૌરાષ્ટ્ર ઝોનની મહત્વપૂર્ણ ચૂંટણીલક્ષી બેઠક

## પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા સંગઠન મહામંત્રી રત્નાકરજી, મહામંત્રી ડો. પ્રશાંત કોરાટ, અનિરૂધ્ધ દવે અને હિતેન્દ્રસિંહ ચૌહાણ પણ ઉપસ્થિતિ

### સ્થાનિક સ્વરાજયની આગામી ચૂંટણીમાં બુથ લેવલ સુધીનું માઈક્રો પ્લાનીંગ કરવા ધારાસભ્યો, સાંસદો, જિલ્લા-મહાનગરના પ્રમુખ અને પ્રભારીઓને અપાયું માર્ગદર્શન





**અબતક, રાજકોટ**

ગુજરાતમાં ચાલુ સપ્તાહે હવે ગમે ત્યારે સ્થાનીક સ્વરાજયની ચુંટણીની તારીખ જાહેર થઈ જાય તેવી શકયતા જણાય રહી છે. સત્તાધારી પાર્ટી ફુલ ફલેઝમાં ઈલેકશન મોડમાં આવી ગઈ છે. બે દિવસ પૂર્વ સુરત ખાતે દક્ષીણ ઝોન અને વડોદરા ખાતે મધ્ય ઝોનની બેઠક યોજાયા બાદ આજે રાજકોટમાં પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા અને સંગઠન મહામંત્રી રત્નાકરજીની વિશેષ ઉપસ્થિતિ અને અધ્યક્ષતામાં સૌરાષ્ટ્ર ઝોનની મહત્વપૂર્ણ ચૂંટણી લક્ષી બેઠક યોજાઈ હતી. જેમાં સૌરાષ્ટ્રભરના તમામ ધારાસભ્યો, સાંસદો, જિલ્લા અને મહાનગરના પ્રભારીઓ- પ્રમુખ સહિત ૧૮૦૦ જેટલા નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં સ્થાનીક સ્વરાજયની આગામી ચુંટણીમાં બથ લેવલ સુધીનું માઈક્રો પ્લાનીંગ કરવા માટે જરુરી માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

(અનુ. આઠમા પાને)

### ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટા ચૂંટણી માટે પ્રદિપસિંહ જાડેજાની પ્રભારી તરીકે નિયુકિત

ગુજરત વિધાનસભાની ઉમરેઠ બેઠકના ધારાસભ્યનું તાજેતરમાં નિધન થતા ખાલી પડેલી બેઠક માટે આગામી માસમાં ચુંટણી યોજવાની છે. ભાજપ દ્વારા આ બેઠક માટે ચુંટણી પ્રભારી અને ચુંટણી ઇન્ચાર્જની નિમણુંક કરવામાં આવી છે. રાજય સરકારના પૂર્વ મંત્રી, પ્રદેશ ભાજપના વિશેષ આમંત્રીત કારોબારી સભ્ય પ્રદિપસિંહ જાડેજાની પ્રભારી તરીકે જયારે આણંદ જીલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ હસમુખભાઇ પટેલની ચુંટણી ઇન્ચાર્જ તરીકે નિયુકિત કરવામાં આવી છે.

### અન્ન ભેગા તેના મન ભેગાઃ ૫૮૦ મંડળોમાં ભાજપના કાર્યકરો - આગેવાનોએ સાથે કર્યુ હરિહર

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'મન કી બાત' કાર્યક્રમના ૧૩૨ માં એપિસોડ અન્વયે આ વખતે ગુજરાત ભાજપા દ્વારા રાજયના તમામ ૫૮૦ મંડલોમાં 'મન કી બાત, ટિફિન કે સાથ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં અંદાજિત સવા લાખ થી વધુ કાર્યકર્તાઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમ અંતર્ગત ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા મહેસાણા જિલ્લાના બેચરાજી ખાતે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ કર્ણાવતી મહાનગરના થલતેજ વોર્ડ ખાતે તથા પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી આણંદ તાલુકાના ઉમરેઠ ખાતે આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત થયા હતાં. રાજય સરકારના મંત્રી ઓ, પ્રદેશ સંગઠનના પદાધિકારીઓ, સાંસદઓ, ધારાસભ્યઓ સહિત ભાજપા આગેવાનો અને અગ્રણીઓ સંગઠનની યોજના અનુસાર નિયત સ્થાનોએ ઉપસ્થિત રહ્યાં હતાં. સમગ્ર રાજયના બુથસ્તર સુધીના કાર્યકર્તાઓ આ કાર્યક્રમમાં જોડાયા હતા.

બેચરાજી પધારેલા ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માએ શક્તિપીઠ બહુચરાજી મંદિર ખાતે દર્શન-પૂજન કરી વલ્લભ ભટ્ટ ની વાવ ખાતે તેઓએ કાર્યકર્તાઓ સાથે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'મન કી બાત' કાર્યક્રમનો ૧૩૨ મો એપિસોડ નિહાળ્યો હતો. આ પ્રસંગે કાર્યકર્તાઓને સંબોધતા તેમણે જણાવ્યું હતું કે, આ વખતે મંડલ સ્તરે 'મન કી બાત, ટિફિન કે સાથ' કાર્યક્રમનું વિશિષ્ટ રીતે આયોજન કરવામાં આવ્યું છે. આગામી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના અનુસંધાને પ્રત્યેક બુથના પ્રત્યેક ઘર સુધી જનસંપર્કને વધુ સુદ્રઢ અને પ્રભાવી બનાવવા અંગે તેઓએ વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું.